પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

કડવું સત્ય બોલનારા લોકો ખોટા દિલાસા દેવાંવાળા લોકો કરતાં લાખ ગણાં સારા હોય છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૫-૩-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૫

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


અબ આયા ઊંટ પહાડ કે નીચે!

## ટ્રમ્પે ઈસ્લામાબાદમાં બેઠક યોજતા પહેલા મોદીની ‘સલાહ’ લીધી

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખુલ્લો રહેવો એ માત્ર ભારત માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વની આર્થિક સ્થિરતા માટે અનિવાર્યઃ મોદીની કૂટનીતિ

**અબતક, નવી દિલ્હી**


પશ્ચિમ એશિયામાં સર્જાયેલા યુદ્ધના માહોલ વચ્ચે હવે ખરા અર્થમાં 'ઊંટ પહાડ નીચે આવ્યું' હોય તેવું લાગી રહ્યું છે. ઈરાન સામે સૈન્ય કાર્યવાહીના નગારા વગાડતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક પીછેહઠ કરી છે અને હવે તેઓ શાંતિ વાટાઘાટોના મૂડમાં દેખાય છે. આ આખી રમત પાછળ ભારતનો પ્રભાવ કેટલો છે, તેનો પુરાવો



મંગળવારે મળ્યો જ્યારે ટ્રમ્પે પાકિસ્તાન દ્વારા પ્રસ્તાવિત શાંતિ મંત્રણામાં ભાગ લેતા પહેલા સીધો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન લગાવ્યો હતો.

ટ્રમ્પ પ્રશાસન હવે ઈરાન સાથે વાતચીત કરવા માટે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સને પાકિસ્તાન મોકલવાનું વિચારી રહ્યું છે. પરંતુ, ઈસ્લામાબાદમાં થનારી આ મહત્વની મીટિંગ અને સંભવિત મધ્યસ્થી પહેલા ટ્રમ્પે પીએમ મોદી સાથે 'યુઝફુલ એક્સચેન્જ ઓફ વ્યુઝ' (ઉપયોગી વિચારોનું આદાનપ્રદાન) કર્યું હતું. જાણકારોનું માનવું છે કે, ટ્રમ્પ જાણતા હતા કે આ વિસ્તારમાં ભારતનો દબદબો અને ઈરાન સાથેના

(અનુ. આઠમા પાને)



### ૨.૩ લાખ ટન રાંધણગેસના પાંચ જહાજો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયા

ભારત સરકાર દ્વારા મંગળવારે પુષ્ટિ કરવામાં આવી છે કે આશરે ૨.૩ લાખ ટન રાંધણગેસ (એલપીજી)લઈને આવી રહેલા ભારતીય ધ્વજ ધરાવતા પાંચ ટેન્કરો હાલમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝની પશ્ચિમ દિશામાં રોકાયેલા છે. શિપિંગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પાંચ પૈકી બે મુખ્ય જહાજો, 'પાઈન ગેસ' અને 'જગ વસંત', ચાલુ અઠવાડિયે જ ભારતના ન્યૂ મેંગલોર અને કંડલા બંદરે પહોંચવાની અપેક્ષા છે. મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ સ્પષ્ટતા કરી હતી કે હોર્મુઝ એ એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ હોવાથી ત્યાંથી પસાર થવા માટે કોઈ પણ દેશની ખાસ પરવાનગીની જરૂર નથી અને આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ દરેક દેશને ત્યાંથી અવરજવર કરવાનો અધિકાર છે. જોકે, વર્તમાન ભૌગોલિક-રાજકીય તણાવને જોતા જહાજોની સુરક્ષા આકારણી અને યોગ્ય સમયની પસંદગી કરવી અનિવાર્ય છે. હાલમાં આ વિસ્તારમાં કુલ ૨૦ જેટલા ભારતીય જહાજો હોવાનું મંત્રાલયે જણાવ્યું છે.

ઈરાન મચક નહીં આપે તેવી ટ્રમ્પને ભીતિ

### 3000 એરબોર્ન સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ તૈનાત કરતું અમેરિકા



અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો ફરી એકવાર ગંભીર વળાંક પર આવી ગયા છે. તાજેતરના અહેવાલો મુજબ, ટ્રમ્પ પ્રશાસને મધ્ય પૂર્વમાં પોતાની પકડ મજબૂત કરવા માટે તેની સૌથી ઝડપી સ્ટ્રાઈક ફોર્સ ગણાતી ૮૨ક્ષમ એરબોર્ન ડિવિઝન ના આશરે ૩,૦૦૦ સ્પેશ્યલ પેરાટ્રૂપર્સને રવાના કર્યા છે.રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ડોનાલ્ડ ટ્રમ્પને ભીતિ છે કે ઈરાન નરમ વલણ અપનાવવાને બદલે વળતો પ્રહાર કરી શકે છે. ઈરાન મચક આપવા તૈયાર નથી તેવા સંકેતો મળતા જ અમેરિકાએ પોતાની 'રેડી-ટુ-ફાઈટ' ગણાતી ફોર્સને એલર્ટ મોડ પર મૂકી દીધી છે. આ તૈનાતી માત્ર પ્રદર્શન નથી, પરંતુ કોઈ પણ કટોકટીમાં ગણતરીના કલાકોમાં કાર્યવાહી કરવાની તૈયારી છે. આ ફોર્સ દુનિયાના કોઈપણ ખૂણે માત્ર ૧૮ કલાકમાં પહોંચીને મોરચો સંભાળવાની ક્ષમતા ધરાવે છે.આ એ જ યુનિટ છે જેણે બીજા વિશ્વયુદ્ધમાં નાઝી શાસિત ફ્રાન્સમાં પેરાશૂટ દ્વારા ઉતરીને જર્મન સેનાના છક્કા છોડાવ્યા હતા.આ સૈનિકો એરપોર્ટ કબજે કરવા, મહત્વના બ્રિજ સુરક્ષિત કરવા અને દુશ્મનની પાછળ જઈને ગેરિલા યુદ્ધ લડવામાં માહેર ગણાય છે.

યુદ્ધના વાદળો વિખેરાયા

## સોના-ચાંદી સાથે શેરબજાર પણ ખીલ્યુંઃ સેન્સેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનો ઉછાળો

### એમસીએક્સ પર ચાંદીના ભાવમાં રૂ.૧૨૫૦૦ અને સોનાના ભાવમાં રૂ.૫૩૦૦નો ઉછાળોઃ ડોલર સામે રૂપીયો થોડો નરમ

**અબતક, રાજકોટ**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૪ દિવસથી ચાલી રહેલુ ભિષણ યુધ્ધ હવે પૂર્ણ થાય તેવી આશા ઉભી થતા ભારતીય શેર બજાર અને બુલિયન બજારમાં તેજીનો સુર્યોદય થયો છે. આજે સોના-ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળા જોવા મળ્યા હતા. જયારે સેન્સેકસ અને નિફટી પણ ઉછળ્યા હતા. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો થોડો નરમ દેખાતો હતો.



ઈરાન અને અમેરિકા હવે યુધ્ધથી થાકયા હોય તેવું લાગી રહ્યું છે. બંને દેશોએ યુદ્ધ વિરામ માટે વાતચીત કરવા તૈયાર થઈ રહ્યા છે. જે ભારત સહિત વિશ્વભરના દેશો માટે ખૂબ જ સારી નિશાની છે. યુધ્ધના વાદળો વિખેરાવાની શકયતા દેખાવા લાગતા શેર બજાર અને બુલિયન બજારમાં જોરદાર તેજી જોવા મળી હતી.

આજે ઈન્ટ્રા ડેમાં સેન્સેકસે ૭૫ હજારની સપાટી કુદાવી હતી. સેન્સેકસે ૭૫૮૪૯.૭૬ની સપાટી હાંસલ કરી હતી જયારે સરકીને ૭૪૫૫૦.૪૭ સુધી સરકી ગયો હતો. જયારે નિફટીએ પણ ૨૩ હજારની સપાટી કુદાવી હતી. અને ૨૩૪૬૫.૩૫ની દિવસ દરમિયાનની ઉપલી સપાટી હાંસલ કરી હતી. નીચલી સપાટી ૨૩૦૬૩.૨૦ રહેવા પામી હતી.

બેંક નિફટીમાં ૧૧૦૦ પોઈન્ટ અને નિફટી મીડકેપ ૧૦૦મા ૧૨૭૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. આજે સન્માન કેપીટલ, કયાંન્સ ટેક, પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ, સોલાર ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, લાર્સન, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, વોડાફોન આઈડીયા, યશ બેંક, સુઝલોન એનર્જી, સીસીએલ પ્રોડકટસ, એમ શ્યોર ફાર્મર્સ સહિતની કંપનીના શેરોના ભાવમાં ઉછાળો નોંધાયો હતો. જયારે ઓઈલ ઈન્ડીયા, યુનાઈટેડ સ્પીરીટ ટેક મહિન્દ્રા, સહિતની કંપનીના શેરોના ભાવ તુટયા હતા.

બુલીયન બજારમાં ફરી તેજીનો સૂર્યોદય થયો છે. આજે સોનાના ભાવમાં રૂ. ૫૪૦૦નો ઉછાળો જોવા મળ્યો હતો. હાલ એમસીએકસ પર પ્રતિ ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ.૧,૪૪,૩૦૦ ચાલી રહ્યા છે. આજે સોનું વાયદા બજારમાં રૂ. ૧,૪૪,૭૫૦ સુધી ઉંચકાયો હતો. જયારે નીચલી સપાટી રૂ.૧૪૩૦૭૯ રહેવા પામી હતી. જયારે ચાંદીના ભાવમા રૂ.૧૨૦૦૦થી વધુનો ઉછાળો રહ્યો હતો. વાયદા બજારમાં એક કિલો ચાંદીના ભાવ રૂ.૨,૩૭,૧૬૮ સુધી ગયા હતા. જયારે નીચલી સપાટી રૂ.૨૩૨૯૦૦ રહ્યા હતા. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો ૬ પૈસા નરમ દેખાતો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૩૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૫૩૫૮ અને નિફટી ૪૦૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૩૧૬, બેંક નિફટી ૧૨૪૭ પોઈન્ટના ઉછાળા સાથે ૫૩૮૫૨ પોઈન્ટ પર અને નિફટી મીડકેપ ૧૦૦ ૧૩૬૮ પોઈન્ટના ઉછાળા સાથે ૫૫૪૫૫ પર કામકાજ કરી રહ્યા છે.

ડોલર સામે રૂપીયો ૭ પૈસાની નરમાશ સાથે ૯૩.૯૪ પર ટ્રેડ કરી રહ્યો છે.

## સંકટની સ્થિતિમાં તમામ પક્ષોને સાથે રાખવા સરકારે બેઠક યોજી

### પશ્ચિમ એશિયા સંઘર્ષથી ઊર્જા પુરવઠા પર અસર અને અખાતી દેશોમાં વસતા ભારતીયો અંગે ચિંતાઃ સરકારે એકજૂથતાનો સંદેશ આપવા કવાયત હાથ ધરી

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ગંભીર સંકટ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના બંને ગૃહોમાં નિવેદન આપ્યા બાદ, કેન્દ્ર સરકારે આજે એક મહત્વપૂર્ણ સર્વપક્ષીય બેઠક યોજી છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ રાજકીય પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો અને આ વધતા જતા વૈશ્વિક સંકટ સામે ભારતનો એકજૂથ ચહેરો રજૂ કરવાનો છે.

આ સર્વપક્ષીય બેઠકમાં સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને નેતાઓ હાજર રહ્યા હતા. જેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ જયશંકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પશ્ચિમ એશિયાના મુદ્દે સરકારના પ્રતિભાવ અને વલણ અંગે વિપક્ષની ટીકાઓ બાદ બોલાવવામાં આવેલી આ પ્રથમ મહત્વની બેઠક હતી.

લોકસભા અને રાજ્યસભામાં પોતાના સંબોધન દરમિયાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાનો આ સંઘર્ષ ભારત માટે પણ એક સીધો પડકાર ઉભો

(અનુ. આઠમા પાને)

### સોનિયા ગાંધીને હોસ્પિટલમાં દાખલ કરાયા



કોંગ્રેસ સંસદીય દળના પ્રમુખ અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીની મોડી રાત્રે અચાનક તબિયત બગડતા તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હોસ્પિટલમાં માતાની દેખરેખ માટે આવ્યા છે. હાલમાં ડોક્ટરોની ટીમ તેમના સ્વાસ્થ્યનું સતત ચેકઅપ કરી રહી છે. હોસ્પિટલ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર હેલ્થ બુલેટિન જાહેર કરવામાં આવ્યું નથી. સોનિયા ગાંધીની તબિયત બે મહિના પહેલા જાન્યુઆરી ૨૦૨૬માં પણ લથડી હતી. તે સમયે તેમને છ દિવસ સુધી સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પણ તેમના નિવાસસ્થાને તેમની સારવાર સતત ચાલતી હતી.

‘આયાતી’ રાંધણ ગેસનું ભારણ ઘટાડવા સરકાર સજ્જ

## દેશના ખૂણે-ખૂણે નેચરલ ગેસ પહોંચાડી દેવા સરકારે પાઈપલાઈન બિછાવવાનું અભિયાન શરૂ કર્યું

### એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ હેઠળ લાગુ કરાયેલા નવા સમયબદ્ધ માળખાથી પીએનજી નેટવર્ક અને સ્વચ્છ ઊર્જાનો વ્યાપ વધારાશે

**અબતક, નવી દિલ્હી**

અત્યારે યુદ્ધની સ્થિતિમાં આયાતી રાંધણ ગેસ ઉપરની નિર્ભરતાની ગંભીર અસર જોવા મળી રહી છે. ત્યારે આ આયાતી ગેસનું ભારણ ઘટાડવા સરકાર સજ્જ બની છે. દેશના ખૂણે ખૂણે નેચરલ ગેસ પહોંચાડી દેવા સરકારે પાઈપલાઈન બિછાવવાનું અભિયાન શરૂ કર્યું છે.



કેન્દ્ર સરકારે મંગળવારે એસેન્શિયલ કોમોડિટીઝ એક્ટ હેઠળ એક મહત્વપૂર્ણ આદેશ પ્રસિદ્ધ કર્યો છે. આ આદેશ સમગ્ર દેશમાં ગેસ પાઈપલાઈન નાખવા અને તેના વિસ્તરણ માટે એક સરળ અને સમયબદ્ધ માળખું પૂરું પાડે છે. આ નિર્ણયથી ભારતમાં નેચરલ ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી અને સુવ્યવસ્થિત વિકાસ શક્ય બનશે.સરકારના જણાવ્યા અનુસાર, આ આદેશ તાત્કાલિક

(અનુ. આઠમા પાને)

અવકાશી ખેતી માટે ગુજરાત સજ્જ


## ગીર સોમનાથમાં સ્થપાશે ભારતનું ત્રીજું સેટેલાઈટ લોન્ચ સેન્ટરઃ સાણંદ બનશે સ્પેસ હબ

### ૫૦૦ કરોડના ખર્ચે દેશનો પ્રથમ ખાનગી સેટેલાઈટ પ્લાન્ટ ૧૦૦ એકરમાં ભવ્ય ‘સ્પેસ પાર્ક’ આકાર લેશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત હવે માત્ર ઉદ્યોગોમાં જ નહીં,ભારતના અંતરિક્ષ ક્ષેત્રે ગુજરાત એક મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે. શ્રીહરિકોટા અને તમિલનાડુના કુલશેખરપટ્ટિનમ બાદ, હવે ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં ભારતનું ત્રીજું સેટેલાઈટ લોન્ચ સેન્ટર (સ્પેસપોર્ટ) સ્થાપવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ગીર સોમનાથ જિલ્લામાં દીવ અને કોડિનારની વચ્ચે અરબી સમુદ્રના કિનારે આ લોન્ચપેડ સ્થાપવામાં આવશે. ઈન-સ્પેસ સંસ્થા દ્વારા આ જગ્યાને લોન્ચિંગ માટે સુરક્ષિત અને યોગ્ય જાહેર કરવામાં આવી છે. શ્રીહરિકોટા (આંધ્રપ્રદેશ) અને કુલશેખરપટ્ટિનમ (તમિલનાડુ) બાદ ગુજરાત ભારતનું ત્રીજું ગેટવે ટુ સ્પેસ (અંતરિક્ષનું દ્વાર) બનશે.ઈન-સ્પેસના હેડકવાર્ટર અમદાવાદમાં હોવાથી ગુજરાતને ખાનગી રોકેટ લોન્ચિંગ કંપનીઓ માટે પહેલી પસંદ બનાવવામાં સરળતા રહેશે



તેમજ સાથે સાથે રાજ્ય સરકાર અમદાવાદ નજીક સાણંદ ખાતે ૧૦૦ એકર જમીનમાં અત્યાધુનિક 'ગુજરાત સ્પેસ પાર્ક' સ્થાપી રહી છે. આ પાર્ક ભારતના ખાનગી સ્પેસ સેક્ટર માટે માઈલસ્ટોન સાબિત થશે.

સાણંદના ખોરજ ખાતે 'એઝિસ્ટા એરોસ્પેસ' દ્વારા ૫૦૦ કરોડ રૂપિયાના જંગી રોકાણ સાથે ભારતનો પ્રથમ સંકલિત ખાનગી સેટેલાઈટ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ પ્લાન્ટનું નામ 'પામનારો' રાખવામાં આવ્યું છે.આ સુવિધા માત્ર સ્પેરપાર્ટ્સ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ અહીં સેટેલાઈટનું ડિઝાઈનિંગ, એન્જિનિયરિંગ, એસેમ્બલી અને ફાઈનલ ટેસ્ટિંગ એમ તમામ પ્રક્રિયાઓ એક જ છત નીચે કરવામાં આવશે.અહીં વાર્ષિક ૫૦ થી વધુ નાના ઉપગ્રહો બનાવવાની ક્ષમતા વિકસાવવામાં આવશે, જેને ભવિષ્યમાં ૨૫૦ સુધી લઈ જવાનું લક્ષ્ય છે.

આ પ્રોજેક્ટ દ્વારા ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ એન્જિનિયરિંગ અને રિમોટ સેન્સિંગ ક્ષેત્રના નિષ્ણાતો માટે હજારોની સંખ્યામાં ઉચ્ચ સ્તરીય રોજગારીની તકો ઊભી થશે. આ બંને પ્રોજેક્ટ્સ દ્વારા ગુજરાત સરકાર અંતરિક્ષ વિજ્ઞાનના માધ્યમથી રાજ્યના આર્થિક વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સજ્જ છે.

# શરીરના અદ્રશ્ય સંદેશવાહકો હોર્મોન્સઃ આરોગ્ય, વૃદ્ધિ અને ભાવનાઓના માસ્ટર કંટ્રોલર

## હોર્મોન્સ એટલે આપણા શરીરની અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ દ્વારા ઉત્પન થતાં અતિ સુક્ષ્મ તત્વોઃ શરીરની દરેક ક્રિયાઓ-પ્રક્રિયાઓની દોરવણી સાથે શરીરના અનેક અવયવોના કાર્ય તથા વિકાસમાં અતિ મહત્વપૂર્ણ ભાગ ભજવે છેઃ જીવનથી મૃત્યુ સુધી જીવંત પ્રાણીના દરેક તબક્કામાં હોર્મોન્સ આવશ્યક છે

માનવ શરીરના હોર્મોન્સ એ શરીરની અંદર બનતા નાના રાસાયણિક સંદેશવાહક હોય છે, જે લોહીમાં તરી વિવિધ અવયવો અને પેશીઓ સુધી પહોંચી તેમની ક્રિયાઓ નિયંત્રિત કરે છે. તેઓ વૃદ્ધિ, ચયાપચય, ભૂખ, ઊંઘ, રક્તપ્રેશર, જાતીય કાર્યો, પ્રજનન અને મૂડ જેવી મોટી શારીરિક માનસિક પ્રક્રિયાઓને સંતુલિત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. જ્યારે હોર્મોન્સનું સંતુલન જળવાયેલું હોય ત્યારે શરીર સામાન્યપણે સ્વસ્થ રહે છે, પરંતુ તેમનો ઓછાપણો કે વધારો થાય તો ઉંઘ, તણાવ, થાક, વજનમાં ફેરફાર વગેરે સમસ્યાઓ ઉભી થઈ શકે છે. તે જીવનની દરેક પ્રક્રિયાનું સૂક્ષ્મ નિયંત્રણ કરે અને શરીરના સંતુલન અને વિકાસના શિલ્પકાર ની ભૂમિકા ભજવે છે. તે શરીરના અંદર ચાલતી શાંત ક્રાંતિ છે.


નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

હોર્મોન્સ વગર જીવ ઉત્પતિ શક્ય જ નથી, જીવનો વિકાસ શક્ય નથી અને જીવન શક્ય નથી. તે આપણાં શરીરમાં ઓછું કે વધારે હોય તો પણ મુશ્કેલી સર્જી શકે છે. યોગ્ય માત્રામાં આપણાં શરીરમાં તેનું બેલેન્સ નોર્મલ જીવન જીવવા માટે અનિવાર્ય છે. હોર્મોન્સ એટલે શરીરની અંતઃસ્ત્રાવ ગ્રંથીઓ દ્વારા ઉત્પન થતાં અતી સુક્ષ્મ તત્વો છે. શરીરની દરેક ક્રિયાઓ-પ્રક્રિયાઓની દોરવણી સાથે શરીરના અનેક અવયવોના કાર્યો તથા તેના વિકાસમાં અતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આપણા જીવનથી મૃત્યુ સુધીની સફરમાં દરેક તબક્કામાં હોર્મોન્સ આવશ્યક છે. શરીરના વિવિધ ભાગોમાં તેને ઉત્પન કરતી ગ્રંથીઓ આવેલી છે. હોર્મોન્સને બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય જેમાં પેટટાઈડ હોર્મોન અને સ્ટીરોઈડ હોર્મોન્સ છે.

શરીરના વિવિધ ભાગોમાં હોર્મોન્સ ઉત્પન કરતી ગ્રંથીઓને અંતઃસ્ત્રાવી કે એન્ડોક્રાઈન ગ્લેન્ડ્સ કહેવાય છે. આ ગ્રંથીઓ ખૂબ જ નાની હોય છે અને અતી સુક્ષ્મ પ્રમાણમાં અમુક તત્વો બનાવે છે. આ તત્વો લોહીમાં ભળીને શરીરના વિવિધ અવયવો સુધી પહોંચે છે અને તે અવયવોના વિકાસ અને કાર્યમાં મદદરૂપ થાય છે. આ તત્વો કે રસાયણોને 'હોર્મોન્સ' કહેવાય છે. આપણાં શરીરમાં અગત્યની સાત અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ આવેલી છે જે વિવિધ પ્રકારના હોર્મોન્સ બનાવે છે અને આ દરેક હોર્મોન વિશિષ્ટ પ્રકારની અસર અને ઉપયોગીતા ધરાવે છે. શરીરનાં વિવિધ અવયવો ઉપર 'રિસેટર' આવેલા હોય છે. હોર્મોન્સ રીસેટર સાથે જોડાઈને તેને ઉત્તેજીત કરે છે અને તે અવયવોને કાર્યન્વિત કરે છે. પિચ્યુટરી ગ્રંથી, થાઈરોઈડ ગ્રંથી, પેરાથાયરોઈડ ગ્રંથી, એડ્રિનલ ગ્રંથી, શુક્રપિંડ, અંડપિંડ, પેન્ક્રિઆસ જેવી વિવિધ સાત ગ્રંથીઓ મહત્વની છે. આપણા શરીરમાં સ્થિત અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું વજન ૧૦૦ ગ્રામ જેટલું હોય છે, અને તેઓ જે હોર્મોન્સ બનાવે તે મિલિ. અથવા નેનો ગ્રામમાં હોય છે. હોર્મોન્સનો દુર ઉપયોગ શરીરને નુકશાન પહોંચાડી શકે છે. તેનો યોગ્ય ઉપયોગ અનેક બિમારીઓને મટાડવામાં અને અમુકવાર નવજીવન આપવામાં મદદ કરે છે. હોર્મોન્સ અંગે ઘણી




પાયા વગરની ગેર માન્યતાઓ પણ પ્રવર્તે છે. 'હોર્મોન્સ'નું નામ સાંભળતા ઘણા ડરી જતાં હોય છે. શરીરમાં કંઈ ખરાબ કે અણગમતું થાય તો તે હોર્મોન્સને લીધે થાય છે, એવું સૌ માને છે. અમુક ગેરમાન્યતાઓ સાંભળીને હસવું આવે કે તેને કારણે શરીર ફૂલી જાય, લાંબા ટૂંકા થઈ જવાય, પુરૂષ-સ્ત્રી બની જાય કે સ્ત્રી-પુરૂષ બની જાય જેવી અનેક સાચી-ખોટી માન્યતાઓ દિમાગમાં છવાઈ ગઈ છે. આ બધી માન્યતા પાછળ અધકચરૂ જ્ઞાન જવાબદાર છે. શરીરની દરેક અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું ચોક્કસ કામ હોય છે, જગ્યા હોય છે.

પિચ્યુટરી ગ્રંથીમાંથી ઉત્પન થતો હોર્મોન્સ સૌથી અગત્યનો છે. જેનું નામ છે. 'ગ્રોથ હોર્મોન્સ'. આ હોર્મોન્સ શરીરનાં હાડકામાં આવેલી ગ્રોથ પ્લેટ કે જ્યાંથી વ્યક્તિ ઉંચાઈ વધે છે ત્યાં અસર કરતો હોય છે. જો વ્યક્તિમાં આ હોર્મોન્સની ઉણપ હોય તો તેની હાઈટ વધતી નથી. આ ગ્રંથી બીજા અનેક હોર્મોન્સ જેમ કે TSH, LH, FSH, ACTH અને પ્રોસેકિટન બનાવે છે. આ હોર્મોન્સનું કામ થાયરોઈડ, અંડપિંડ, શુક્રપિંડ, એડ્રિનલ ગ્રંથી વિગેરેને કાર્યાન્વિત કરે છે.

કિડની ઉપર આવેલી ત્રિકોણ આકારમાં આવેલી એડ્રિનલ ગ્રંથી અનેક જાતના હોર્મોન્સ બનાવે છે. આ તમામ હોર્મોન્સ વ્યકિતનું બ્લડપ્રેશર નોર્મલ રાખવા લોહીમાં સોડિયમ, પોટેશિયમનું પ્રમાણ જાળવી રાખવા અને ઈમર્જન્સી વખતે શરીરને જરૂરી ઉર્જા શકિત ઉત્પન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. શુક્રપિંડ પુરૂષના પ્રજનન તંત્રનું મહત્વનું અંગ છે. તે શુક્રાણું સિવાય ટેસ્ટોસ્ટેરોના નામના હોર્મોન્સ બનાવે છે, આ સ્નાયુઓનો વિકાસ, ઊંચાઈ વધવી, દાઢી-મૂંછ આવવી જેવી પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. પ્રજનન કાર્યમાં ટેસ્ટોસ્ટેરોન અતિ આવશ્યક હોર્મોન છે.

અંડપિંડ સ્ત્રીઓના પ્રજનન તંત્રનું મહત્વનું અંગ છે. અંડપિંડ, અંડકોષ સિવાય ઈસ્ટ્રોજન, પ્રોજેસ્ટેરોન જેવા હોર્મોન બનાવે છે. જે સ્ત્રીઓના અંગોના વિકાસમાં અને પ્રજનન કાર્યમાં મહત્વનો ભાગ ભજવે છે. પેન્ક્રિઆસમાં આવેલી અંતઃસ્ત્રાવી ગ્રંથી ઈન્સ્યુલિન અને ગ્લુકાગોન નામના હોર્મોન્સ બનાવે છે, જે કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન તથા ચરબીના મેટાબોલિઝમમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઈન્સ્યુલિનની અછતને કારણે ડાયાબિટીસ જેવી બિમારીઓ થાય છે. સ્પોર્ટ્સમાં ઘણા રમતવીરો જીતવા માટે હોર્મોન્સનો દુર ઉપયોગ કરતાં હોય છે. ૧૯૮૮માં સિઓલ ઓલમ્પિકમાં દોડવીર બેન જોન્સને વર્લ્ડ રેકોર્ડ જીત્યો હતો બાદમાં ટેસ્ટમાં પોઝીટીવ આવતા સુવર્ણચંદ્રક પાછો લઈ લીધો હતો. હોર્મોન્સના સંતુલનમાં થોડીક ખલેલ પહોંચે કે તેની અસર તુરંત આપણાં ભૂખ, ઊંઘ અને સ્ટ્રેસ લેવલ પર થવા લાગે છે. આ અસંતુલનનો અર્થ હોર્મોન્સ શરીરમાં વધારે છે કે ઓછા છે.

### આપણા માનવ શરીરમાં ૨૩૦ હોર્મોન્સ હોય

કાર્ટિસોલ નામથી ઓળખાતા આપણા શરીરમાં એક સ્ટ્રેસ હોર્મોન હોય છે, જે આપણાં શરીરને સંકટની પરિસ્થિતિમાંથી બચવાના સંકેત મગજ સુધી પહોંચાડે છે. આજ હોર્મોનને કારણે હાર્ટબીટ, બ્લડપ્રેશર અને બ્લડ શુગરનું પ્રમાણ વધે છે. એક સંશોધનમાં વૈજ્ઞાનિકોએ મોબાઈલ ફોનના ઉપયોગના કારણે કાર્ટિસોલના વધેલા સ્તર પર ચિંતા વ્યક્ત કરી હતી. આને કારણે મગજના પ્રિફ્રેન્ટલ કોર્ટેક્સ પ્રભાવિત થતા અને અસર સ્વરૂપે વ્યક્તિની નિર્ણય લેવાની અને લોજીકલ ક્ષમતાને અસર થાય છે. આપણા માનવ શરીરમાં ૨૩૦ હોર્મોન્સ હોય છે, જે પૈકી કેટલાક તો બીજા હોર્મોન્સની રચના અને સ્ત્રાવને પણ નિયંત્રિત કરે છે. તેનામાં વધતી ઊંમર, તાણ, સેવન, વધારે વજનને કારણે હોર્મોનના લેવલમાં ખલેલ પડે છે.

**હોર્મોન્સ વગર જીવ ઉત્પતિ શક્ય નથીઃ તેની અછત અને અતિરેક વિવિધ સમસ્યાઓ સર્જી શકેઃ શરીરના વિવિધ ભાગોમાં હોર્મોન્સ ઉત્પન કરતી ગ્રંથીઓ આવેલી છેઃ તેને પેટટાઈડ અને સ્ટીરોઈડ એમ બે પ્રકારમાં વર્ગીકૃત કરી શકાય**

# પ્રયત્ન અને પરિશ્રમ સંભવનાના મજબૂત પાયા છે

માનવજીવનમાં 'સંભવ' અને 'અસંભવ' બે એવા દ્વંદ્વ છે, જે આપણા વિચાર, શ્રદ્ધા અને પ્રયત્નોની દિશા નક્કી કરે છે. જીવનના દરેક તબક્કે માણસ સામે અનેક પરિસ્થિતિઓ ઊભી થાય છે - કેટલીક સરળ લાગે છે, તો કેટલીક અશકય જેવી. પરંતુ ખરેખર શું કંઈ અસંભવ છે? કે પછી અસંભવ એ માત્ર માનવીય મર્યાદિત વિચારનો પડછાયો છે? આ પ્રશ્નો માનવ ઈતિહાસથી આજ સુધી ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. સંભવ એટલે જે કરી શકાય તેવું, જે પ્રાપ્ત કરી શકાય, જે માનવીની ક્ષમતા અને પ્રયત્નની પરિધિમાં આવે. જ્યારે અસંભવ એટલે જે શક્ય ન લાગે, જેની કલ્પના પણ કરવી મુશ્કેલ લાગે. પરંતુ સમય, જ્ઞાન અને આત્મવિશ્વાસ સાથે અસંભવ પણ સંભવ બનતું જોવા મળે છે. એક સમયે પૃથ્વી ગોળ છે એવી માન્યતા અસંભવ લાગતી હતી, આજે તે વૈજ્ઞાનિક સત્ય છે. આકાશમાં ઉડાન ભરવી, ચંદ્ર પર માનવ પગ મૂકવો, કે એકબીજા સાથે ક્ષણમાં સંવાદ કરવો-આ બધું ક્યારેક અસંભવ ગણાતું હતું.અસંભવનું મૂળ માનવીના મનમાં છુપાયેલું હોય છે. માણસ પોતાની ક્ષમતાનું મૂલ્યાંકન ઘણી વખત ભય, નિષ્ફળતાના અનુભવ અને સમાજની મર્યાદાઓના આધારે કરે છે. 'આ મારી શક્તિ બહાર છે', 'આ મારા માટે નથી', 'આ તો થઈ જ ન શકે'-આવી માન્યતાઓ માણસને આગળ વધતો અટકાવે છે. અસંભવ શબ્દ ઘણી વખત પ્રયત્ન પહેલાં જ હાર સ્વીકારવાનું સાધન બની જાય છે. જ્યારે સંભવમાં વિશ્વાસથી માણસને ઊભા થવાની, પ્રયાસ કરવાની અને સતત આગળ વધવાની પ્રેરણા આપે છે.

ચિંતનની પાંખે




વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

સંભવ બનાવવા માટે પ્રથમ આવશ્યક છે દૃઢ સંકલ્પ. સંકલ્પ એ એવી આંતરિક શક્તિ છે, જે માણસને અનેક અવરોધો સામે પણ અડગ રાખે છે. જે વ્યક્તિ પોતાના લક્ષ્યને સ્પષ્ટ જોઈ શકે છે, તે માટે માર્ગ ધીમે ધીમે ખુલતો જાય છે. ઈતિહાસ સાક્ષી છે કે મહાન વૈજ્ઞાનિકો, સમાજ સુધારકો, કવિઓ અને નેતાઓએ શરૂઆતમાં અશક્ય લાગતાં સપનાં જોયાં હતાં, પરંતુ તેમના અડગ વિશ્વાસે તેને સંભવ બનાવ્યા. પ્રયત્ન અને પરિશ્રમ સંભવના મજબૂત પાયા છે. કોઈ પણ સફળતા એક દિવસમાં મળતી નથી. સતત પ્રયાસ, શીખવાની તૈયારી અને ભૂલોમાંથી પાઠ લેવાની ભાવના માણસને આગળ ધપાવે છે. ઘણી વખત માણસ એકાદ નિષ્ફળ પ્રયાસ પછી અસંભવનો નિર્ણય કરી લે છે, જ્યારે વાસ્તવમાં તે તો સફળતાની નજીક જ હોય છે. પરંતુ તેમનામાં ધીરજ નથી હોતી. અસંભવ દેખાતી પરિસ્થિતિઓ ધીરજ અને શ્રમથી ધીમે ધીમે સરળ બનતી જાય છે.

### અસંભવનું મૂળ માનવીનાં મનમાં છુપાયેલું હોય છે

શિક્ષણ અને જ્ઞાન પણ સંભવને વિસ્તૃત કરે છે. અજ્ઞાન માણસ માટે અનેક બાબતો અસંભવ લાગે છે, જ્યારે જ્ઞાન મળતાં જ તે સંભવ બની જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસે માનવજીવનમાં અસંભવની સીમાઓ સતત નાની કરી છે. આજે જે અશક્ય લાગે છે, તે આવતીકાલે સામાન્ય બની શકે છે. આથી જ કહેવાય છે કે જ્ઞાન માનવને શક્તિશાળી બનાવે છે.

પરંતુ અહીં એક મહત્વનો મુદ્દો એ છે કે સંભવ અને અસંભવ વચ્ચે સંતુલન જરૂરી છે. દરેક ઈચ્છા તાત્કાલિક પૂરી થાય એ શક્ય નથી. સમય, સંજોગો અને ક્ષમતાનું યોગ્ય મૂલ્યાંકન જરૂરી છે. અંધ આત્મવિશ્વાસ માણસને ખોટી દિશામાં લઈ જઈ શકે છે. સમજદારી એમાં છે કે માણસ પોતાના સપનાંને વાસ્તવિક આયોજન અને મહેનત સાથે જોડે, ત્યારે જ સપનાં સાકાર થાય છે.



સમાજમાં પણ સંભવ-અસંભવનો વિચાર મહત્વનો છે. સમાજ સુધારણા, સમાનતા, ન્યાય અને શાંતિ જેવા લક્ષ્યો ક્યારેક અસંભવ લાગતાં હોય છે. પરંતુ ઈતિહાસ બતાવે છે કે નાના પ્રયત્નો, જાગૃતિ અને સમર્પણથી મોટાં પરિવર્તનો શક્ય બને છે. એક વ્યક્તિનો વિચાર, એક નાનું પગલું પણ મોટાં પરિવર્તનની શરૂઆત બની શકે છે. વ્યક્તિગત જીવનમાં સંભવ માણસને આશાવાદી બનાવે છે. આશા એ જીવનની પ્રેરક શક્તિ છે. જે માણસ આશા રાખે છે, તે સંઘર્ષમાં પણ રસ્તો શોધી લે છે. અસંભવની ભાવના નિરાશા, ભય અને નિષ્ક્રિયતાને જન્મ આપે છે. તેથી જીવનમાં આગળ વધવા માટે સંભવનો દૃષ્ટિકોણ અપનાવવો અત્યંત આવશ્યક છે. અંતમાં કહી શકાય કે સંભવ અને અસંભવ કોઈ સ્થિર પરિભાષા નથી. તે માનવીના વિચાર, પ્રયત્ન અને સમય સાથે બદલાતી રહે છે. જે આજે અસંભવ લાગે છે, તે કાલે સંભવ બની શકે છે - જો તેમાં વિશ્વાસ, જ્ઞાન અને અડગ પ્રયત્ન જોડાય. જીવનનો સાચો સાર એમાં છે કે માણસ 'અસંભવ' શબ્દને પડકાર માને, અંત નહીં. કારણ કે માનવની ઈચ્છાશક્તિ અને સંકલ્પશક્તિ પાસે એવી તાકાત છે કે તે અશક્યને પણ શક્ય બનાવી શકે. 'અસંભવ એ માત્ર ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી માણસ પ્રયાસ કરવાનું સાહસ નથી કરતો.'.

# પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદના મંડળ મંત્રી તરીકે રાજેશભાઈ મહેતાની વરણી

**અબતક, રાજકોટ**

ભારતીય મઝદૂર સંઘનુ ઔદ્યોગીક એકમ ભારતીય રેલવે મઝદૂર સંઘ સંબંધ પશ્ચિમ રેલવે કર્મચારી પરિષધની એક બેઠક ભારતીય મઝદૂર સંઘના રાજકોટ ખાતે ના કાર્યાલય ''શ્રમ સાધના'' માં રેલ કર્મચારીયો ના પ્રશ્નો વિશે માહિતી મેળવવા ભારતીય મઝદૂર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્ય હસુભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાય હતી.

ઉપરોક્ત બેઠકમાં પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદના મંડળ મંત્રી કિરણભાઈ ઓઝા નજીક ના ભવિષ્યમાં રેલ સેવા માંથી વયમર્યાદાને કારણે રેલ સેવામાંથી નિવૃત થવા જય રહેલ હોય, રાજકોટ મંડળના મંડળ મંત્રી તરીકે રાજેશભાઈ મેહતા ટ્રેન મનેજર મેઈલ એકસપ્રેસ રાજકોટની સર્વનુમતે વરણી હસુભાઈ દવેના માર્ગદર્શન નીચે કરવામાં હતી.



નવ નિયુક્ત પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદના ડિવિઝનલ સેક્રેટરી રાજેશભાઈ મેહતાના ઉપસ્થિત હોદેદારો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ.

નવનિયુક્ત ડિવિઝનલ સેક્રેટરી રાજેશ મેહતાએ પોતાના ઉદબોધનમાં જણાવેલ કે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં કાર્યરત રેલ કર્મચારીને લગતા કોય પણ પ્રશ્નો માટે હમેશા કર્મચારી સાથે ખભે ખભા મિલાવીને સાથે રહી ઉકેલવા હંમેશા પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદ રેલ કર્મચારી સાથે રહશે,તથા રાજેશભાઈ મેહતા દ્વારા રાજકોટ રેલવે ડિવિઝનમાં કાર્યરત કર્મચારીને પશ્ચિમ રેલવે કર્મચારી પરિષદમાં જોડાયને સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૩-૨૦૨૬ બુધવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસડીયા)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (નમી ગયા એ ગમી ગયા)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૩-૨૦૨૬ ગુરુવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૬-૩ -૨૦૨૬ ગુરૂવાર**

વિક્રમ સંવત ૨૦૮૨ શાલીવાહન શકિઃ ૧૯૪૭
ખ્રિસ્તી સંવત ૨૦૨૬
તિથી ચૈત્ર શુદ આઠમ દુર્ગાષ્ટમી રામનવમી
નક્ષત્ર આર્દ્રા
યોગ શોભન કરણઃ બાલવ
સુર્યોદય ૬.૪૬ સુર્યાસ્તઃ ૭
ચંદ્ર રાશી મિથુન
રાશિ અક્ષર ક.છ.ઘ.
દિશાશૂળ દક્ષિણ દિશા તરફ
રાહુકાળ બપોરે ૧.૩૦ થી ૩
દિવસનાચોઘડીયા શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
રાત્રીનાચોઘડીયા અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૯ | | | | | | |
| | ૨ | ૮ | ૭ | | | ૩ | | |
| | ૩ | | | ૫ | | ૭ | | ૯ |
| | ૬ | ૪ | | | ૨ | | | |
| ૮ | | | | | ૭ | | ૨ | |
| ૩ | | | | | | | | |
| | | | | | | | | ૪ |
| | | | ૫ | ૬ | | ૯ | | |
| | | ૫ | | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૪ | ૨ | ૭ | ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૮ |
| ૮ | ૩ | ૧ | ૭ | ૨ | ૫ | ૪ | ૯ | ૬ |
| ૬ | ૧ | ૨ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૨ | ૬ | ૧ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ | ૮ | ૯ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૯ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૨ | ૯ | ૬ | ૫ | ૪ | ૧ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૬.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ આઠમ, આર્દ્રા નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ આજ જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ** (બ,વ,ઉ) : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન** (ક,છ,ઘ) : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ** (મ,ટ) : નજીક ના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા** (પ,ઠ,ણ) : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા** (ર,ત) : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક** (ન,ય) : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.

**મકર** (ખ,જ) : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસન થી દૂર રહેવા સલાહ છે,વાણી માં સંયમ રાખવો.

**કુંભ** (ગ,સ,શ) : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

# વ્યાજખોરો સામેની જનસંપર્ક સભામાં ૨૦ લોકોએ અરજી સ્વરૂપે વેદના ઠાલવી: એક ગુનો નોંધાયો

## વ્યાજંકવાદીઓના રંજાડથી અનેકએ આપઘાતનો પ્રયાસ કર્યો, કેટલાય પરિવારો રઝળ્યા: ભીની આંખે રજુઆતો કરાઈ





તસવીર: શૈલેષ વાડોલિયા



### યુવકે કેન્સરની બીમારી માટે મિત્રને વાત કરતાં ૧૦ ટકા તોતિંગ વ્યાજે રૂ.૧ લાખ આપી રૂ.૨.૪૦ લાખ પડાવી લીધાં છતાં વધુ નાણાંની પઠાણી ઉઘરાણી

### જેટલી ફરિયાદો એટલી જ પોલીસની વાહવાહી!!: દુહા-છંદ ગુંજતા જનસંપર્ક સભા ડાયરામાં તબદીલ

વ્યાજખોરો સામે લડતના મંડાણ સમાન જનસંપર્ક સભામાં જેટલી ફરિયાદો મળી એટલી જ આશ્ચર્યજનક રીતે પોલિસની વાહવાહી પણ થઇ હતી. જે બાબતે પણ ચર્ચાનું જોર પકડ્યું હતું. આ વ્યાજંકવાદીઓ સામેની સભા છે કે પોલિસની પ્રસંશા કરવાનો કાર્યક્રમ? બાદમાં લોક દરબારમાં અચાનક જ એક અરજદારે માઈક હાથમાં લઈ પોલિસના વખાણ કરી દુહા-છંદ લલકારતા જનસંપર્ક સભા સહેજ વાર તો લોકડાયરામાં તબદીલ થઈ ગઈ હતી.

**અબતક, રાજકોટ**

વ્યાજખોરો જરૂરિયાતમંદોની વિકટ પરિસ્થિતિનો લાભ ઉઠાવી તેમની મિલ્કતો પડાવી, પઠાણી ઉઘરાણીઓ કરી જિંદગી નર્ક બનાવી દેતાં હોય છે. વ્યાજના વિષચક્રમાં ફસાઈ લોકો આપઘાત સુધીના પગલાં ભરી લેતા હોય છે. તેવામાં સમયાંતરે પોલિસ લોક દરબાર યોજતી હોય છતાં પણ વ્યાજખોરો બેફામ હોય તેવા અનેક બનાવો ગઈકાલે શહેરના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ હોલ ખાતે સામે આવ્યા હતા. વ્યાજખોરો સામેની જનસંપર્ક સભામાં ૨૦ લોકોએ અરજી સ્વરૂપે પોતાની વેદના ઠાલવી હતી. અનેક લોકોએ આપઘાતનો પ્રયાસ કર્યાનો, કેટલાય પરિવારો રઝળી ગયાનો બનાવ પણ ગઈકાલે સામે આવ્યા હતા. ભીની આંખે કરાયેલી રજુઆતોથી જનસંપર્ક સભામાં કઠોર મનના માનવીનું પણ હૈયું હચમચી જાય તેવો માહોલ સર્જાયો હતો.

શહેર પોલિસેં રૈયા રોડ પર પ્રમુખ સ્વામી ઓડિટોરીયમમાં યોજેલા વ્યાજખોરો વિરુદ્ધની જનસંપર્ક સભામાં પોલિસને કુલ ૨૦ અરજીઓ મળી હતી. જે પૈકી એક મામલામાં ગુનો નોંધાયો હતો.

(અનુ. આઠમા પાને)

### લોધિડા ગામના મહિલા સરપંચ પરિવારે ૩૦ લાખના એક કરોડ ચૂકવ્યા છતાં વ્યાજખોરો બેફામ : પોલિસ પણ આરોપીઓ જેવું વર્તન કરતી હોવાના આક્ષેપ



કોટડાસાંગાણી તાલુકાના લોધીડા ગામના મહિલા સરપંચના પતિએ વ્યાજખોર પ્રકાશ ચાવડા પાસેથી લીધેલ ૩૦ લાખના ૧ કરોડથી વધું વ્યાજ ચૂકવી દીધા છતાં વ્યાજખોરો તેમની પાસે હજુ કરોડોની માંગણી કરી પઠાણી ઉઘરાણી કરતા હોય તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. વધુમાં પરિવારજનોએ પોલીસ પણ આરોપી જેવું વર્તન કરતી હોય તેવો ગંભીર આક્ષેપ કર્યો હતો. જે રજુઆત દરમિયાન જ પીઆઈ એ.બી.જાડેજા અને અરજદાર વચ્ચે ચકમક પણ જરી હતી. વધુમાં મહિલા સરપંચ હંસાબેન ઝાપડિયાએ જણાવ્યું હતું કે, તેઓએ પ્રકાશ પ્રભાત ચાવડા પાસેથી ૩૦ લાખ રૂપિયા તેમના ભાણેજ વિનોદ જસમત માટે વ્યાજે લીધા હતા. જેમના માટે તેઓએ પોતાની જમીન ગીરવે મૂકી હતી. જે બાદ તેમના ભાણેજે રૂપિયા આપવામાંથી હાથ

(અનુ. આઠમા પાને)

### રડતા રડતા રજુઆત કરનાર પરિવાર અને આજીડેમ પીઆઈ એ.બી.જાડેજા વચ્ચે લોક દરબારમાં જ ચકમક ઝરી

### લોન સિક્યોર હોય કે અનસિક્યોર, ૧૫% થી વાર્ષિક વ્યાજ વસુલી શકાય નહિ : ડીસીપી જગદીશ બાંગરવાની સ્પષ્ટતા

જનસંપર્ક સભામાં ગઈકાલે યોજાયેલ લોક દરબારમાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, જે કોઈ શરાફી મંડળી કે ફાઈનાન્સને લગતું કામ કરતા હોય તેવી પેઢી સિક્યોર વસ્તુ લઈ ૧૨% વાર્ષિક વ્યાજે રૂપિયા આપી શકે છે, તેમ જ જો કોઈ વસ્તુ લીધા વગર અનસીક્યોર તરીકે ૧૫% વાર્ષિક વ્યાજ વસૂલી શકે છે, તે ઉપરનું વ્યાજ વસૂલનાર લોકો સામે પોલીસ કાર્યવાહી કરી શકે છે. તેમજ લોકોને આવ્યા વ્યાજખોરોથી દૂર રહી બેંક મારફત રૂપીયા મેળવવા જોઈએ, તેમજ જો કોઈ વ્યાજખોરો તેમને દબાવે તો તુરંત જ પોલીસનો સંપર્ક કરવાનું પણ જણાવ્યું હતું.



### પછેડી હોય એટલી જ સોડ તણાય

## જલસા કરવા અને અદેખાઈમાં વ્યાજે પૈસા લેશો નહિ: સીપીનું પ્રજાજનોને સૂચન

### જાહેરમાં બોલી ન શકતા હોય તો મને મળી રૂબરૂ રજુઆત કરી શકો છો: પોલિસ કમિશનર

જનસંપર્ક સભામાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ સૂચક નિવેદનો આપ્યા હતા. તેમણે પ્રજાજનોને અનેક અપિલો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ માં યોજાયેલ લોક દરબારમા પોલિસને કુલ ૧૪ અરજીઓ મળી હતી. જેમાંથી પાંચના ગુના નોંધી ૧૫ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે નવ મામલામાં સમાધાન થઈ ગયું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, લોકોએ જલસા કરવા, દેખાદેખી, મોજ શોખ માટે લોન લઈ પૈસા બરબાદ કરવાનું ટાળવુ જોઈએ જેટલી પછેડી એટલી હોડ તણાય તેમ સમજાવ્યું હતું. મંદીમાં મજબૂરીનો લાભ ઉઠાવતા શખ્સો પાસે જવું નહિ કેમ કે,

સામેવાળો તમારી મજબૂરીનો લાભ ઉઠાવી સંપત્તિ પણ લખાવી લેતા હોય છે. આગાઉના સમયમાં મિત્રો, સગા સંબંધી પાસેથી રૂપીયા લેવાતાં હતાં. જેમાં છેતરપીંડી થવા લાગતાં વ્યાજખોરી વધી છે.લોકોને અપીલ પણ કરી હતી કે, જે જાહેરમાં બોલી શકતા ન હોય તો થાણા અધિકારી, એસીપી, ડીસીપી કે સીધા મને મળીને પણ રજુઆત કરી શકો છો.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ શનિવારે રાજકોટને આપશે ૪૪ વિકાસ કામોની ભેટ

## ૮૮.૨૫ કરોડના ૪ વિકાસ કામોનું લોકાર્પણ અને રૂ.૫૪૩.૮૯ કરોડના ૪૦ પ્રક્લ્પોનું ખાતમુહૂર્ત


**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી શનિવારે પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે. જેમાં રૂ. ૬૩૨.૧૩ કરોડના ૪૪ વિવિધ પ્રકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોર્પોરેશનના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા કુલ રૂ. ૮૮.૨૫ કરોડના ૪ મહત્વપૂર્ણ પાણી અને સુએજ વ્યવસ્થાપન સંબંધિત પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રકલ્પો શહેરમાં વધતી વસ્તી અને વિસ્તરતા વિસ્તારમાં આધુનિક સુએજ ટ્રીટમેન્ટ અને પાણી સંગ્રહ સુવિધા મજબૂત બનાવશે.

વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા રૂ. ૩૩.૩૦ કરોડના ખર્ચે રૈયાધાર ખાતે હાલના ૫૬ એમએલડી એસટીપી પાસે ૨૩ એમએલસી ક્ષમતાનો નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. આ પ્રકલ્પમાં ૫ વર્ષ માટે કોમ્પ્રેહેન્સિવ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ કાર્યરત થતા વિસ્તારમાં સુએજ ટ્રીટમેન્ટ ક્ષમતા વધશે તથા પર્યાવરણ સંરક્ષણમાં પણ મદદરૂપ બનશે. રૂ. ૩૦.૮૫ કરોડના ખર્ચે ઘંટેશ્વર વિસ્તાર માટે ૧૫ એમએલડી ક્ષમતાનો નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. સાથે ૫ વર્ષ માટે કોમ્પ્રેહેન્સિવ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રકલ્પથી નવા વિકસતા વિસ્તારોમાં સુએજ નિકાલની સુવિધા સુવ્યવસ્થિત બનશે.

રૂ. ૧૫.૮૧ કરોડના ખર્ચે ઘંટેશ્વર વિસ્તારમાં સીવેજ પમ્પીંગ સ્ટેશન-૧ અને સીવેજ પમ્પીંગ સ્ટેશન-૨ બનાવવામાં આવ્યા છે. સાથે રાઈઝીંગ મેઈન પાઈપલાઈન નાખવાની કામગીરી, પમ્પીંગ મશીનરી એસઆઈટીસી તેમજ પમ્પીંગ સ્ટેશન માટે ૨ વર્ષના કોમ્પ્રેહેન્સિવ ઓપરેશન એન્ડ મેન્ટેનન્સનો સમાવેશ થાય છે. આ પ્રકલ્પથી



વિસ્તારમાં ડ્રેનેજ વ્યવસ્થા વધુ અસરકારક બનશે.

રેલનગર હેડવર્ક્સ ખાતે ૧૩૯ લાખ લીટર ક્ષમતાનો જી.એસ.આર.

વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા રૂ. ૮.૨૭ કરોડના ખર્ચે રેલનગર હેડવર્ક્સ ખાતે ૧૩૯ લાખ લીટર ક્ષમતાનો ગ્રાઉન્ડ સર્વિસ રિઝર્વોઈર બનાવવામાં આવ્યો છે. આ પ્રકલ્પથી પાણી સંગ્રહ ક્ષમતા વધશે અને શહેરના વિસ્તારોમાં પાણી પુરવઠો વધુ સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ બનશે. રૂ. ૮૮.૨૫ કરોડના ૪ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે. જયારે રૂ. ૫૪૩.૮૯ કરોડના ૪૦ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પો વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

બાંધકામ વિભાગ દ્વારા શહેરના માર્ગો, નગર સુવિધાઓ, જાહેર ઈમારતો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે રૂ. ૩૬૮.૦૧ કરોડના કુલ ૨૯ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કામો પૂર્ણ થતા શહેરના માર્ગ નેટવર્કમાં સુધારો થશે તથા નાગરિકોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

વોટર વર્કસ પ્રોજેક્ટ વિભાગ

વોટર વર્કસ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનાવવા રૂ. ૧૭૩.૧૭ કરોડના ૭ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પો પૂર્ણ થતા નવા વિસ્તારોમાં પાણી પુરવઠો સુધરશે તથા હાલની વ્યવસ્થામાં ક્ષમતા વધારો થશે.ડ્રેનેજ વિભાગ દ્વારા રૂ. ૧.૯૬ કરોડના ૩ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ કામોથી શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ સુવિધા વધુ મજબૂત બનશે અને વરસાદી પાણી તથા ગટર વ્યવસ્થામાં સુધારો થશે.

રોશની વિભાગ દ્વારા રૂ. ૭૫ લાખના ૧ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પથી શહેરના માર્ગો તથા જાહેર સ્થળોએ પ્રકાશ વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે.

### શહેરના સર્વાંગી વિકાસને મળશે ગતિ

આ તમામ પ્રકલ્પો પૂર્ણ થતા શહેરમાં પાણી પુરવઠા વ્યવસ્થા મજબૂત બનશે, સુએજ ટ્રીટમેન્ટ ક્ષમતા વધશે, ડ્રેનેજ નેટવર્ક વિસ્તરશે, માર્ગ સુવિધાઓમાં સુધારો થશે તેમજ નાગરિકોને આધુનિક નગર સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ઉપરાંત શહેરના વિસ્તરતા વિસ્તારોમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થશે જે ભવિષ્યના આયોજન માટે મહત્વપૂર્ણ સાબિત થશે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ વિકાસપ્રકલ્પો શહેરને સ્વચ્છ, સુવ્યવસ્થિત, આધુનિક અને સુવિધાસભર શહેર બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# ક્રાઈસ્ટ કોલેજ ખાતે 'સફલ-૨૦૨૬'માં ગણિતના પ્રશ્નો અને સમસ્યાનું અપાયું નિરાકરણ

## રાજ્યભરની શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓએ પોતાની બૌદ્ધિક પ્રતિભા સાબિત કરી







### ક્રાઈસ્ટ કોલેજ અને ચહલ અકાડેમીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રાજ્ય સ્તરીય સ્પર્ધામાં વિદ્યાર્થીઓને મળ્યું શ્રેષ્ઠ માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ક્રાઈસ્ટ કોલેજ દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. કોલેજના ગણિત વિભાગ દ્વારા તાજેતરમાં 'સફલ ૨૦૨૬' શીર્ષક હેઠળ રાજ્ય સ્તરીય સમસ્યા નિરાકરણ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં તાર્કિક શક્તિ અને જટિલ સમસ્યાઓના ઉકેલ લાવવાની ક્ષમતા વિકસાવવાનો રહ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉદયન લોટિયાએ વિશેષ હાજરી આપી હતી, જ્યારે વિષય નિષ્ણાત તરીકે ડો. નિરવ ભટ્ટે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડો. ભટ્ટે પોતાના પ્રેરણાદાયી વક્તવ્યમાં કારકિર્દી ઘડતર માટે જરૂરી દ્રઢતા, શિસ્ત અને સમર્પણ ભાવ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ડો. ફાધર જોમોન થોમ્મનાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, માત્ર પુસ્તકિય જ્ઞાન પૂરતું નથી, પરંતુ જીવનના પડકારો ઝીલવા માટે સતત પ્રયત્નશીલ રહેવું અને લક્ષ્ય પ્રત્યે એકાગ્રતા રાખવી અનિવાર્ય છે. આ રાજ્ય સ્તરીય સ્પર્ધાને 'ચહલ અકાડેમી, રાજકોટ' દ્વારા ઉદાર પ્રાયોજકતા (જાજ્ઞક્ષતજ્ઞતિવશા) પૂરી પાડવામાં આવી હતી. ચહલ અકાડેમી વર્ષોથી



વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે પ્રેરણા સ્ત્રોત બની રહી છે. આ આયોજનમાં અકાડેમીના સહયોગથી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે તૈયાર થવાનું પ્રોત્સાહન મળ્યું હતું.

આ સ્પર્ધામાં ગુજરાતભરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૧૦૦થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન કન્વીનર જાગૃત સર તથા સહ-કન્વીનર તન્વી મેડમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમની રાત-દિવસની મહેનત અને ચોકસાઈપૂર્વકના આયોજનને કારણે આ કાર્યક્રમ રાજ્ય સ્તરે નોંધપાત્ર સફળતા મેળવી શક્યો છે.

'સફલ ૨૦૨૬' જેવી સ્પર્ધાઓ ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસની ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. કોલેજ કેમ્પસ હંમેશા નવીન શૈક્ષણિક પહેલો અને કૌશલ્ય આધારિત તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રગતિના પંથે આગળ વધારતું રહ્યું છે. આ પ્રકારના આયોજનોને કારણે ક્રાઈસ્ટ કોલેજે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ ક્ષેત્રે પોતાની એક આગવી અને મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરી છે. કાર્યક્રમના અંતે સહભાગી થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા અને સફળતા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




# રાધેશ્યામ ગૌશાળા અને વિશ્વ હિંદુ પરિષદ પ્રેરિત 'રામોત્સવ રથયાત્રા સમિતિ' દ્વારા મર્યાદા પુરૂષોત્તમ પ્રભુની રથયાત્રા

## સનાતન પરમ્પરાની ઝાંખી કરાવતા ૧૦૦થી વધુ સુશોભીત ફ્લોટ્સ સાથે અનેક સંસ્થાઓ અને મંડળો જોડાશે

**અબતક, રાજકોટ**

ભગવાન શ્રી રામના જીવન મૂલ્યો આપણને એક આદર્શ અને મર્યાદિત જીવન જીવવાની પ્રેરણા આપે છે. તેમને 'મર્યાદા પુરુષોત્તમ' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમણે જીવનના દરેક તબક્કે નૈતિક સીમાઓ અને ધર્મનું પાલન કર્યું હતું.

પ્રભુ શ્રી રામના જીવન મુલ્યો વર્તમાન યુગ ના અસ્તીત્વનો આધાર છે. એટલા માટે રાધેશ્યામ ગૌશાળા અને વિશ્વ હિંદુ પરિષદ દ્વારા શ્રી રામ જન્મોત્સવને સમાજ દ્વારા ભવ્ય રીતે ઉજવાય જેમાં સમાજના દરેક વર્ગના લોકો એક અને સમરસ બને તથા લોકોને રામના જીવનમુલ્યો જીવનમાં ઉતારવાની પ્રેરણા મળે તેવા સતત પ્રયત્નો કરવામાં આવે છે.

સંગઠનના તથા સામાજિક માર્ગદર્શક શ્રેષ્ઠિઓ જેમકે માવજીભાઈ ડોડીયા, નરેન્દ્રભાઈ દવે, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુભાઈ રૂપારેલીયા, ભુપતભાઈ ગોવાણી, વનરાજભાઈ ગરૈયા, અશોકસિંહ ડોડીયા, પ્રફુલભાઈ નડિયાપરા, પ્રકાશભાઈ પનારા, રાજાભાઈ (વાવડી), ગૌતમભાઈ ધમસાણીયા, વિનુભાઈ ટિલાવત, કુણાલભાઈ વ્યાસ, વિજયભાઈ વાંક વગેરેના માર્ગદર્શન અને પ્રેરણા તથા ધર્માધ્યક્ષ રાધેશ્યામ બાપુ ના આશિર્વાદથી તથા રામોત્સવ રથયાત્રા સમીતી ના અધ્યક્ષ કૌશીકભાઈ સરધારા, ઉપાધ્યક્ષ સુજીતભાઈ ઉદાણી, ધર્મયાત્રા અધ્યક્ષ દિપકભાઈ બાબરીયાની આગેવાનીમા પ્રભુ રામ ની રથયાત્રા રાજકોટના પ્રાચીન માર્ગો પર મંગળવારે સવારે ૮ વાગ્યે નાણાવટી ચોકથી પ્રારંભ થશે. રાજકોટના અસંખ્ય લોકો આ યાત્રામાં જોડાશે અને રામરાજ્યની ઝાખી નિહાળશે. તેમ રામોત્સવ રથયાત્રા સમીતીના મંત્રી પરેશભાઈ રુપારેલીયા એ જણાવ્યુ હતું.

રામોત્સવ રથયાત્રા શરુ થાય તે પહેલા નાણાવટી ચોક ખાતે સવારે ૮ કલાકે ભવ્ય ધર્મસભાનું આયોજન થશે. જેમા અનેક સંતો મહંતો સમાજમા એકતા અને ભકતી નો સંદેશ આપતા આશિર્વચન આપશે. ઉપરાંત વિશ્વ હિંદુ પરિષદના ક્ષેત્રીય સંગઠન મંત્રી રંગ રાજેજી નુ પણ કુટુમ્બ પ્રબોધન અને સમરસતા તથા અન્ય પંચપરીવર્તનના વિષય તથા ભગવાન શ્રી રામ ના સત્ય, ધર્મ, કર્તવ્ય ના આદર્શો પર માર્ગદર્શન આપશે.

રામલલ્લાના સ્વાગત માટે અનેક સંસ્થાઓ અને મંડળો આખાય રુટમા જોશ અને ઉત્સાહભેર તૈયાર રહેવાના છે. જેમા કપિલા હનુમાન મિત્ર મંડળ, નાણાવટિ ચોક મિત્ર મંડળ, હિંદુ જાગરણ મંચ, કનૈયા મિત્ર મંડળ, હનુમાન મઢી મંદીર મંડળ, નાગરીક બેંક, રોકડીયા હનુમાન ભિલવાસ ગ્રુપ, અકીલા પરીવાર, કેમિસ્ટ એસોસિયેશન, જલારામ ચિકિ ગ્રુપ, મોમાઈ ગ્રુપ, પંચનાથ મંદીર ગ્રુપ, સૌરાષ્ટ્ર કમલમ ગ્રુપ, શિવ સેના ગ્રુપ, ધર્મેંદ્ર રોડ વેપારી એસોસિએશન, સ્વામીનારાયણ મંદીર મંડળ, ભગત ગ્રુપ, આશાપુરા મંદીર મંડળ, રાજવી પરીવાર ગ્રુપ, ખેતલાઆપા વિક્રમભાઈ ગ્રુપ, ગુંદાવાળી વેપારી મંડળ, સુર્યમુખિ હનુમાન મંદીર મંડળ ઉપરાંત અનેક સંસ્થાઓ અને જ્ઞાતી મંડળો સ્થયાત્રાના સ્વાગતમા સહભાગી થવાના છે.


### રથયાત્રા રૂટ

નાણાવટી ચોક, રૈયા ચોક, કનૈયા ચોક, બ્રહ્મસમાજ ચોક, હનુમાન મઢી ચોક, નાગરીક બેંક, આમ્રપાલી ફાટક, કિશાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, ફલછાબ ચોક, રોકડીયા હનુમાન, મોટી ટાંકિ ચોક, લિમડા ચોક, પંચનાથ મંદીર, ત્રિકોણબાગ ચોક, સાંગળવા ચોક, રાજશ્રી ટોકિઝ, સ્વામીનારાયણ મંદીર, ગુંદાવાડી ચોક, ભુતખાના ચોક, સુર્યકાંત હોટેલ, સત્યયુગ શ્રી રામ મંદીર.

ચૈત્રી નવરાત્રિના પાવન અવસરે

# મોઢ વણિક યુવા ગ્રુપે જ્ઞાતિના વડીલોને કરાવી મોઢેરા તીર્થધામની યાત્રા

## કુળદેવી માતંગી માતાજીના દર્શન, ઢોલ નગારા, રાસ-ગરબાની રમઝટ સાથે ધ્વજાજીના પૂજન બાદ ધ્વજારોહણ કરાયુ





**અબતક, રાજકોટ**

શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ દ્વારા તાજેતરમાં ચૈત્રી નવરાત્રીના પાવન અવસરે જ્ઞાતિના વડીલો માટે કુળદેવી માતંગી મોઢેશ્વરીના દર્શન માટે મોઢેરા પ્રવાસનુ નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યુ હતું.

મોઢેરા ખાતે કુળદેવીના દર્શન સાથે, રાજકોટના જ્ઞાતિ અગ્રણી અને મોઢેરા દેવસ્થાન ટ્રસ્ટમાં સમગ્ર સૌરાષ્ટ્ર માંથી એકમાત્ર ટ્રસ્ટી તરીકે પ્રતિનિધિત્વ કરી સેવા આપતા બિમલભાઈ કલ્યાણીના સુંદર સહયોગથી સર્વે જ્ઞાતિજનોને ધ્વજારોહણનો લાભ મળ્યો હતો.આ પ્રસંગે પ્રથમ ધ્વજાજીનુ પૂજન અર્ચન કરી, ઢોલ નગારાના સથવારે રાસ ગરબાની રમઝટ સાથે ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો ફુલેકા સ્વરૂપે નિજ મંદિરમાં પ્રવેશ અને પ્રદક્ષિણા કરી ધ્વજાજીની પૂજા કરાવી હતી અને ભોગ ધરાયો હતો.આ તકે મોઢેરા દેવસ્થાનના ટ્રસ્ટી બિમલભાઈ કલ્યાણી, મોઢ વણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, અશ્વિનભાઈ વડોદરિયા, કિર્તીભાઈ મહેતા સહિતના આગેવાનો સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે વડીલોને પવિત્ર તીર્થયાત્રા કરાવવા બદલ મોઢેરા માતંગી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મોઢ વણિક યુવા ગ્રુપના ચેરમેન કેતન મેસવાની, મંત્રી કેતન પારેખ, કારોબારી સભ્ય જીગ્નેશ મેસવાનીનુ અભિવાદન કરવામાં આવ્યું હતુ.સાથોસાથ સવિશેષ ઉપસ્થિત મોઢ વણિક મહાજન રાજકોટના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરાનુ પણ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અભિવાદન કરવામાં આવેલ હતું.

મોઢ વણિક યુવા ગ્રુપ રાજકોટ

(અનુ. આઠમા પાને)

# ઈસ્કોન મંદિરે રામનવમીની ઉજવણીની તડામાર તૈયારી

## ૨૧૦૦ કિલો ફુલથી રામલલ્લા મૂર્તિ પર થશે પુષ્પ અભિષેક



**અબતક, રાજકોટ**

ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે ૨૬મી માર્ચ ના રામનવમી ની ભવ્ય ઉજવણી ની તડામાર તૈયારીઃ ૨૧૦૦ કિલો ફૂલ થી ભગવાન રામચંદ્ર નો પુષ્પ અભિષેક, સૌ કોઈ દર્શનાર્થી માટે ફરાળી ભંડારા પ્રસાદ નું આયોજન

રાજકોટ ના કાલાવડ રોડ પર સ્થિત ઈસ્કોન મંદિર ખાતે રામ નવમી ના પાવન અવસર પર અતિ ભકિતમય અને વૈભવી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ શુભ તિથિ પર ભગવાન શ્રી રામચંદ્રના પાવન પ્રાગટ્યનો સ્મરણ કરીને ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતા સાથે ઉત્સવ ઉજવવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે આ ૨૬મી માર્ચ ના રામનવમી આવે છે. રામનવમી એ આપણા સનાતન ધર્મનો મુખ્ય તહેવાર છે જેની ઉજવણી ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે ખૂબ જ ભવ્ય રીતે કરવામાં આવશે. સાંજે છ વાગ્યાથી મંદિરમાં ભવ્ય કાર્યક્રમ શરૂ થશે જેમાં રામ દરબારની પાલખીયાત્રા તેમજ ૨૧૦૦ કિલો પુષ્પથી

(અનુ. આઠમા પાને)

# ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને અપાઈ સાયબર સુરક્ષાની તાલીમ

## પોસ્ટર પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓને અપાઈ માહિતી



**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ રાજકોટના સાયબરસિક્યુરીટી સેલ-કવચ અંતર્ગત તારીખ ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ સોશિયલ મીડિયા જાગૃતિ માસ અંતર્ગત સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા સોશિયલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મના ઉપયોગ અને તેમાં રહેલા વિવિધ જોખમોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પ્રવર્તમાન સમયમાં લોકો સાયબર ક્રાઈમનો જે રીતે ભોગ બની રહ્યાં છે તે અંગે વિદ્યાર્થીઓ જાગૃત થાય અને આવા જોખમોની માહિતી પોતાના પરિવાર અને સમાજના લોકો સુધી માહિતી પહોંચે તે હતો.

આ કાર્યક્રમમાં સાયબર સિકયુરિટી સેલ - કવચના કો.ઓર્ડીનેટર પ્રો.અશ્વિન બારડ સાહેબે પોતાના વકતવ્યમાં સોશિયલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ અને તેમાં રહેલા સાયબર ફ્રોડ ના જોખમો, લોકો કઈ રીતે સાઈબર ક્રાઈમનો ભોગ બને છે તેની માહિતી આપી હતી.સાયબર ક્રાઈમ કઈ રીતે થાય છે, તેના પ્રકારો,સાયબર ક્રાઈમના ગુનાઓથી બચવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે વિશે જણાવ્યું હતું. આ ઉપરાંત પોસ્ટર પ્રદર્શન દ્વારા APK ફાઈલના જોખમો, સાયબર હેલ્પ લાઈન નંબર, ટુ-ફેકટર ઓથેન્ટીકેશન (૨એફએ), અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

# યુવાનો અને સમાજને સકારાત્મક દિશા આપવા ઉમા સારથી ફાઉન્ડેશનનો શનિવારે પ્રેરણાદાયી કાર્યક્રમ

## સંસ્કાર, સંબંધ અને સામાજિક પ્રવાહ અંગે મનીષભાઈ વઘાસિયાનું માર્ગદર્શનઃ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં ઉમા સારથી ફાઉન્ડેશનના સભ્યોએ માહિતી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા સમાજમાં સકારાત્મક વિચારસરણી અને જીવનમૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા એક વિશેષ પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત આગામી ૨૮ માર્ચ, શનિવારના રોજ સાંજે ૮:૩૦ કલાકે સ્પીડવેલ ગ્રાઉન્ડ પાસે, ગુજરાતના જાણીતા પ્રેરણાદાથી વકતા મનીષભાઈ વધાસિયાનું માર્ગદર્શનસભર પ્રવચન યોજાશ.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

આજના ઝડપી ટેકનોલોજીના યુગમાં યુગમાં માણસે માણસે સુવિધાઓ તો ઘણી ઘણી મેળવી છે, પરંતુ તેના સાથોસાથ સંબંધોની ઉષ્મા. લાગણીઓ અને પરિવારના મૂલ્યોમાં ક્યાંક ખોટ પણ અનુભથી રહી છે. પરિવારો નાના બનતા જાય છે. સંબંધોમાં અંતર વધતું જાય છે. માતા-પિતા પ્રત્યેનો આદર અને સંસ્કારનો આધાર ધીમે ધીમે નબળો પડતા દેખાય છે. ખાસ કરીને યુવાનોમાં દિશાહિનતા, તણાવ અને ગેરમાર્ગે દોરાવાની સમસ્યા પણ સમયાંતરે નજરે પડે છે.

ઉમા સારથી ફાઉન્ડેશનના ફાઉન્ડર અને સામાજિક અગ્રણી જયોતીબેન ટીલવા કિશનભાઈ ટીલવા અને તેમની સમગ્ર ટીમનું માનવું છે કે આવા સમયમાં સમાજને સાચી દિશા આપતી વિચારસરણી, મજબૂત સંસ્કાર અને સકારાત્મક જીવનદ્રષ્ટિ વિશે માર્ગદર્શન આપવું

(અનુ. આઠમા પાને)

# વિશ્વ રંગભૂમિ દિવસ નિમિતે વિરાણી સ્કુલ ખાતે શુક્રવારે રાજકોટ થિયેટર ફેસ્ટિવલ

## થિયેટર ફેસ્ટિવલમાં જુદાજુદા વિષયો સાથે પાંચ એકાંકી નાટક રજુ કરશે

## અબતક શુભેચ્છા મુલાકાતમાં નાટય કલાકારોએ આપી માહિતી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ એ કલાનગરી અને નાટ્યપ્રિય પ્રેક્ષક ધરાવતું શહેર છે. રાજકોટનો નાટ્ય ઈતિહાસ ખૂબ જ જૂનો અને ગૌરવપ્રદ છે. આ જ ઈતિહાસને આગળ ધપાવતા તારીખ ૨૭મી માર્ચ શુક્રવારના રોજ શ્રી વિરાણી હાઈ સ્કૂલ ખાતે રાત્રે ૭:૩૦ વાગ્યે રાજકોટના કલાકારો દ્વારા ઉજવાશે રાજકોટ થિયેટર ફેસ્ટિવલ'

રાજકોટ થિયેટર ફેસ્ટિવલનો મુખ્ય ધ્યેય નાટ્ય કલા જીવંત રહે, રાજકોટની રંગભૂમિ આગળ વધે, રાજકોટનું જ પ્રોડકશન, રાજકોટનું જ નાટક અને રાજકોટના જ પ્રેક્ષકો રાજકોટમાં નિર્મિત થતાં નાટકો જોવા માટે પ્રેરાય અને રાજકોટના કલાકારોને સ્ટેજ અને પ્રોત્સાહન મળે એવો છે.

આ થિયેટર ફેસ્ટિવલમાં જુદા જુદા વિષયો સાથેના કુલ ૦૫ નાટકો રાજકોટની નાટ્યપ્રિય જનતાને વિનામુલ્યે માણવા મળશે. આ ફેસ્ટિવલમાં ફેક સ્માઈલસ પ્રોડકશન્સ નિર્મિત મિતેશ જોષી અને મિત કોટેચા લિખિત અને મિતેશ જોષી દિગ્દર્શિત એકાંકી નાટક 'સમયસર'', થિયેટર એક્શન સ્ટુડિયો - થિયેટર કલબ- આત્મિય યુનિવર્સિટી નિર્મિત રવિન્દ્રનાથ ટાગોરની કથા આધારિત દેવાંગી ભટ્ટ લિખિત ડો. હિતાર્થ ભટ્ટ દિગ્દર્શિત લઘુ નાટિકા ''ઘોરે બાહિરે. નવજીવન આર્ટ નિર્મિત ઉમાશંકર જોશી લિખિત હાર્દિક આસોડિયા દિગ્દર્શિત એકાંકી નાટક યુધિષ્ઠિર યુધ્ધવિષાદ'', આત્મિય કોલેજ ગ્રુપ નિર્મિત શમિક દવે લિખિત અને દિગ્દર્શિત એકાંકી નાટક ''મિત્ર, માર્ગ અને માધવ અને શિવમ ફાઉન્ડેશન - રાજકોટ નિર્મિત અમોલ સાલ્વે લિખિત સૌમિલ કીકાણી અનુવાદિત

(અનુ. આઠમા પાને)

# શહીદ દિને જિલ્લા યુવા ભાજપ દ્વારા બાઈક રેલી-તિરંગાયાત્રા યોજાઈ

## શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ, હોદેદારો-આગેવાનો જોડાયા



**અબતક, રાજકોટ**

દેશની આઝાદી માટે જેઓએ પોતાના હસતા મુખે ફાંસીના માચડે લટકી જઈ, પ્રાણોની આહુતિ આપી, આ સ્વાતંત્ર વીર સપૂતોના બલિદાનને તા. ૨૩ માર્ચે શહિદ દિવસ મનાવવામાં આવે છે. આ શહીદ દિવસ નિમિત્તે રાજકોટ જીલ્લા યુવા ભાજપ દ્વારા એક પ્રેરણાદાયક બાઈક રેલી અને તિરંગા યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રાજકોટ જિલ્લાના યુવા ભાજપના કાર્યકર્તાઓ ખૂબ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તાલુકા ભાજપના પદાધિકારીઓ, સામાજિક આગેવાનો તથા ખૂબ મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમીઓ જોડાયા હતા. રાજકોટના ૧૭ મંડળોમાં આ બાઈક રેલી અને તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે સહિત સ્મારકોની સાફ-સફાઈ તથા સ્વતંત્ર સેનાનીઓની પ્રતિમાને

(અનુ. આઠમા પાને)

# ગાયત્રીનગર મેઈન રોડ પરથી ત્રણ ટ્રાવેલ્સના ધંધાર્થી નશાની હાલતમાં ઝડપાયા

## જલારામ ચોક નજીક જાહેરમાં બોલાચાલી કરતા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરતી ભક્તિનગર પોલિસ

**અબતક, રાજકોટ**

શહેરના ગાયત્રીનગર મેઈન રોડ પર નશાની હાલતમાં બોલાચાલી કરતા ત્રણ ટ્રાવેલ્સના ધંધાર્થી ઝડપાયા હતા. રાત્રિના સમયે જાહેરમાં ડમડમ હાલતમાં છાકટાવેળા કરતા ત્રણેય શખ્સો વિરુદ્ધ ભક્તિનગર પોલિસેં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મામલામાં ભક્તિનગર પોલિસ મથકના કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ નીરુભા ગોહીલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રાત્રિના આઠ વાગ્યાંથી બીજા દિવસે સવારે આઠ વાગ્યાં સુધી મારી નોકરી નાગરીક બેન્ક જનરક્ષક ૧૧૨ મા ઈન્ચાર્જ તરીકે હતી. હું ફરજ પર હતો ત્યારે રાત્રિના ૧૦:૦૫ વાગ્યે કંટ્રોલ રુમ તરફથી કોલ મળેલ કે, એક જાગ્રુત નાગરીક જણાવે છે કે, ગાયત્રી નગર મેઈન રોડ પર જલારામ ચોક પાસે ત્રણ શખ્સો અંદરો અંદર બોલાચાલી કરે છે. જેથી રાત્રિના ૧૦:૨૦ વાગ્યે સ્થળ પર જતાં ત્રણ શખ્સો હાજરમાં મળી આવ્યા હતા. જેમને પીસીઆરમાં બેસાડી પોલિસ મથક ખાતે લાવી બોલાચાલી બાબતે પુછપરછ કરતા ત્રણેય શખ્સોના મોઢામાંથી ખાટી અને તીવ્ર વાસ આવતી હોય કેફી પ્રવાહી પીધેલ હોવાનુ જણાઈ આવ્યું હતું. જેથી ભક્તિનગર પોલિસેં નશાની હાલતમાં રહેલા ત્રણેય શખ્સો વિરાટભાઈ પ્રતાપભાઈ ચૌહાણ (ઉવ ૩૭ ધંધો ટ્રાવેલ્સ રહે. ગીતાનગર શેરી નં.૫, ગાયત્રીનગર મેઈન રોડ, રાજકોટ), વિક્રમભાઈ અશોકભાઈ સોલંકી (ઉવ ૩૮ ધંધો ટ્રાવેલ્સ રહે. કૃષ્ણનગર શેરી નં.-૨, જામનગર રોડ, વોરા સોસાયટી પાસે, રાજકોટ) અને ગૌરાંગભાઈ ભદ્રેશભાઈ પુરોહીત ( ઉ વ ૪૨ ધંધો ટ્રાવેલ્સ રહે. પન્ડયા હાઉસ, ગેલેક્ષી હોટલ સામે, જવાહર રોડ, રાજકોટ)ની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી ત્રણેય શખ્સોની ધરપકડ કરી હતી.

---

**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ -રાજકોટ**

ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,પ્રભાત હોસ્પીટલ સામે,જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન નં.-૦૨૮૧-૨૪૭૬૮૭૪, ૨૪૭૬૭૯૯, ફેક્સ-૦૨૮૧-૨૪૫૦૫૨૩

Email- info@rajkotuda.com, web site: www.rajkotuda.com

**ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અને નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬**

**જાહેર નોટીસ/અધિસૂચના**

**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)બનાવવાના ઈરાદાની જાહેર પ્રસિધ્ધી**

ન.રૂડા/સૂચિત મુસદારૂપ નગર રચના યોજના ન. ૩૯/૨(બેડી)જા. તા. -૦૩-૨૦૨૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨(૧) હેઠળ સરકારશ્રી દ્વારા રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-(રૂડા) દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૬ની બોર્ડ બેઠક નં.૧૮૧ના ઠરાવ નં.૨૦૭૪થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)રૂડા બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨)ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ઉપર દર્શાવેલ સરનામાંવાળી કચેરીમાં રજાના દિવસો સિવાયના અને કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી અને સમજાવવાની વ્યવસ્થા કરેલ છે.

**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૩૯/૨(બેડી)માં આવરી લેવાયેલ જમીનોના સર્વે નંબરોની વિગત:**

મોજે:બેડી ૧૪૮, ૧૪૯, ૧૫૦/૧, ૧૫૦/૨, ૧૫૧, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯પૈકી ૧/પૈકી ૧, ૧૫૯પૈકી ૧/પૈકી ૨, ૧૬૦, ૧૬૧, ૧૯૧, ૧૯૨, ૧૯૫, ૧૯૬/૧પૈકી ૧,૧૯૬/૧/પૈકી ૨, ૧૯૬/૨, ૧૯૭/૧, ૧૯૭/૨, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬પૈકી, ૨૦૭, ૨૦૮પૈકી, ૨૦૯, ૨૧૦, ૨૧૧/૧, ૨૧૧/૨, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭/૧/૧, ૨૧૭/૧/૨, ૨૧૭/૨, ૨૧૮, ૨૧૯/૧, ૨૧૯/૨, ૨૨૦, ૨૨૧, ૨૨૨/૧, ૨૨૨/૨, ૨૨૩, ૨૧૬, ૨૨૪પૈકી, ૨૨૫/૧, ૨૨૫/૨, ૨૨૫/૩, ૨૨૫/૪, ૨૨૫/૫, ૨૨૫/૬, ૨૨૫/૭, ૨૨૫/૮, ૨૨૫/૯, ૨૨૬, ૨૨૭પૈકી, ૨૨૮પૈકી, ૨૨૯, ૨૩૦/૧પૈકી,૨૩૦/૨, ૨૩૧, ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૮પૈકી, ૨૬૧/૧ પૈકી તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં.૨૬૧પૈકી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

**રૂડા બોર્ડ બેઠક ન.૧૭૮નો ઠરાવ નં.૨૦૪૦, તા.૨૩/૦૯/૨૦૨૫**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૩/૦૯/૨૦૨૫ની બોર્ડ બેઠક નં.૧૭૮ના ઠરાવ નં.૨૦૪૦ થી મોજે: બેડી વિસ્તારમાં સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૨.૬૯.૩૬ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ સદરહુ સ્કીમ માટે ડી.આઈ.એલ.આરશ્રીની કચેરીના તા. ૧૪/૧૧/૨૦૨૫ના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો જરૂરી પરામર્શ તેઓશ્રીના પત્ર નં.ન.ર.યો.નં.૩૯/૨(બેડી)/કલમ-૪૧(૧)/સૌ/૪૧૧,તા.૦૫/૦૨/૨૦૨૬થી આવેલ છે.

સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-પાળ અને મોજે:કાંગશીયાળી ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ હોવાથી ત્યાં મુસદારૂપ નગર રચના યોજના બનાવવાની થાય છે.સદરહુ યોજના અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છે અને આ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની ચર્તુ: સીમા-હદ નીચે મુજબ છે.

ઉત્તરે : મોજે:ગવરીદડ ગામના અન્ય રે.સર્વે નંબરો તથા મોજે:મનહરપુર ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

દક્ષિણે : સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી)ની હદ આવેલ છે.

પૂર્વ : મોજે:બેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

પશ્ચિમ : આજી નદી આવેલ છે.

આમ, સદરહુ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની હદ અનુસારનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)હેઠળ જાહેર કરવા અને તે અંગેની આગળની આનુસંગિક કાર્યવાહી હાથ ધરવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

-Sd-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ.

માહિતી -રાજ-૨૦૨૨-૨૫-૨૬

---

# દારૂના ત્રણ દરોડામાં રૂ.૪.૩૨ લાખના શરાબ સાથે મહિલા સહિત ત્રણ ઝડપાયા

## પીસીબીનો ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં, ક્રાઈમ બ્રાન્ચનો મોટા મવાના એપાર્ટમેન્ટમાં અને એલસીબી ઝોન-૨ ટીમનો આંબેડકરનગરમાં દરોડો

**અબતક, રાજકોટ**

શહેર પોલિસની ટીમે દારૂના ત્રણ દરોડા પાડી રૂ. ૪.૩૨ લાખના શરાબ સાથે મહિલા સહીત ત્રણને ઝડપી લીધા હતા. પીસીબી ટીમે ભક્તિનગર સ્ટેશન પ્લોટ નજીક કેરબામાંથી રૂ. ૩.૭૫ લાખની કિંમતની ૧૦૮ બોટલ, ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોટા મવાના એપાર્ટમેન્ટમાંથી રૂ. ૫૪ હજારની કિંમતની ૩૬ બોટલ અને એલસીબી ઝોન-૨ ટીમે આંબેડકરનગરમાંથી ૧૦ બોટલ કબ્જે કરી હતી.

દારૂના પ્રથમ ધરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેરી વિસ્તારમાંથી દારૂ-જુગારની ગેરકાયદે બદ્દીને ડામવાની પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સૂચનાને પગલે પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાની રાહબરી હેઠળ એએસઆઈ સંતોષભાઈ મોરી, હરદેવસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ રાહુલગીરી ગોસ્વામી અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ કળોતરાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તાર ખાતે પહોંચતા એએસઆઈ હરદેવસિંહ જાડેજા અને સંતોષભાઈ મોરીને સંયુક્ત રીતે હકીકત મળી હતી કે, ભક્તિનગર સ્ટેશન પ્લોટ ઉધોગ નગર શેરી નં.-૩, સરકારી આઈ.ટી.આઈ. સામે જાહેર રોડ પર મનીષ ગીરીશભાઈ પાઉં નામના શખ્સ પાસે રહેલ બ્લુ કલરના કેરબામાં ઈંગ્લિશ દારૂનો જથ્થો છુપાવવામાં આવેલ છે. જે હકીકત મળતાની સાથે પીસીબીની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને ત્યાં હાજર શખ્સ મનીષ ગીરીશભાઈ પાઉં (ઉવ ૩૮ રહે. જય ભવાની કૃપા મકાન, લાખના બંગલા પાછળ, ગાંધીગ્રામ, રાજકોટ) ને અટકાયતમાં લઈ તેની પાસે હાજર ૧૪ કેરબામાંથી અંગ્રેજી શરાબની અલગ અલગ કુલ ૧૦૮ બોટલ જેની કિંમત રૂ.૩,૭૫,૬૪૮ કબજે કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દારૂના બીજા દરોડામાં ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાની ટીમના હેડ કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, દીપકભાઈ ચૌહાણ, રાહુલભાઈ ગોહેલ અને મહિલા કોન્સ્ટેબલ ત્રિપદાબેન ભટ્ટ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ અને દીપકભાઈ ચૌહાણને ખાનગી રાહે હકીકત મળી હતી કે, કાલાવડ રોડ પર મોટામવા નજીક રુચિ રેસીડેન્સી બ્લોક નં.-૫૬, ગોવિંદ કલા નામના મકાનમાં રહેતા નમ્રતા જીતેન્દ્રભાઈ ભંભાણીએ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવી રાખેલ છે. જે હકીકત મળતાની સાથે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને મકાન ખાતે રસોડાના પ્લેટફોર્મ નીચે રાખેલા અલગ અલગ પુઠાના બોકસમાંથી રૂ.૫૮,૫૮૪ ની કિંમતની ૩૬ બોટલ શરાબ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૬૩,૫૮૪ નો મુદ્દામાલ કબજે કરી મહિલા આરોપી નમ્રતાબેન જીતેન્દ્રભાઈ ભંભાણીને નોટિસ ફટકારી ક્રાઈમ બ્રાન્ચે હાજર રહેવા ફરમાન કરવામાં આવ્યું હતું.

જ્યારે દારૂના ત્રીજા દરોડામાં એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાના માર્ગદર્શન હેઠળની ટીમે ૧૫૦ ફૂટ રીંગ રોડ, આંબેડકર નગર નજીક, ગોકુલ નંબર શેરી નંબર ૪ ખાતે જાહેરમાંથી રૂ.૨૫૦૦ કિંમતના શરાબના ૧૦ ચપલા સાથે પૃથ્વી દિલીપભાઈ કંટારીયા (ઉવ ૨૦ રહે.આંબેડકરનગર મેઈન રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

---

# લીમડા ચોક નજીક જાહેરમાં જુગાર રમતી ત્રિપુટી ઝડપાઈ

## રૂ. ૨૪૭૦ ની રોકડ કબ્જે કરતી એ ડિવિઝન પોલિસ

**અબતક, રાજકોટ**

શહેરના લીમડા ચોક નજીક જાહેરમાં પતા ટીંચતા ત્રણ શખ્સોને પકડી એ ડિવિઝન પોલિસેં રૂ.૨૪૭૦ ની રોકડ કબ્જે કરી હતી.

જુગારના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેરી વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન લીમડા ચોક પાસે જાહેર રોડ પર જુગાર રમાઈ રહ્યાની કોન્સ્ટેબલ તેજસભાઈ ડેરને મળેલી બાતમીના આધારે એ ડિવિઝન પોલીસે દરોડો પાડી અહીં પત્તા ટીચતા ફારુક કાસમભાઈ કાસમાણી (ઉવ ૬૨), દીપક મગનભાઈ ડાભી (ઉવ ૩૯) અને દિપક કિશન સોલંકી (ઉવ ૨૮) ને રોકડ રૂ. ૨૪૭૦ સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

---


**જાહેર ખબર**

તા.૨૪-૦૩-૨૬

આ ઉપરથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે. કે જામકંડોરણા ગ્રામપંચાયતની હદની ખુલ્લી જગ્યામાં શાકભાજી, કટલેરી, ઠંડાપીણા, વીગેરે ફેરી, રેકડી દ્વારા વેચાણ કરતાં આસામીઓ પાસેથી પંચાયતની રોકેલ જમીનનું ભાડું વસુલ કરવા અંગેનો તા. ૧/૪/૨૬થી ૩૧/૩/૨૭ સુધીનો વર્ષ એક નો ઈજારો બંધ કવરમાં ભાવ મંગાવી માંગણીઓ લઈ આપવાનો છે. આ જમીન (શાકમાર્કેટનાં સ્ટોલનો સમાવેશ થતો નથી.) ભાડું પંચાયતે નક્કી કરેલા દર મુજબ વસુલ લેવાનું છે, તો આ ઈજારો રાખવા માંગતા હોય તેઓએ તા. ૩૦/૩/૨૬નાં રોજ સોમવારે સમય :૩:૦૦ કલાક સુધીમાં પહોચે તે રીતે બંધ કવરમાં પોતાનો ભાવ મોકલવાનો રહેશે અને તા.૩૦/૦૩/૨૬નાં રોજ સાંજે ૪:૦૦ કલાકે આવેલા કવર સરપંચશ્રી, રૂબરૂ ખોલવામાં આવશે તો જે આસામીઓ એ બંધ કવરમાં મોકલેલ છે તેઓ સાંજે ૪:૦૦ કલાકે ગ્રામપંચાયત ભવન,જામકંડોરણા ખાતે હાજર રહેવા વિનંતી.

**ઈજારાની શરતો**

(૧) ઈજારો રાખવા માંગતા આસામીઓએ રૂા.૩૦૨૫૦૦/-થી ઓછી ભાવ ભરવાનો નથી એટલે કે રૂા. ૩૦૨૫૦૦/-ને અપસેટ પ્રાઈઝ ગણી તેનાથી વધુ રકમનો ભાવ લેવામાં આવશે.

(૨) છેવટની માંગણી માન્ય રાખવી કે નહીં તે જામકંડોરણા ગ્રામપચાયતનાં સરપંચશ્રીની ઈચ્છાને આધીન રહેશે. કારણકે ભાવની માંગણી ઓછી હશે અથવા પંચાયતનાં હીતમાં નહી જણાય તો ઈજારાની તારીખમાં ફેરફાર કરવામાં આવશે અંગરતો ઈજારો કેન્સલ કરવામાં આવશે.

(૩) ઈજારાની કુલ માંગણીનાં ૫૫ હપ્તા કરી દરેક હપ્તાની રકમ દરસોમવારે સાંજે ૪:૦૦ સુધીમાં એડવાન્સ પંચાયતમાં ભરી જવાનો રહેશે તેમાં પ્રથમ હપ્તો ૦૬/૦૪/૨૬ સુધીમાં ભરી આપવાનો રહેશે.

(૪) માંગણી જેની મંજુર થયેલી હશે તે હપ્તાની રકમ સમયસર ભરવાનું ચુકશે તો ઈજારો તેનાં નામે થી રદ કરી ફેરઈજારો પંચાયત બીજાને સોપી દેશે અગરતો ડીપાર્ટમેન્ટલી વસુલાતનું કામ શરૂ કરી દેશે અને તેમાં જે ખોટ જશે.તે ઈજારદાર પાસેથી વસુલ લેવામાં આવશે અને ભરેલી ડીપોઝિટ ની રકમ ખાલસા કરવામાં આવશે.

(૫) જે આસામીનો ભાવ મંજુર થશે તે આસામીએ ઈજારાની ૧૦% રકમ એડવાન્સમાં પંચાયતમાં જમા કરાવવાની રહેશે અને તે રકમ વાંતે મજુરી આપવામાં આવશે.

આ સિવાયની બીજી શરતો ઈજારાનાં કવર ખોલતી વખતે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

ગીતાબેન બી બગડા
સરપંચ
જામકંડોરણા ગ્રામ પંચાયત

જામકંડોરણા – ૩૬૦૪૦૫ બસ સ્ટેશન પાછળ. જી.રાજકોટ


---


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં.: 49 of 2025-26 તારીખ: 23/03/2026**

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-98 | દ્વારકા ખાતે અધિકારી રેસ્ટ હાઉસ બિલ્ડિંગ અને ટાવર વેગન શેડની મરમ્મત. | 7551865.38 | 151000.00 |
| 2 | DRM-RJT-2025-26-E-99 | અમૃત ભારત યોજના અંતર્ગત દ્વારકા બેલેન્સ વર્ક સ્ટેશનોમાં સુધાર. | 95064823.95 | 625300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 15/04/2026 @ 15.00 કલાકે **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 **વેબસાઈટ: www.ireps.gov.in** RJT 217

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**EIM વેઈબ્રિજની ખરીદી અને સ્થાપના, એલસી ના જગ્યાએ એલએચએસ પૂરું પાડવું તથા ટાવર વેગન શેડ સંબંધિત ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2025-2026/52, 53 & 54 (EL) તા. 23.03.2026**

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM/RJT/EL/2025-2026/52 | રાજકોટ મંડળ: M & P પ્રોગ્રામ હેઠળ રિપ્લેસમેન્ટ આધાર પર NLK ખાતે 01 નંબર EIM વેઈબ્રિજની ખરીદી અને સ્થાપના. | 6,46,028.82/- | 12,900/- |
| 2 | DRM/RJT/EL/2025-2026/53 | રાજકોટ મંડળ - લુનસેરિયા - વાંકાનેર વચ્ચે કિમી 698/1-2 પર એલસી નંબર 92 ની જગ્યાએ એલએચએસ પૂરું પાડવું. | 2,74,385/- | 5,500/- |
| 3 | DRM/RJT/EL/2025-2026/54 | રાજકોટ મંડળ – મોરબી ખાતે ટાવર વેગન શેડ સંબંધિત ઈલેક્ટ્રિકલ કામ. | 7,85,759/- | 15,700/- |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 14.04.2026 @ 15.00 કલાકે **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ),પશ્ચિમ રેલવે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ,ગુજરાત - 360001 **વેબસાઈટ: www.ireps.gov.in** RJT 216

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


---


**રાજકોટ મહાનગરપાલિકા**

**વેરા વસુલાત શાખા**

**"વ્યાજ માફી યોજના"**

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ "વ્યાજ માફી યોજના" અમલમાં છે :

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- "વ્યાજ માફી યોજના" ની છેલ્લી તારીખ : ૩૧/૦૩/૨૦૨૬
- તા.૨૬/૦૩/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી તહેવારની રજાઓ, ચોથા શનિવાર તથા રવિવાર સહિતના તમામ દિવસોમાં સવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી વેરાની વસુલાત ચાલુ રહેશે.

વ્યાજ માફી યોજના નો અવશ્ય લાભ લો.

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે નીચેનો QR CODE સ્કેન કરો

બાકી વેરો રૂબરૂ ભરવા માટે નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.


---

**માત્ર દ્રષ્ટી નહીં પણ દીર્ઘદ્રષ્ટી**

# ગ્રાહકોના વિશ્વાસની અખૂટ મૂડી ધરાવતી દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીનો ૪૮માં વર્ષમાં પ્રવેશ

## જાહેરખબરની દુનિયામાં પાયોનિયર હોવાનું ગૌરવ

**આજની બદલાયેલા સમયની સાથે ચાલતી અડગ અને અટલ એડ. એજન્સી**

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત દ્રષ્ટી એડવર્ટાઈઝીંગ એજન્સી આવતીકાલે રામનવમીના પવિત્ર દિવસે સ્થાપનાના ૪૭ વર્ષ પુરા કરીને ૪૮માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના સ્થાપક ગીરધરભાઈ ઘાડિયાએ પાયાથી જ વિશ્વાસનું ઘડતર કર્યું હતું. તેમના સાથીદાર તરીકે ગિરીશભાઈ ત્રિવેદીએ પણ ખભેખભા મિલાવીને મીડિયા અને ગ્રાહકો વચ્ચે સંબંધનો સેતુ બાંધ્યો.. સમય જતા ગીરધરભાઈ ઘાડિયા પરિવાર સાથે વિદેશ શિફ્ટ થતા દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીની જવાબદારી ગિરીશભાઈ ત્રિવેદી ઉપર આવી અને મેનેજિંગ ડીરેક્ટર તરીકે તેમણે આ જવાબદારી બખૂબી નિભાવી છે.



ગિરધર ઘાડીયા
(ફાઉન્ડર-ચેરમેન)

ગિરીશભાઈ ત્રિવેદીએ પોતાના ક્રિએટીવ સ્ટાફ, ટીમવર્ક, આધુનિક ટેકનોલોજી, વ્યવસાયી દ્રષ્ટિકોણ અને સૌથી મહત્વનું વિચારોની પરિપકવતા રાખીને સફળતાના શિખરો સર કર્યા છે. ગીરધરભાઈ ઘાડિયાએ સ્થાપેલા મુલ્યાોનો જાળવી રાખીને ગિરીશભાઈ ત્રિવેદી દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીને અગ્રસ્થાને લઈ ગયા છે.





ગિરીશભાઈ પોતે માને છે કે, આજના સોશિયલ મીડીયાના જમાનામાં પણ પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં જાહેરખબરનું મહત્વ યથાવત રહ્યુ છે અને અમારી સફળતા અમારા બહોળા કલાયન્ટને જ આભારી છે. અમને ખુશી છે કે, માર્કેટમાં બદલાતા જતા ટ્રેન્ડ, કલાયન્ટની બદલાતી અપેક્ષા અને જરૂરિયાત, વ્યવસાયિક હરીફાઈ, બજેટ, કિંમત અને ક્વોલિટી જેવા મુદ્દે અમે સંતુલન જાળવી શક્યા છીએ.

ઘણી જગ્યાએ આફ્ટરસેલ સર્વિસમાં સમસ્યા હોય છે પણ દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી આમાં પણ જુદી તરી આવે છે. કલાયન્ટ એક વખત દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના પગથીયા ચડે પછી તે કાયમી સંબંધ બાંધી લ્યે છે. આજે દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી પાસે દાયકાઓ જુના કલાયન્ટ છે.

ગિરીશભાઈ ત્રિવેદીએ આ સફળતાનો યશ કલાયન્ટના ભરોસા ઉપરાંત દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સીના પરિવાર જેવા સ્ટાફ મેમ્બર્સને પણ આપ્યો છે. આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ જેવા આજના મુખ્ય પરિબળ સાથે પણ કદમ મિલાવીને દ્રષ્ટી એડવર્ટાઈઝિંગ એજન્સી જમાનાની સાથે ચાલી રહી છે. જાહેરખબરનો આકર્ષક લે-આઉટ, વાંચકોને સ્પર્શી જાય તેવો શબ્દભંડોળ અને ઝડપી સર્વીસ એ આગવી વિશેષતા છે.



ગિરીશ ત્રિવેદી
(એમ.ડી.)

**ચેરમેન ગીરધરભાઈ ઘાડિયાના વિદેશગમન પછી એમ.ડી. ગિરીશભાઈ ત્રિવેદીએ સફળતાના શિખરો સર કર્યા**

તંત્રી લેખ

# ગુજરાતમાં હવે સમાન અધિકાર

નવદુર્ગાની આરાધનાના આ જ પવિત્ર દિવસોમાં ગુજરાત સરકાર, ગુજરાતની લાખો માતાઓ, બહેનો અને દીકરીઓને સશક્ત કરવાનું યુસીસી બિલને મંજૂરી આપવામાં આવી છે.

આ બિલ રાજ્યની મહિલા શક્તિના સન્માનનો એક ઐતિહાસિક નિર્ધાર છે.

ભારતનું બંધારણ ઘડનારા આપણા મહાન શિલ્પીઓએ 'સમાનતા અને ન્યાય'નો પાયો નાંખ્યો હતો.બંધારણ સભાના એ મહામાનવોના સંકલ્પને ચરિતાર્થ કરનારું આ બિલ આજે સૌની સમક્ષ મુકવામાં આવ્યુ છે. જેનુ નામ છે : ''ધ યુનિફોર્મ સિવિલ કોડ ગુજરાત,૨૦૨૬'' ગુજરાત વિધાનસભાના ગૌરવશાળી ઈતિહાસમાં એક એવો સુવર્ણ અધ્યાય લખાવા જઈ રહ્યો છે, જેની નોંધ આવનારી સદીઓ લેશે.

ગુજરાત હંમેશાંથી દેશને નવી દિશા ચિંધનારું અને રાષ્ટ્રનિર્માણમાં અગ્રેસર રહેનારું રાજ્ય રહ્યું છે. ભૌગોલિક ભારતને એક કર્યું; એ જ ભારતને આર્થિક, વહીવટી અને સામાજિક સ્તરે એક તાંતણે બાંધવાનું ઐતિહાસિક ભગીરથ કાર્ય થયું છે.

છેલ્લા એક દાયકામાં આ દેશે રાષ્ટ્રીય એકીકરણના જે મહાન ઉપક્રમો જોયા છે, તે અદભુત છે.યુસીસી બિલ કોઈના રીતિ-રિવાજો છીનવી લેવા માટે નથી. આ બિલ આ રાજ્યની લાખો એવી દીકરીઓ અને માતાઓના આંસુ લૂછવા માટે છે, જેઓ વર્ષોથી કાયદાની અસમાનતાના કારણે અન્યાય સહન કરતી આવી છે.

જ્યારે આપણા દેશમાં સજા આપવા માટેનો ક્રિમિનલ કાયદો એક સમાન છે; કોઈ ચોરી કરે, ખૂન કરે, ટ્રાફિકનો નિયમ તોડે; તો તે હિન્દુ હોય કે મુસ્લિમ, તેને એક સમાન સજા મળે છે...

તો પછી જ્યારે વાત એક દીકરીના લગ્નની આવે, તેના છૂટાછેડાની આવે, તેના ભરણપોષણની આવે કે પિતાની મિલકતમાં તેના સમાન હિસ્સાની આવે, ત્યારે તેનો ધર્મ કેમ પુછાય છે? માટે જ, આ બિલ નારી સશક્તિકરણનું, સામાજિક સમરસતાનું અને કાયદા સમક્ષ સૌની સમાનતાનું સૌથી મોટું અને નિર્ણાયક પગલું છે.આપણું બંધારણ રાષ્ટ્રીય એકીકરણ અને સમાન ન્યાય માટે સ્પષ્ટ આદેશ આપે છે. વિશ્વના અનેક વિકસિત અને પ્રગતિશીલ દેશોએ દાયકાઓ અને સદીઓ પહેલાં જ 'એક દેશ, એક કાયદો' ના મંત્રને સ્વીકારી લીધો છે. આઝાદ ભારતનાં ઈતિહાસમાં સૌપ્રથમ ઉત્તરાખંડ સરકારે પણ આ ઐતિહાસિક પગલું ભરીને પોતાના રાજ્યમાં 'યુનિફોર્મ સિવિલ કોડ' લાગુ કરીને એક નવી કેડી કંડારી છે.અને હવે, ઉત્તરાખંડ બાદ આપણું ગુજરાત આ દિશામાં મક્કમ ડગલાં માંડીને દેશના અન્ય રાજ્યો માટે કાયદાકીય સમાનતાનું એક ઉત્તમ અને મજબૂત ઉદાહરણ પૂરું પાડવા જઈ રહ્યું છે.

રાજ્ય કુ. માંડલીયા

રામ આયેંગે તો અંગના સજાઉંગી

# પુનર્વસુ નક્ષત્રનો શુભ સંયોગ હોવાથી રામનવમીની ઉજવણી શુક્રવારે કરવી સર્વોત્તમ

## તિથિની વધઘટ હોવાથી બે દિવસ ઉજવાશે રામનવમીઃ કાલે સવારે ૧૧:૫૦ સુધી આઠમઃ રામ નામ આધી, વ્યાધિ અને ઉપાધિ હરનારો મહામંત્ર

### રામ નામનો મહિમાઃ

શ્રી રામ નામમાં 'ર' અગ્નિબીજ છે જે પાપોને બાળે છે, 'આ' સૂર્યબીજ છે જે જ્ઞાન આપે છે અને 'મ' ચંદ્રબીજ છે જે શાંતિ બક્ષે છે. આ એક એવો મહામંત્ર છે જે કોઈપણ સમયે અને સ્થળે જપી શકાય છે, જે જીવનના તમામ કષ્ટો દૂર કરવાની અદભૂત શક્તિ ધરાવે છે.

### રામનવમી પૂજન વિધિ અને અભિજીત મુહૂર્ત

ભગવાન રામચંદ્રજીનો જન્મોત્સવ બપોરે ૧૨:૦૦ વાગ્યે મનાવવો જોઈએ. પૂજા માટે બાજોઠ પર સફેદ વસ્ત્ર બિછાવી પ્રભુની છબી પધરાવવી. દીપ પ્રગટાવી ચંદન, પુષ્પ, અબીલ-ગુલાલ અને કંકુથી પૂજન કરવું. ખાસ કરીને બપોરે ૧૨:૨૪ થી ૧:૧૪ સુધીના 'અભિજીત મુહૂર્ત' માં પૂજન કરવું અત્યંત મંગલકારી છે. આ સમયે પરિવાર સાથે રામધૂન અને આરતી કરી ક્ષમાયાચના કરવી.

**અબતક, રાજકોટ**

આ વર્ષે ચૈત્ર નવરાત્રીના પાવન દિવસોમાં તિથિઓના સંયોગને કારણે ધાર્મિક ઉત્સવોનું વિશેષ મહત્વ સર્જાયું છે. ચૈત્ર સુદ આઠમ ગુરુવાર, ૨૬ માર્ચના રોજ સવારે ૧૧:૫૦ વાગ્યા સુધી છે, ત્યારબાદ નોમ તિથિનો પ્રારંભ થાય છે. શાસ્ત્રોક્ત નિયમ મુજબ, શુક્રવારે ૨૭ માર્ચના રોજ સૂર્યોદય સમયે 'ઉદિત તિથિ' નોમ હોવાથી અને સાથે જ પુનર્વસુ નક્ષત્રનો શુભ સંયોગ હોવાથી રામનવમીની ઉજવણી શુક્રવારે કરવી સર્વોત્તમ રહેશે. વૈષ્ણવ સંપ્રદાયમાં પણ શુક્રવારનો જ ઉલ્લેખ છે, જોકે અયોધ્યામાં અને સરકારી રજા મુજબ ૨૬ માર્ચના રોજ ઉજવણી થશે.

જે ભક્તોને ઘરે કુળદેવીના નિવેદ કે હવન કરવાના હોય, તેમના માટે ૨૬ માર્ચ, ગુરુવારનો દિવસ અતિ ઉત્તમ છે કારણ કે સવારે ૧૧:૫૦ સુધી આઠમ વિદ્યમાન છે.

### રામનવમીમાં પંજરીના પ્રસાદનું મહત્વ

રામ જન્મોત્સવમાં પંજરી (ધાણા, સાકર અને નાળિયેર) નો પ્રસાદ ધરાવવો એ ધાર્મિક અને આરોગ્ય બંને દ્રષ્ટિએ હિતકારી છે. પૌરાણિક માન્યતા મુજબ પ્રભુને પંજરી પ્રિય છે, જ્યારે આયુર્વેદિક દ્રષ્ટિએ પંજરીના ગુણો ઠંડક આપનારા અને પાચન માટે શ્રેષ્ઠ હોવાથી ચૈત્ર માસની ગરમીમાં તે સ્વાસ્થ્યપ્રદ માનવામાં આવે છે.

### શ્રી રામ મંત્ર મહિમાઃ કયો મંત્ર સંકટ દૂર કરશે?

૧. 'રામ': કોઈપણ સમયે જાપી શકાય તેવો શાંતિદાયક મહામંત્ર.

૨. 'રાં રામાય નમઃ': આર્થિક સંકટ અને નાણાકીય મુશ્કેલીઓ દૂર કરવા માટે.

૩. 'રામચંદ્રાય નમઃ': જીવનના કલેશ અને પારિવારિક ઝઘડા શાંત કરવા માટે.

૪. 'ૐ રામભદ્રાય નમઃ': અટકેલા કાર્યોની સફળતા અને સિદ્ધિ માટે પ્રભાવી મંત્ર.

૫. 'શ્રી નમો ભગવતે રામચંદ્રાય': અચાનક આવી પડતી આપત્તિઓના નિવારણ માટે.

૬. 'શ્રી રામ જય રામ જય જય રામ': દરેક મનોકામના પૂર્ણ કરતો વિજય મંત્ર.

૭. 'શ્રી રામ ગાયત્રી મંત્ર': ''શ્રી દશરથાય વિદ્મહે સીતા વલ્લભાય ધીમહિ તન્નો રામઃ પ્રચોદયાત્'' - સર્વ કાર્યમાં સફળતા અને બુદ્ધિની નિર્મળતા માટે.

# વીવાયઓ શ્રીનાથધામ હવેલી ખાતે વ્રજરાજકુમારજી મંગલ પધરામણી





**અબતક, રાજકોટ**

વીવાયઓ શ્રીનાથ ધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં તારીખઃ- ૩૧ માર્ચ થી ૪ એપ્રિલ ના રોજ સવારે ૭:૩૦ કલાકે હરિનામ સંકીર્તન નો લાભ સર્વને પ્રાપ્ત થશે. તેમજ દરરોજની મુલાકાત એવમ આશીર્વાદ મેળવવા માટે બપોરે રાજભોગ દર્શનમાં ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાકે અને સાંજે સંધ્યા દર્શનમાં ૬:૩૦ થી ૭:૦૦ કલાકમાં રહેશે.

દ્વારા ઠાકોરજીની સન્મુખ તારીખ ૧ એપ્રિલ (બુધવાર) ના સવારે ૭:૦૦ કલાકે શ્રીનાથ ધામ હવેલીમાં બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે. તેમજ ૪ એપ્રિલ (શનિવાર) ના રોજ સવારે ૯:૦૦ કલાકે ઠાકોરજી પૃષ્ટિકરણ કરાવવામાં આવશે. ઈચ્છુક વૈષ્ણવોએ હવેલી કાર્યાલયમાં નામ નોંધવાના રહેશે. વધુ વિગત માટે ૯૩૧૬૨ ૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરવો.

# હરિપ્રકાશ સ્વામી અને વિવેકસાગર સ્વામીના આશિર્વચનથી વાલરડીધામમાં ભાવિકો થયા ધન્ય



**અબતક, રાજકોટ**

ગીરીબાપુના પાવન સાનિધ્યમાં પવિત્ર વાલરડી ધામ ખાતે ચાલી રહેલી દિવ્ય કથામાં ભકિત અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. આ પ્રસંગે સાળંગપુર હનુમાનજી મંદિરના હરિપ્રકાશ સ્વામી અને વિવેકસાગર સ્વામીની પાવન ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને દિવ્યતાથી ભરી દીધું હતું. સંતોના આગમનથી કથાનો મહિમા વધુ ઉજ્જવળ બન્યો હતો અને તેમના દ્વારા આપવામાં આવેલા આશીર્વચનોએ ઉપસ્થિત ભક્તજનોના હૃદયમાં અતૂટ શ્રદ્ધા, પરમ શાંતિ અને નવી આધ્યાત્મિક ઉર્જાનો સંચાર કર્યો હતો. વાલરડી ધામ ખાતે ઉમટી પડેલા ભાવિકો સંતોના આશીર્વાદ અને ગીરીબાપુની અમૃતવાણીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.

# ભારતીય જૈન સંગઠન મહિલા વિંગ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી



**અબતક, રાજકોટ**

ભારતીય જૈન સંગઠન મહિલા વિંગ, ભુજ દ્વારા પ્રમુખ ગીતા પારેખના નેતૃત્વ હેઠળ હોટેલ રેજેન્ટા ખાતે ભવ્ય વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ચિત્રહાર મ્યુઝિકલ હાઉસી, ગ્રુપ ફોટો કોન્ટેસ્ટ તેમજ ઓડિયન્સ રાઉન્ડ જેવી વિવિધ રસપ્રદ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ અંદાજે ૩૫ જેટલા ઈનામો રાખવામાં આવ્યા હતા.

સાથે સાથે વર્લ્ડ વોટર ડે નિમિત્તે આંજુલી ફાઉન્ડેશન પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ સભ્યોએ પાણીનો બગાડ ન કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન મહામંત્રી મનીષાબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આશરે ૯૦ જેટલા સભ્યો હાજર રહ્યા હતા. ખજાનચી મયુરી દોશી દ્વારા ગયા વર્ષની આવક-જાવકનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો.

ભારતીય જૈન સંગઠન ના લેડીવિંગના મંત્રી મીરા શાહનું ભાજપ ના મહિલા મોરચાના મહામંત્રી બનવા બદલ સન્માન કરવામાં આવેલ હતું

# જૈન અગ્રણી જીવદયાપ્રેમી રાકેશ ડેલીવાળાનો જન્મદિવસ



જૈન અગ્રણી, રાજકોટની સુપ્રસિદ્ધ સેવાભાવી સંસ્થા સત્કાર્ય સેવા સમિતિના સફળ સંયોજક પ્રખર જીવદયાપ્રેમી રાકેશભાઈ ડેલીવાળાએ આજના શુભદિને પોતાના આદર્શ અનુપમ જીવનનાં ૫૨ વર્ષ પૂરાં કરી ત્રેપનમાં વર્ષમાં મંગલમય પ્રવેશ કરતાં દર વર્ષની જેમ હરહંમેશ પોતાનો જન્મ દિવસ જીવદયા તરીકે ઉજવી સમાજ જીવનને પ્રેરણાત્મક સંદેશો પહોંચાડી સત્કાર્યની સુવાસ ફેલાવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. તેઓએ હજારો પશું -પક્ષીઓને કતલખાનેથી છોડાવી રાજકોટ મહાજનની પાંજરાપોળમાં મૂક્ત કરી જીવદયાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પૂરું પાડી સંસ્થાનું નામ રોશન કરેલ છે.અનેકવિધ ધાર્મિક તથાં સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હોય સેવાકાર્યમાં તન-મન અને ધનથી યોગદાન આપી તેઓ ''સેવા પરમો ધર્મને'' માનનારા છે. રાજકોટમાં સેવા જગતનું ઘરેણું તરીકેની તેમની આગવી ઓળખ છે. સંગઠનમાં માહિર - આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચ કોટિનું તત્વ જ્ઞાન ધરાવતા રાકેશભાઈ ડેલીવાળાને ૫૨ માં જન્મ દિવસે તમામ સંપ્રદાયના પૂજ્ય સંત-સતિજીઓએ, રાજકીય આગેવાનો , સામાજિક અગ્રણીઓ , સમાજ શ્રેષ્ઠીઓ, સગાં-સંબંધીઓ, બહોળા મિત્રમંડળ તથાં સત્કાર્ય સેવા સમિતિના તમામ મહાનુભાવોએ રૂબરૂમાં તથાં તેમના મોં.૮૮૪૯૭ ૩૪૫૦૩ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# રામનવમી પર્વ નિમિતે કિશાન ગૌશાળા ખાતે કાલે ગૌ પુજન

## ગૌશાળામાં ૨૩૦૦ ગાયોને થતી સેવા, રામવંદના, મહાઆરતી, ભજન કિર્તન યોજાશે




**અબતક, રાજકોટ**

રામનવમીનાં પાવન પર્વ નિમીતે રાજકોટની ભાગોળે આજીડેમ ચોકડી પાસે, રામવનની સામે,રાજકોટ ખાતે આવેલ કિશાન ગૌશાળામાં તા. ૨૬મી માર્ચ ને ગુરુવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી ગૌ પૂજન વૈદિક મંત્રોથી કરવામાં આવશે. રામ જન્મના વધામણાં સાથે પૂર્ણ પુરષોતમ ભગવાન શ્રીરામની મહાઆરતી અને ગૌઆરતી કરાશે.

રાજકોટ શહેરની ભાગોળે આવેલ 'કિશાન ગૌશાળા' માં આશરે ૨૩૦૦ જેટલા અબોલ પશુ-પક્ષીઓ ગાય, બળદ, વાછડા વિગેરેનો સુંદર નિભાવ થઈ રહયો છે, જેમા રસ્તે રઝડતા, બીનવારસી, અંધ, અપંગ, બીમાર, લૂલા-લંગડા માંદા પશુઓ સ્વીકારવામાં આવે છે અને જો કોઈ પશુ બીમાર હોય તો તેની સારવાર કરવામાં આવે છે અને તેની સેવાચાકરી કરવામાં આવે છે. સંસ્થાને કોઈ કાયમી ભંડોળ નથી સંસ્થા સંપૂર્ણપણે દાતાઓના શ્રીદાન પર નિર્ભર છે.

પ્રવર્તમાન મોંઘવારીના સ્થિતિના હિસાબે, ગૌ સેવા-જીવદયા પ્રવૃતિઓનો નિર્વાહ કરવો ખુબ મુશ્કેલ બન્યો છે. કિશાન ગૌશાળા દ્વારા ગાય આધારીત પ્રાકૃતિક ખેતી માટે ગૌમૂત્ર, જુની પડતર છાશ, જીવામૃત, ઘનજીવામૃત વિગેરે રાહત ભાવે બનાવી આપવામાં આવે છે પ્રાકૃતિક ખેતી માટેનું કિશાન ગૌશાળાના ચંદ્રેશભાઈ પટેલ દ્વારા એક મોડલ ફાર્મ પણ થોરાળા ગામ ખાતે તૈયારકરવામાં આવેલ છે જેમાં કોઈપણ ખેડૂત જો રૂબરૂ મુલાકાત લ્યે તો પ્રાકૃતિક ખેતી શું છે અને કેવી રીતે થઈ શકેતે જાણી શકાય.

# કરવા કર્મોની હોળી કરો આયંબિલની ઓળીઃ ધીરગુરુદેવ



"સિદ્ધચક્રની આરાધનામાં શ્રીપાલ અને મયણા"

**અબતક, રાજકોટ**


વર્તમાનમાં વિશ્વમાં અસ્થિરતા, અંધાધુંધી, અરાજકતા, યુધ્ધ, હિંસાનું વાતાવરણ બની રહ્યું છે. તેવા સમયમાં જૈન ધર્મની પરંપરામાં ૯ દિવસીય આયંબિલ તપનું આયોજન આશ્વાસન રુપ છે.

સત્તા કાજે ચોમેર તોફાનો મચ્યા છે. તેવા સમયમાં પ્રમુ મહાવીર સ્વામીનો ઉપદેશ જ શાંતિમાં સહાયક બની શકશે.

નવદિવસીય વિગત દુધ, દહીં, ઘી, ગોળ, તેલ રહિત ભોજન કરીને આયંબિલ કરનારા તપસ્વીઓ જાપમાં પણ જોડાઈને વિશ્વશાંતિમાં ઉપયોગી બની શકે છે. રોગોત્પતિ ઉત્પન્ન થવાના ૯ કારણો છે. ૧) વધુ ભોજન કરવાથી, ૨) એક આસને વધુ સમય બેસવાથી, ૩) વધારે સુવાથી, ૪) વડીનીત (લેટ્રીન) રોકી રાખવાથી, ૫) લઘુનીત રોકી રાખવાથી, ૬) વધારે જાગવાથી, ૭) વધારે ચાલવાથી, ૮) ભોજનની પ્રતિકુળતાથી, ૯) ઈન્દ્રિયોના વિષયનું અતિસેવન કરવાથી શરીર સાધન છે. સાધનામાં સહાયક છે. સાધના વડે સાધ્યની પ્રાપ્તિ શકય છે. જે કરો, જેટલું કરો ભાવથી કરો અને આરાધના આરાધક ભાવ સુધી લઈ જાય તેવી ભાવનાથી કરતા રહેવું, જૈન ધર્મમાં કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણેયનું ફળ એક સમાન દર્શાવેલ છે. કરવા કર્મોની હોળી કરો આયંબિલની ઓળી

# તલગાજરડામાં પૂ.મોરારિબાપુના સાનિધ્યમાં હનુમાન જન્મોત્સવ ધામેધુમે ઉજવાશે

## હનુમંત શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં કલાકારો સંગીત સંગીતના સુર રેલાવશે, વિવિધ ક્ષેત્રના વિદ્યાધરોનું સન્માન



**અબતક, રાજકોટ**

પ્રતિ વર્ષની પાવન પરંપરા અનુસાર આગામી તારીખ ૩૦ માર્ચ થી ૨ એપ્રિલ દરમિયાન ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં હનુમંત જન્મોત્સવ ઉજવાશે. આ અંતર્ગત યોજાતા હનુમંત શાસ્ત્રીય સંગીત મહોત્સવમાં તારીખ ૩૦/૩/૨૬ રાત્રિએ દેબાશીષ ભટ્ટાચાર્યનું ગીટાર વાદન પ્રસ્તુત થશે જેની સાથે યશવંત વૈષ્ણવ તબલાં સંગત કરશે. તા.૩૧/૩/૨૬ની રાત્રિએ ઓજસ અઢિયાનું તબલાં વાદન થશે જેમાં સબીર ખાં સારંગીની સંગત કરશે. તા. ૧/૪/૨૬ ની રાત્રિએ વિદુષી કૌશિકી ચક્રબર્તી તેમના મધુર કંઠે શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત કરશે જેમાં મુરાદઅલી સારંગી, ઈશાન ઘોષ તબલાં અને તન્મય દેવચકે હાર્મોનિયમ સાથે સંગત કરશે. તા. ૨/૪/૨૬ અને હનુમંત જન્મદિને સવારે સૌ પ્રથમ સુંદરકાંડના પાઠ યોજાશે અને ત્યારબાદ ૯ વાગ્યે હનુમંત જન્મોત્સવ પ્રસંગે ગુરુ રતિકાંત મહાપાત્ર હનુમાનજી સમક્ષ ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરશે. પ્રતિ વર્ષ સમાજના જુદા જુદા ક્ષેત્રના વિદ્યાધરોને આ અવસરે વિવિધ એવોડ્ર્સ દ્વારા સન્માનિત કરવામાં આવે છે. આ પ્રસંગે તા. ૨ એપ્રિલને દિવસે સુસાઈ કન્નૂ કુલંદેઈ સામીને સદ્ભાવના એવોર્ડ, કનુ પટેલને કૈલાસ લલિતકલા એવોર્ડ (ચિત્રકલા), શ્યામલ મુનશી - સૌમિલ મુનશીને અવિનાશ વ્યાસ એવોર્ડ, સન્માનિત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમને આસ્થા ચેનલ તેમજ ચિત્રકૂટધામની ઓફિસીયલ યુ ટ્યુબ ચેનલ પરથી લાઈવ પ્રસારિત કરવામાં આવશે.

# નકલી લગ્ન પર નિયંત્રણ લાવવાનો પ્રયત્ન આવકારદાયકઃ ભાવનાબેન જોષીપુરા

**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ ના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અને રાજકોટ શાખાના પ્રમુખ પ્રથમ મહિલા મેયર મહિલા ધારાશાસ્ત્રી ભાવના જોશીપુરાએ સમાન નાગરિક વિધેયકના સંદર્ભમાં પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું છે કે સવિશેષ રીતે ફરજિયાત લગ્ન નોંધણી બાળ લગ્ન પ્રતિબંધ તેમજ મહિલાઓ માટે ખૂબ પીડાદાયક બહુ પત્નીત્વ પ્રથા ઉપર પ્રતિબંધ તથા ફરેબી અને નકલી લગ્ન પર નિયંત્રણ લાવવાનો જે પ્રયત્ન છે તે આવકારદાયક છે.

સમાન છુટાછેડા નો કાયદો ઘણા વર્ષથી ખૂબ જ જરૂરી માનવામાં આવે છે અને જે અલગ અલગ નિયમો છે અને તેના અર્થઘટનમાં જે વ્યાપક પરિસ્થિતિ પ્રવૃત્તિ રહેલ છે તે સ્થિતિમાં મહિલાઓ માટે આ બાબત ખૂબ જ રાહત રૂપ રહેશે એટલું જ નહીં પરંતુ ગરીબ અને અત્યંત જરૂરીયાત વાળી મહિલાઓને સમાન અને ન્યાયસંગત ભરણપોષણ પણ ખૂબ જ સાચી દિશા નું પગલું છે.

સમગ્ર બાબત એ સંપૂર્ણપણે સામાજિક દ્રષ્ટિ કોણ થી અને પરસ્પરની સમજણથી મુલવવાની આવશ્યકતા છે આ બાબત જે છે તે મહિલાઓ ને સમાનતાની જે સંકલ્પના છે તેની સાથે સંપૂર્ણ સુસંગત છે એટલું જ નહીં પરંતુ ભારતીય બંધારણમાં જે સમાનતાનો સિદ્ધાંત છે તેને અનુરૂપ છે તેવું મારું સ્પષ્ટ પણે માનવાનું છે.

વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી અંતર્ગત

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે શુક્રવારે 'જળ- આજનો વ્યય, કાલની તરસ' વિષયે નાટકનું આયોજન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન તેમજ રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સ રાજકોટની વુમન્સ સાયન્સ ક્લબ અંતર્ગત નારી ઉડાન તાલીમ કેમ્પ ચાલી રહ્યો છે, જેમાં મહિલાઓને આત્મવિશ્વાસપૂર્વક કેવી રીતે બોલવું, સ્ટેજ પરફોર્મન્સ કેવી રીતે કરવું, બોલતી વખતે હાવ ભાવ કેવા રાખવા વગેરેની તાલીમ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત આશરે ૧૧ થી ૬૦ વર્ષના ૧૬ જેટલા બહેનો દ્વારા એક નાટિકા ભજવાશે.

વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી સપ્તાહ અંતર્ગત બાલભવન, ભારત સેવક સમાજ અને સંકલ્પ થિયેટર રાજકોટ દ્વારા આયોજિત રાજકોટ શહેર એકાંકી નાટ્ય સ્પર્ધા માં ''જળઃ આજની વ્યથ, કાલની તરસ -આ વિષય પર આ બહેનો દ્વારા એક નાટીકા તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૩૦ કલાકથી બાલભવન (રેસકોર્સ) ના ઓડિટોરિયમ ખાતે ભજવવામાં આવશે, જેમાં અત્યારે પાણીની દુરૂપયોગ અને બગાડ થઈ રહ્યો છે, તે ચાલુ રહેશે તો ભવિષ્ય કેવું અંધકારમય હશે તે નાટિમ દ્વાશ બતાવી સામાન્ય જનતાને જાગૃત કરવામાં આવશે, તથા જળ એ જ જીવન છે તેવો સંદેશ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી નાટીકા દ્વાશ બનાવવામાં આવશે. તો રાજકોટ શહેરના સર્વ નાગરિકોને આ કાર્યક્રમમાં હાજરી આપી મહિલાઓનો ઉત્સાહ વધારવા અનુરોધ કરવામાં આવે છે.

# કણસાગરા કોલેજના વિદ્યાર્થીઓને ટીબીની બિમારી અંગે કરાયા માહિતગાર

## વક્તૃત્વ સ્પર્ધામાં ટી.બી. નિવારણ, આરોગ્ય જાગૃતિ સહિતના વિષયો રજુ કર્યા

**અબતક, રાજકોટ**

કણસાગરા કોલેજ ખાતે વિશ્વ ક્ષયરોગ દિવસ નિમિત્તે મેરા યુવા ભારતના સ્વરૂપજી તથા રાજેશ રાઠોડના સહયોગથી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ક્ષય રોગ (ટી.બી.) અંગે જાગૃતિ ફેલાવવાનો, તેની સારવાર અને નિવારણ અંગે માહિતી આપવાનો તથા સમાજમાં આરોગ્ય પ્રત્યે સચેતતા લાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ ડો. સ્નેહલ કોટક દ્વારા વિદ્યાર્થીઓને ટી.બી. જેવી ગંભીર બિમારી અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રાધ્યાપક ડો. રાજેન્દ્ર સેજલીયા, જણાવ્યું હતું કે યોગ્ય સારવાર, પોષણ અને સમયસર નિદાન દ્વારા ટી.બી. સંપૂર્ણપણે ઠીક થઈ શકે છે.

વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધારવા માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ આરોગ્ય જાગૃતિ, ટી.બી. નિવારણ, સ્વચ્છતા અને પોષણના મહત્વ જેવા વિષયો પર ઉત્સાહપૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા હતા. સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓ માથી પ્રથમ ક્રમે વિજેતા ધનેશા અનુષ્કા તેઓ વેસ્ટઝોન ફૂટબોલ ટૂર્નામેંટમાં અવધેશ પ્રતાપ સિંહ યુનિવર્સિટી, રીવા ખાતે રમવા ગયા હતા, દ્વિતીય ક્રમે વિજેતા રામોલીયા દિપીશા તેઓ વેસ્ટઝોન હોકી ટૂર્નામેંટમાં સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટી, પુણે ખાતે રમવા ગયા હતા, તૃતિય ક્રમે વિજેતા સોલંકી સંજના તેઓ વેસ્ટઝોન એર પિસ્તોલ શૂટિંગ ટૂર્નામેંટમાં સ્વામી વિવેકાનંદ સુભારતી યુનિવર્સિટી, મેરઠ ખાતે રમવા ગયા હતાં.

# કૃષિ અને મોબાઈલ ટાવર માટે બેરલમાં ડીઝલનો જથ્થો અપાશે

## પેટ્રોલ પંપ ૨૪ કલાક ચાલુ છે જે સાબિત કરે છે કે પુરતો જથ્થો ઉપલબ્ધ

**અબતક,રાજકોટ**

રાજયમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે .પરંતુ તેમ છતાં રાજયના દરેક પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ તથા ડીઝલનું વેચાણ માત્ર વાહનોની ટાંકીઓમાં ભરવા પૂરતું જ સિમિત કરવામાં આવેલ છે .

તે સિવાયના કોઈપણ પાત્ર કે બેરલમાં પેટ્રોલ તથા ડીઝલનું વેચાણ કરી શકાશે નહીં . પરિપત્રમાં સુધારા કરી કૃષિ ક્ષેત્ર માટે ૨૦૦ લીટર તથા મોબાઈલ ટાવર માટે ૧૦૦૦ લીટરની બેરલમાં ડીઝલ ભરીને લઈ જવાની છુટ આપવામાં આવી છે.

જો કોઈ વિક્રેતા કૃત્રિમ અછત ઊભી કરવાનો પ્રયાસ કરશે અથવા સંગ્રહખોરી કરશે, તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તે બાબત પણ પરિપત્રિત કરવામાં આવે છે.

હાલના સંજોગોમાં ખોટી અફવાઓ તેમજ ગભરાટ ફેલાવવાના કારણે સામાન્ય વેચાણ કરતા ૪ થી ૫ ગણું વધારે વેચાણ થયેલ છે

તેમ છતાં પણ પેટ્રોલ તથા ડીઝલનો પુરવઠો પુરો પાડી શકાયો છે.

જે પેટ્રોલ પંપ ૨૪ કલાક ચાલે છે

તેમાં પણ પુરવઠો આપવાનું ચાલુ છે. જે સાબીત કરે છે કે, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

રાજયના નાગરીકોમાં ગભરાટ ન ફેલાય અને તેઓ ઈંધણનો બીનજરૂરી સંગ્રહ ન કરે તે માટે સરકાર દ્વારા સત્તાવાર નિવેદનો અને સોશીયલ મિડીયાના માધ્યમથી લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યું છે કે, રાજ્યમાં પુરતો જથ્થો ઉપલબ્ધ છે .

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાતા ૧૨૧ વેપારીઓ દંડાયા

## રૂ.૩૩૦૭૦નો દંડ વસૂલાતી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

**અબતક રાજકોટ**

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

જેમાં ૧૨૧ આસામીઓ પાસેથી રૂ ૩૩૦૭૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા




ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૨૧ આસામીઓ પાસેથી રૂ.૩૩૦૭૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્પો નાકટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવી છે.

# રાજકોટના ભાઈ-બહેને અમદાવાદ અને બેંગ્લોરની કોલેજોમાં જળ સંરક્ષણની જયોત જગાવી

## જૈન યુનિવર્સિટીના સહયોગથી ધારાસભ્ય દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં 'જળ રક્ષણ'નો ઓનલાઈન વેબિનાર સંપન્ન




**અબતક, રાજકોટ**

બાળપણથી જ પાણીની ભવિષ્યની સમસ્યાને સમજીને 'પાણી બચાવો અભિયાન' ચલાવી રહેલા રાજકોટના બે તેજસ્વી ભાઈ-બહેન, નીલ અને વ્રીતીકાએ ઉચ્ચ અભ્યાસની સાથે પોતાની સામાજિક જવાબદારી અવિરત ચાલુ રાખી છે. અમદાવાદની જીસીએસ મેડિકલ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા નીલે કોલેજના બોરવેલ, હોસ્ટેલ અને બિલ્ડિંગની અગાસીના પાણીનું સંરક્ષણ થાય તેવા પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે. બીજી તરફ, બેંગ્લોરની જૈન યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વ્રીતીકાએ પણ પ્રકૃતિ બચાવવાની પોતાની સેવા ચાલુ રાખી છે. ૨૨ માર્ચ 'વર્લ્ડ વોટર ડે' નિમિત્તે આ બંને ભાઈ-બહેનોએ જૈન યુનિવર્સિટીના સહયોગથી એક ઓનલાઈન વેબિનારનું આયોજન કર્યું હતું, જેમાં પાણીના મહત્વ વિશે સમજ આપી પાણી બચાવવાની અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં રાજકોટથી ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને જીનિયસ ગ્રુપના ડી.વી. મહેતાએ પ્રેરણાદાયી માહિતી આપી હતી. આ વેબિનારને સફળ બનાવવામાં લોહાણા મહાપરિષદના યુથ પ્રેસિડેન્ટ ચિંતનભાઈ વસાણી, જૈન યુનિવર્સિટીના ડેપ્યુટી ડિરેક્ટર દીપક સિન્હા, પ્રકૃતિ કાર્યકર્તા જોન બાશા, ગરીમા સિન્હા, અરુલ સર તેમજ ટેક કાઉન્સિલના સેક્રેટરી કૃષ્ણ મોદી અને ટ્રેઝરર કનિશ જૈન સહિતના મહાનુભાવોએ જહેમત ઉઠાવી હતી.

# રામનવમી - મહાવીર જયંતિએ કતલખાના બંધ રાખવા જાહેરનામું

## કોર્પોરેશન વિસ્તારમાં માંસ, મટન, મચ્છી અને ચિકનના વેચાણ પર પ્રતિબંધ

**અબતક, રાજકોટ**

રામનવમી અને મહાવીર જયંતિના પાવન પર્વના દિવસે કતલખાના બંધ રાખવા કોર્પોરેશન દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.આવતી કાલે રામનવમી નીમીતે તથા તા. ૩૧-૩ ના રોજ મહાવીર જયંતિ નીમીતે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

સંબંધકતા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા સર્વેએ ગંભીર નોંધ લેવી.

# જન કલ્યાણ ટ્રસ્ટના ૮૨૭માં ચક્ષુદાતાના બેસણામાં દેહદાનના સંકલ્પ પત્રો ભરાયા



**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ ને મળેલ ઈકો - વાન ને સવારે પ્રસાદીની કરાવ્યા બાદ એ જ દિવસે સાંજે ૮૨૭ માં ચક્ષુદાન ના બેસણામાં પરિવાર તરફથી ચક્ષુદાન જાગૃતિ માટે જણાવતા તેમના બેસણામાં ચક્ષુદાન, દેહદાના સંકલ્પ પત્રો ભરવાનું આયોજન કરેલ, તેમાં બાહોળા પ્રમાણમાં સંકલ્પ પત્રો ભરાયેલ. આમ નવી ઈકો વાન મળી તે જ દિવસે શુભ શરૂઆત રાજકોટમાં સેવાકાર્ય થી થયેલ.

જનકલ્યાણ ૨૨૨ દ્વારા અત્યાર ચારધુ સુ સુધીમાં મા૬૮૩૦-ચક્ષુદાન, ૪૮-સ્કીન ડોનેશન, ૬૬ - દેહદાન થયેલ છે. વધુ માહિતી માટે ચેરમેન, ઉમેશ મહેતા ૯૪૨૮૫૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયુ છે.

# 'એક રાજય એક નિયમ' નાગરીકોના હિતનું શ્રેષ્ઠ પાસુ: રાજુભાઈ ધ્રુવ

## સમાન નાગરીક ધારો લાગુ કરવાના ઐતિહાસિક નિર્ણયને બિરદાવી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવતા ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ

**અબતક, રાજકોટ**

દેશમાં વસતા તમામ લોકોને સમાન હક્ક, અધિકાર અને ન્યાય પ્રાપ્ત થાય તથા કોઈપણ વ્યક્તિ સાથે ભેદભાવ ન રહે તેવા શુભ આશયથી લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમાન નાગરિક ધારાના વિચારબીજને ગુજરાતના મજબૂત, નિર્ણાયક અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે મૂર્તિમંત કર્યો છે. આ ઐતિહાસિક પગલાં અંગે હર્ષ વ્યક્ત કરતા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું છે કે, રાજ્ય સરકારનો આ નિર્ણય ગુજરાતના કરોડો લોકોના આત્મસન્માનમાં અભૂતપૂર્વ વધારો કરનારો છે. રાજુભાઈ ધ્રુવે સ્પષ્ટ કર્યું છે કે, આ કાયદો લાગુ કરતા પૂર્વે રાજ્ય સરકારે સમાજના તમામ વર્ગોને સાંભળ્યા છે. ગુજરાત સરકાર દ્વારા સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક



ઉચ્ચસ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ લાખો લોકોના સૂચનો અને કાયદાકીય પાસાઓનો ગહન અભ્યાસ કરીને પોતાનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો, જેના નક્કર પાયા પર સરકાર આ કાયદો લાવી છે

સમાન નાગરિક ધારાને મહિલાઓ માટેનું સૌથી મોટું શસ્ત્ર ગણાવતા રાજુભાઈ ધ્રુવે એમ પણ કહ્યું છે કે, આ કાયદાના અમલથી બહેનો-દીકરીઓ સાચા અર્થમાં સલામતીની લાગણી અનુભવશે.

આ ઉપરાંત, લગ્ન, છૂટાછેડા અને સહજીવન (લિવ-ઈન-રિલેશનશિપ), જેવા અત્યંત સંવેદનશીલ મામલાઓમાં પણ સરકારે પારદર્શકતા રાખીને કડક જોગવાઈઓ કરી છે. ખાસ કરીને સહજીવનમાં રહેતા યુગલો માટે નોંધણી ફરજિયાત કરવામાં આવી છે, જેને લીધે સમાજમાં ઉદભવતી કેટલીક ગંભીર બદીઓનો કાયમી ધોરણે અંત આવશેસમાન નાગરિક ધારો ગુજરાતની કરોડો ની પ્રજાજનો ને હાશકારો અપાવનારો તેમજ એક પ્રકારના અદ્રશ્ય સામાજિક બંધન અને વર્ષોના અન્યાયમાંથી મુક્તિ અપાવનારો છે તેમ જણાવી રાજુભાઈ ધ્રુવે ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી,કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ,નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિત સમગ્ર રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા છે.

# ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીણક મહાસંઘની ક્રિકેટ ટુર્નામેન્ટમાં રાઈઝિંગ રાજકોટ બન્યુ વિજેતા

## એસજીવીપી ગુરુકુલના ધર્મવત્સલદાસજી દ્વારા વિજેતા અને રનર અપ ટીમોને ટ્રોફી રોકડ પુરસ્કાર એનાયત



**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સૌરાષ્ટ્ર સંભાગ ૧ ૨ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ અને માતૃશક્તિ સ્પોર્ટ્સ ડે સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ દ્વિદિવસીય આયોજનમાં સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાંથી કુલ ૧૬ ટીમોએ ભાગ લઈ સ્પર્ધાત્મક માહોલ સર્જ્યો હતો.

ક્રિકેટ ટુર્નામેન્ટનો ફાઈનલ મુકાબલો પોરબંદર પાયોનિયર અને રાઈઝિંગ રાજકોટ વચ્ચે યોજાયો હતો. રાઈઝિંગ રાજકોટએ કેપ્ટન ઝાલા અરવિંદસિંહના નેતૃત્વ હેઠળ ઉત્તમ પ્રદર્શન કરી ૮ વિકેટથી એકતરફી વિજય મેળવી ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

જ્યારે હિંમત ગોહિલે ૪ મેચમાં ૮ વિકેટ લઈને બેસ્ટ બોલર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો.

માતૃશકિત સ્પોર્ટ્સ ડે અંતર્ગત મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, કેરમ: પટેલ સ્નેહલબેન (વિજેતા), વસાવડા જિજ્ઞાબેન (રનર-અપ),ચેસ: રીનાબેન ગોસાઈ (વિજેતા), કવિતાબેન પાઠક (રનર-અપ),ગોળાફેંક: રીનાબેન ગોસાઈ (વિજેતા), ભાનુબેન હાપલીયા (રનર-અપ),

૧૦૦ મીટર દોડ: કવિતાબેન પાઠક (વિજેતા), રીનાબેન ગોસાઈ (રનર-અપ),બેડમિન્ટન: વસાવડા જિજ્ઞાબેન (વિજેતા) બન્યા હતા. સમાપન સમારોહમાં એસજીવીપી ગુરુકુળના ડિરેક્ટર ધર્મવત્સલદાસજી દ્વારા વિજેતા અને રનર-અપ ટીમોને ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

આ આયોજન દરમિયાન ખેલાડીઓ માટે ભોજન અને નિવાસની સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉમેશભાઈ પેથાણી, પ્રવિણભાઈ પારખીયા, રવિન્દ્રભાઈ સરવૈયા, અલ્પેશભાઈ કાલરીયા અને મનીષભાઈ કાલરીયા દ્વારા કરવામાં આવી હતી

# અમરેલી ગેંગરેપના ફરાર કેદી ઝડપાયા

## રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફર્લો રજા બાદ ફરાર હતો કેદી

**અબતક, હર્ષ ઠાકર અમરેલી**

રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફર્લો રજા પર છૂટ્યા બાદ સમયસર જેલમાં હાજર ન થતા ફરાર થયેલા ગેંગરેપના ગુનામાં સજા ભોગવી રહેલા પાકા કામના કેદીને અમરેલી પોલીસની પેરોલ-ફર્લો સ્કવોર્ડે ઝડપી પાડ્યો છે.રાજકોટ ગેંગરેપનો. ઈમરાન ઉર્ફે ઈમુ સોલંકી ઉં.વ.૩૦ નામનો કેદી ફર્લો રજા પરથી હાજર નહીં થતા અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અને એલ.સી.બી. પો.ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.તપાસ કરતા કેદી જેલમાં સમયસર હાજર ન થવા માટે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું તેણે બ્લેડથી પોતાના હાથની નસ કાપી નાખતા તેને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંથી ભાગવાની કોશિશમાં હતો. આ માહિતી મળતા જ પેરોલ-ફર્લો સ્કવોર્ડની ટીમ તાત્કાલિક હોસ્પિટલ ખાતે પહોંચી વોચ ગોઠવી ઝડપી પાડ્યો હતો.

## ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી

# દેવકા વિદ્યાપીઠમાં ૧૦૦૦ દીકરીઓ માટેના છાત્રાલય-ભોજનાલયનું ૧લીએ ઉદઘાટન

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા સહિતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

**અબતક,રાજકોટ**

મૂખ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાની પાવન માતૃભૂમિમાં શિક્ષણ સંસ્કાર અને સેવા માટે દેવકા ગામમાં પ્રસ્થાપિત દિવ્ય દેવકા વિદ્યાપીઠમાં બે નવા સોપાન ઉમેરાઈ રહ્યા છે અત્યાર સુધી વિશાળ અદ્યતન સ્કૂલ એવમ કોલેજ બિલ્ડીંગ દીકરીઓ માટે સર્વ સુવિધા યુક્ત બે છાત્રાલય ભવન,મા શૈક્ષણિક કાર્ય સુપેરે ચાલી રહ્યું છે.

હાલમાં વિશેષમા દેવકા વિદ્યાપીઠ પરિસરમાં ૧૦૦૦ દીકરીઓ માટે આધુનિક છાત્રાલય અને ભવ્ય ભોજનાલય નું



નિર્માણ કાર્ય પરિપૂર્ણ થયું છે આથી ઉદઘાટન કરી દીકરીઓને આ ભવન અર્પણ કરવાની વેળા આવી રહી છે. ભાઈશ્રીની પ્રેરણાથી તારીખ ૧/૪/ ૨૦૨૬ બુધવારના સવારે ૧૦ કલાકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા એવમ આ વિસ્તારના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો લોક પ્રતિનિધિઓ વાલીઓ એવમ જાહેર જનતા જનાર્દનની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદઘાટન સમારંભ યોજાશે.આપણા વિસ્તારના શૈક્ષણિક વિકાસમાં દેવકા વિદ્યાપીઠ નું બહુમૂલ્ય યોગદાન છે આ ઉદઘાટનના અવસરે સૌ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હળવદમાં છેડતીના પ્રશ્ન જૂથ અથડામણ, પ્રોઢની હત્યા, મહિલા સહિત બે ઘવાયા

## આરોપી ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો પરિવારનો ઈનકાર પોલીસે સામ સામે ત્રણ મહિલા સહિત નવ શખ્સો સામે નોંધ્યો ગુનો

**અબતક રાજકોટ**

હળવદ શહેરના બસ સ્ટેન્ડ પાછળ આવેલી કુચી શાળા વાળી શેરીમાં જૂની અદાવતનો ખાર રાખી બે પરિવારો વચ્ચે થયેલી લોહિયાળ અથડામણે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કાળુભાઈ મોહનભાઈ પરમાર (ઉં.વ. ૪૪) નું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પરિણમ્યો છે. જોકે, ઘટનાને પગલે મૃતકના પરિવારજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી હત્યારાઓની ધરપકડ કરવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. પોલીસે પરિસ્થિતિ વણસે નહીં તે માટે હોસ્પિટલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પરિવારને સમજાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ મૃતક કાળુભાઈના પત્ની રતનબેન પરમારે જણાવ્યું હતું કે ગત ૭ માર્ચના તેમની ભાણેજ ડિમ્પલ કિશોર મકવાણાનો પાડોશમાં રહેતા નટુભાઈના ભત્રીજા વિશાલે હાથ પકડી હેરાન કરી હતી, જે બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખી ગઈકાલે આ હુમલો કરવામાં આવ્યો છે. રતનબેનની નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત સાંજે જ્યારે કાળુભાઈ ઘરે હતા, ત્યારે નટુભાઈ નાનજીભાઈ પરમાર, તેમનો પુત્ર આશિષ કુહાડી અને લાકડાના ધોકા સાથે ધસી આવ્યા હતા. આરોપીઓએ 'તમારા કારણે મારા દીકરાની નોકરી છૂટી ગઈ છે' તેમ કહી ગાળાગાળી કરી કાળુભાઈના માથામાં કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા રતનબેનને પણ ઢોર માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ શેરીમાં અન્ય આરોપીઓ રવિ, દીપક, હંસાબેન અને લતાબેને ભેગા મળી લોખંડના પાઈપ અને લાતો વડે હુમલો કર્યો હતો. ગંભીર હાલતમાં દંપતીને પ્રથમ હળવદ અને ત્યારબાદ રાજકોટ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ કાળુભાઈએ દમ તોડ્યો હતો.બીજી તરફ, નટુભાઈ નાનજીભાઈ પરમારે પણ બિછાનેથી સામી ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ જ્યારે બાઈક લઈને નીકળ્યા ત્યારે જયેશ કાળુભાઈ અને કાળુભાઈ મોહનભાઈએ રસ્તા પર પથ્થરમારો કર્યો હતો. નટુભાઈના જણાવ્યા મુજબ, જયેશે તેમને લાકડાના ધોકા વડે માર મારી માથું ફોડી નાખ્યું હતું અને તેમના બાઈક પર કેમિકલ છાંટી સળગાવી દઈ રૂ. ૮,૦૦૦નું નુકસાન કર્યું હતું. નટુભાઈ હાલ સુરેન્દ્રનગરની સી.યુ. શાહ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કાળુભાઈ પોતાના ઘરે પાન-ફાકી, દૂધ અને પડીકા વેચતા હતા, સાથે સેન્ટિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં પાંચ દીકરી થતા બે દીકરા છે. બનાવમાં એક વ્યક્તિનું મોત થતા હળવદ પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે

# તરઘડી ગામ નજીક બાલકૃષ્ણ જીનીંગ મિલમાં આગ ભભૂકી

## ફાયર ફાઈટર સાથે સ્ટાફ દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો, મોટી જાનાની તળી

**અબતક,રાજકોટ**

શહેરના જામનગર હાઈવે પર આવેલા પડધરી તાલુકાના તરઘડી ગામ નજીક બાલકૃષ્ણ જીનીંગ મિલમાં બપોરના સુમારે આગ ભભૂકી ઊઠી હતી. જે અંગેની જાણ ફાયર બ્રિગેડને થતા ફાયર ફાઈટર સાથે સ્ટાફ દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. આગ કયાં કારણોસર લાગી હતી તેમજ કેટલું નુકસાન થયું તે હજુ જાણી શકાયું નથી.આગની આ ઘટના અંગે જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ જામનગર હાઈવે પર આવેલા તરઘડી ગામ નજીક બાલકૃષ્ણ જીનીંગ મિલમાં આગ લાગ્યા અંગે બપોરના ૨:૦૦ વાગ્યા આસપાસ ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો. જેથી ફાયરનો સ્ટાફ તાકીદે અહીં પહોંચ્યો હતો. ફાયરની ટીમ પહોંચે તે પૂર્વે મિલમાં રહેલા ફાયર સેફટીના સાધનો વડે મિલના સ્ટાફ દ્વારા જ મહદંશે આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

બાદમાં ફાયરના સ્ટાફે આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો હતો.વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, આગની આ ઘટનાને લઈ અહીં હાજર બાલકૃષ્ણ જિનિંગ મિલના માલિક દિપકભાઈ નાથાલાલ રાયચુરાએ જણાવ્યું હતું કે, આજરોજ બપોરના સુમારે અહીં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. જો કે અહીં ફાયર સેફ્ટીના સાધનો હાજર હોય જેના વડે આગ પર મહદંશે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગ કયાં કારણોસર લાગી હતી અને આગના લીધે કેટલું નુકસાન થયું? તે હજુ ચોક્કસ જાણી શકાયું નથી.

# વિંછીયાના મોઢુકા ગામે સરકારી ખરાબામાં મકાન ખડકી દેવાયું: લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો

## સરકારી ખરાબાના સ.નં.૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ ની ૧૨૫ ચો.મી. જમીન પર અડિંગો જમાવનાર રમેશ તાવિયા વિરૂધ્ધ વિંછીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના મોઢુકા ગામે સરકારી ખરાબાની જમીન પર મકાન ખડકી દઈ ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હતું. જે દબાણકર્તા વિરુદ્ધ મામલતદારે ફરિયાદી બની સરકાર તરફે દબાણકર્તા વિરુદ્ધ એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં વિંછીયાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ યુ.વી.કાનાણીએ સરકાર તરફે ફરિયાદી બની નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રમેશ જગશીભાઈ તાવિયા(રહે. મોઢુકા, વિંછીયા, રાજકોટ) નું નામ આપતાં વિંછીયા પોલિસેં ગુજરાત એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

મામલતદારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, હું વિંછીયા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તા.૦૧/૧૨/૨૦૨૫ થી ફરજ બજાવું છું. મોઢુકા ગામના સરકારી ખરાબાના સ.નં.૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ મોઢુકા-વિંછીયા રોડ કાંઠાની જમીનમાં રમેશભાઈ જગશીભાઈ તાવિયાએ બિનઅધિકૃત કબજો કરી રહેણાંક હેતુ માટેનું બાંધકામ કરી લીધાનું અમારા ધ્યાને આવેલ હતું. જે દબાણ ધ્યાને આવતાં સર્કલ ઓફીસરે જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરવા વિગતવાર દરખાસ્ત તૈયાર કરી મોકલાવતાં દબાણદારની સામે લે.રે.કો.ક.૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરી રૂબરૂ સાંભળવા માટે નોટીસ આપી દબાણદારોને રૂબરૂ સાંભળવામાં આવેલ હતા.

બાદમાં બોર્ડમાં કેસ ચાલી જતાં પેશકદમી કેસ નં.૫૬/૨૦૨૫ ના કામે તા.૨૧/૦૧/૨૦૨૬ થી દબાણ ખુલ્લુ કરવા અને રૂ.૬૨૫/- દંડ વસુલ કરવા હુકમ કરવામાં આવેલ હતો પરંતુ દબાણદારએ દબાણ ખુલ્લુ કરવાનો હુકમ કર્યા બાદ પણ હુકમ મુજબ સરકારી જમીન ઉપરનું દબાણ ખુલ્લુ કરેલ ન હતું. જે અમારા ધ્યાને નાયબ કલેકટર, જસદણને દબાણદારની સામે સુઓમોટો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે દરખાસ્ત અનુસંધાને જીલ્લા કક્ષાની નિયત કમીટીની તા. ૨૦/૦૨/૨૦૨૬ ની બેઠકમાં દબાણદારની સામે જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ હેઠળ પોલીસ ફરીયાદ નોંધાવવા નિર્ણય કરવામાં આવેલ હતો. જે બાદ અમને તા.૧૦/૦૩/૨૦૨૬ ના પત્રથી ફરીયાદ દાખલ કરવા હુકમ કરવામાં આવેલ હતો.

જેથી મોઢુકા ગામની સરકારી સરર્વે નંબર ૧૫૫ પૈકી ૪૪/ પૈકી ૧ પૈકીની અંદાજિત ૧૨૫ ચો.મી. જેટલી મોઢુકા-વિંછીયા રોડ કાંઠાની જંત્રી દર મુજબ રૂ. ૬૨,૫૦૦ ની કિંમતી સરકારી જમીનમાં અનઅધિકૃત કબજો કરી તેમાં રહેણાંક હેતુ માટેનું મકાન બનાવી દબાણ કરી લેનાર રમેશભાઈ જગશીભાઈ તાવિયા (રહે.મોઢુકા, વિંછીયા) વિરુદ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર(પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ ની કલમોં હેઠળ મામલતદારે વિંછીયા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### (પહેલા પાનાનું ચાલું) ટ્રમ્પ - મોદી...

સંબંધો મજબૂત છે, એટલે જ મોદીની સલાહ લીધા વિના આગળ વધવું તેમને જોખમી લાગ્યું હોય શકે.

વાતચીત દરમિયાન પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (જ્યાં અત્યારે ઈરાને નાકાબંધી કરી છે) ખુલ્લો રહેવો એ માત્ર ભારત માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વની આર્થિક સ્થિરતા માટે અનિવાર્ય છે. ભારતે હંમેશાની જેમ યુદ્ધને બદલે 'ડાયલોગ અને ડિપ્લોમસી' પર ભાર મૂક્યો છે.

એક તરફ પાકિસ્તાનના પીએમ શહબાઝ શરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે 'વચ્ચે પડીને' શાંતિ કરાવવાની લાલચ આપી છે, જેને ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પર શેર પણ કરી છે. પરંતુ, અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે સ્પષ્ટ કર્યું કે ટ્રમ્પ પીએમ મોદીને આ સમગ્ર મામલે 'ઈન ધ લૂપ' (માહિતગાર) રાખી રહ્યા છે.

ટૂંકમાં, ભલે મંત્રણા પાકિસ્તાનમાં થવાની હોય, પણ રિમોટ કંટ્રોલ અને સલાહ તો દિલ્હીથી જ લેવાઈ રહી છે. હવે જોવાનું એ રહે છે કે ટ્રમ્પની આ નવી 'પીસ ડિપ્લોમસી'માં ભારતનું સૂચન કેટલું કામ લાગે છે.

### સરકારે બેઠક યોજી...

કરી રહ્યો છે. તેમણે સાંસદોને માહિતગાર કર્યા હતા કે આ ભૌગોલિક તણાવની સીધી અસર ભારત પર પડી રહી હોવાથી દેશની ચિંતાઓમાં પણ સ્વાભાવિક રીતે વધારો જોવા મળી રહ્યો છે.

તેમણે આ સંઘર્ષની અસરો વર્ણવતા બે મુખ્ય બાબતો તરફ ધ્યાન દોર્યું હતું. એક તરફ, ઈરાન દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બ્લોક કરવામાં આવતા ભારતને મળતા ઊર્જા પુરવઠા પર માઠી અસર પડી રહી છે. તો બીજી તરફ, અખાતી દેશોમાં અત્યંત મોટી સંખ્યામાં ભારતીયો વસવાટ કરે છે, જેમની સુરક્ષા અને હિતો વર્તમાન પરિસ્થિતિમાં સરકારની પ્રાથમિકતા છે.

આ કારણોસર આ મુદ્દો ભારત માટે વધુ ગંભીર બની ગયો છે. નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે આવા સમયે પક્ષભેદ ભૂલીને દેશની એકતા જાળવી રાખવી અત્યંત જરૂરી છે, અને તેથી જ સંસદમાંથી સમગ્ર વિશ્વમાં એક સમાન અને એકજૂથ અવાજ પહોંચે તે ખૂબ જ આવશ્યક છે.

### નેચરલ ગેસ...

અસરથી લાગુ કરવામાં આવ્યો છે. તે ગેસ વિતરણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણને વેગ આપવા માટે એક સંપૂર્ણ પારદર્શક માળખું સ્થાપિત કરે છે. આના પરિણામે સમગ્ર દેશમાં નાગરિકો અને ઉદ્યોગો સુધી સ્વચ્છ ઊર્જાની પહોંચ વધુ આસાન બનશે.

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય પાઈપ્ડ નેચરલ ગેસ નેટવર્કના વ્યાપક વિસ્તરણને સરળ બનાવવાનો છે. તેનાથી છેવાડાના વિસ્તારો સુધી ગેસની કનેક્ટિવિટી સુધરશે અને રાંધણ ગેસ, પરિવહન તેમજ ઔદ્યોગિક વપરાશ માટે સ્વચ્છ ઈંધણના ઉપયોગને મોટા પાયે પ્રોત્સાહન મળશે.

સ્વચ્છ ઊર્જાના આ ઝડપી પ્રસારથી દેશની ઊર્જા સુરક્ષા વધુ મજબૂત થશે તેમ સરકારે પોતાના નિવેદનમાં ઉમેર્યું હતું. પાઈપલાઈન નેટવર્ક મજબૂત બનવાથી ઈંધણ સપ્લાય ચેઈન અવિરત ચાલુ રહેશે, જે આર્થિક વિકાસ અને પર્યાવરણ બંને માટે ફાયદાકારક સાબિત થશે.

ભારતની સતત વધી રહેલી ઊર્જાની માંગ અને વૈશ્વિક ઊર્જા ક્ષેત્રે આવી રહેલા બદલાવોને આ નીતિ યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે. સરકારના આ પગલાંથી આવનારા સમયમાં ભારતની ઊર્જા જરૂરિયાતોને આધુનિક અને સ્વચ્છ રીતે પૂરી કરવામાં મોટી મદદ મળશે.

### (ત્રીજા પાનાનું ચાલું) વ્યાજખોરો...

બાબરીયા મેઈન રોડ પર મોરારીનગરમાં રહેતાં દીપકભાઈ કાનજીભાઈ પેઢડીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શબ્બીર મશીયા નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને અટીકા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તાર શેરી નં.૦૯ મા આવેલ ઈશ્વર વોચ ગ્લાસ નામના કારખાનામા મજુરી કરે છે.

તેમની માતાને કેન્સરની બીમારીની સારવાર ચાલુ હોય જેથી ત્રણેક વર્ષ પહેલા તે પટેલનગર શેરી ન-૦૨ એચ.કે. મેટલ્સમા કામ કરતો હતો ત્યારે ત્યા સાથે કામ કરતા શબ્બીર મશીયાને મમ્મીની સારવાર માટે પૈસાની જરૂરીયાત છે તેમ વાત કરતા મીત્ર વ્યાજનુ કરે છે, હુ તેની પાસેથી પૈસા લઈ આપુ તેમ વાત કરેલ હતી, બીજા દીવસે શબ્બીરએ રૂ. ૧ રોકડા આપી કહેલ કે, તેણે આ પૈસા તેના મીત્ર પાસેથી લીધેલ છે અને આ પૈસાનુ દર મહીનાનુ ૧૦ ટકા વ્યાજ મને આપવું પડશે.

ત્યારબાદથી દર મહીને એક લાખનુ દસ હજાર વ્યાજ ચુકવતો હતો. પરીસ્થીતી ખરાબ હોવા છતા આ શબ્બીર અવાર નવાર પરાણે વ્યાજના પૈસા માંગતા અને તેને બે વર્ષ સુધી માસીક રૂ. ૧૦ હજાર લેખે કુલ રૂ.૨.૪૦ લાખ રોકડ તેમજ ગુગલ પે દ્વારા ચુકવેલ હતા. ત્યારબાદ પરિસ્થિતિ ખરાબ થઈ જતા વ્યાજ ચુકવી શકુ તેમ ન હોય જેથી વ્યાજ ચુકવવાનુ બંધ કરી દીધેલ હતુ. ત્યારબાદ આરોપી અવાર નવાર વ્યાજ તથા મુડી મળી કુલ રૂ.૩ લાખ ચુકવવા પડશે તેમ કહી ગાળો કાઢતો હતો. જે અંગે ભક્તિનગર પોલીસે તપાસ આદરી છે.

### લોધીડા ગામ...

ઊંચા કરી દીધા હતા. જેથી મહિલા સરપંચના પતિએ એક કરોડથી વધુ રૂપિયા ચૂકવી દીધા છતાં આરોપી તેમની પાસે હજુ એક કરોડ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતો હોવાથી પોલીસ પાસે પહોંચતા આજીડેમ પોલીસે તેમની સાથે આરોપી જેવું વર્તન કર્યું હતું. ઉપરાંત પોલીસે ૫૬ દિવસ બાદ ફરીયાદ લેતાં હાઈકોર્ટેમાં તેમની ફરિયાદ પણ રદ થયાનો આક્ષેપ કર્યો હતો. જે રજુઆત બાદ અરજદાર અને આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજા વચ્ચે ચકમક પણ જરી હતી.

### (ચોથા પાનાનું ચાલુ) મોઢ વણિક યુવા ગ્રુપે...

દ્વારા આયોજીત મોઢેરા તીર્થયાત્રાના આયોજનમાં મોઢેરા ખાતેની પ્રસાદ સહિતની તમામ વ્યવસ્થાના મનોરથી બિમલભાઈ કલ્યાણી તેમજ તીર્થયાત્રાના અન્ય મનોરથી અતુલભાઈ પારેખ,રમેશભાઈ જીવાણી, સમીરભાઈ વોરા, જીતેન્દ્રભાઈ એમ.અંબાણી,ઈશ્વરભાઈ એ.મહેતા, અરવિંદભાઈ શાહ,સાવનભાઈ ભાડલીયા,પરેશભાઈ વી.મહેતા, રોહિતભાઈ સી.શાહ, અતુલભાઈ મહેતા, મૌલિકભાઈ ગાંધી, સંજયભાઈ શાહ, જસ્મિનભાઈ ગાંધી સહીનાઓ નો સહયોગ સાંપડ્યો હતો, મોઢેરા ખાતેની તમામ વ્યવસ્થામાં કિર્તીભાઈ મહેતાનો સહયોગ સાંપડ્યો હતો. તમામ તીર્થયાત્રીઓને મોઢેરાથી સાંજે મુળી સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શન કરી ત્યાજ કિરેનભાઈ છાપિયાના સહયોગથી પ્રસાદની વ્યવસ્થા કરાય હતી.

સમગ્ર આયોજનને સફળ બનાવવા મોઢ વણિક યુવા ગ્રુપના ચેરમેન કેતન મેસ્વાણી, મંત્રી કેતન પારેખ,કારોબારી સભ્ય જીગ્નેશ મેસ્વાણી, કમલેશ પારેખ, જીગ્નેશ દોશી, નીતા પારેખ, છાયા વજરીયા સહિતની ટીમએ જહેમત ઉઠાવેલ હતી.તેમ ગ્રુપના મંત્રી કેતન પારેખની યાદીમાં જણાવાયું છે.

### ઈસ્કોન મંદિર...

ભગવાન રામચંદ્ર અને રામ દરબાર નો મહા અભિષેક કરવામાં આવશે. વધુમાં પ્રભુજી જણાવે છે કે રામ નવમીના દિવસે જ ઈસ્કોટ મંદિર રાજકોટના આ નવા ભવ્ય મંદિર માં રામ દરબારનો ૭મો પાટોત્સવ છે તેથી અમારા માટે આ બહુ જ ખુશી નો અવસર છે. જેથી અમે ખૂબ જ ભવ્ય રીતે આની ઉજવણી કરવાના છીએ. મંદિરે આવતા સૌ કોઈ દર્શનાર્થીઓ માટે તે દિવસે ફરાળી મહાપ્રસાદનું પણ આયોજન છે. મંદિરે પધારતા દર્શનાર્થીઓને કોઈપણ પ્રકારની હાલાકી નો સામનો ન કરવો પડે તે હેતુથી મંદિરથી ૫૦ મીટરના અંતરે આવેલા બાજુના ગ્રાઉન્ડમાં વિશેષ પાર્કિંગનું આયોજન છે જેથી સૌ કોઈ ભક્તજનો ત્યાં પાર્કિંગમાં પોતાના વાહન પાર્ક કરી અને મંદિરે પધારે. અને મંદિરે જે કોઈ મંદિરના સ્વયંસેવકો સુચના આપે તે સૂચનાનું પાલન કરવાની પણ નમ્ર વિનંતી છે.

વધુમાં પ્રભુજી જણાવે છે કે અત્યારે વૈશ્વિક પરિસ્થિતિ ખૂબ જ તણાવગ્રસ્ત છે. આવી પરિસ્થિતિમાં જ્યારે કોઈપણ વસ્તુ આપણા હાથમાં ન હોય ત્યારે આપણે માત્ર ભગવાન રામનો સહારો લેવો પડે છે. તો સૌ કોઈ ભક્તોને વિનંતી છે કે આ રામનવમી ના પાવન પર્વ પર મંદિરે આવીને ભગવાન શ્રી રામચંદ્ર સમસ્ત મસ્તક થઈને આપણે સૌ કોઈ વિશ્વ શાંતિ માટે ભગવાન રામને પ્રાર્થના કરીએ.

માટે ઈસ્કોન મંદિર રાજકોટ તરફથી રાજકોટની ધર્મપ્રેમી તેમજ ઉત્સવ પ્રેમી ક્ષમતા અને આ રામનવમી મહોત્સવ નિમિત્તે ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે વધારીને ભગવાન રામચંદ્રના દર્શન કરવાનો તેમ જ ભગવાનના પુષ્પ અભિષેકમાં લાભ લેવા માટે અને ફરાળી મહા પ્રસાદનો લાભ લેવા માટે મંદિરે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

### ઉમા સારથી ફાઉન્ડેશન...

સમયની મોટી જરૂરિયાત બની ગઈ છે. આ જ હેતુસર લોકપ્રિય વકતા મનીષભાઈ વઘાસિયા સરળ ભાષા જીવત ઉદાહરણો અને હૃદયસ્પર્શી વિચારો દ્વારા જીવનમૂલ્યો, પરિવાર પ્રત્યેની જવાબદારી સંસ્કાર અને સકારાત્મક વિચારસુરાણી જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમ ને શોભાવૃદ્ધિ કરવા માટે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા અને સીદસર મંદિર ના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, ઉમિયા ધામ રાજકોટના પ્રમુખ, અરવિંદભાઈ પટેલ, પાણ ગૃપ મનસુખભાઈ પાણ ઉપસ્થિત રહેવાના છે. અને આ કર્યાક્રમના મુખ્ય દાતા શૈલેષ ભાઈ દેસાઈ (શ્રી ઉમિયા મંડપ ડેકોરેશન) ને ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરી છીએ.

આ પ્રેરણાદાયી કાર્યક્રમ યુવાનો, વાલીગણ અને સમગ્ર સમાજ માટે નવી દિશા અને નવી ઉર્જા આપનાર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ઉમા સારથી ફાઉન્ડેશન દ્વારા શહેરના સર્વે નાગરિકોને આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની આ અનોખી તકનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જ્યોતિબેન ટીલવા, કિશન ટીલવા, યુગ કણસાગરા, હિરેન સાપરીયા, મનીષ ડેડકીયા, ઉદયભૂત, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### વિરાણી સ્કુલ...

ગૌતમ દવે દિગ્દર્શિત એકાંકી નાટક ''સ્ટિયરિંગ'' નાટકો ભજવાશે.

આ સમગ્ર આયોજન રાજકોટના રંગકર્મીઓ દ્વારા કરવામાં આવ્યું છે. આ થિયેટર ફેસ્ટિવલમાં દરેક નાટકો રાજકોટની નાટ્યપ્રિય જનતા વિનામુલ્યે માણી શકશે. આ માટે કોઈ જ પાસની જરૂરિયાત નથી. કાર્યક્રમ સમયસર ચાલુ થશે માટે આપેલ સમયની ૧૫ મિનિટ પહેલાં આપનું સ્થાન લઈ લેવાં નમ્ર વિનંતી છે. વધુ માહિતી માટે સંપર્ક કરો ગૌતમ દવે ૮૮૬૬૫૦૪૮૫૮.

### યુવા ભાજપ...

ફૂલહાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચા મહામંત્રી દેવાંગીબેન મૈયડ, રાજકોટ જીલ્લા યુવા ભાજપ પ્રમુખ દેવભાઈ કોરડીયા, મહામંત્રીઓ કિશનભાઈ ઠુંમર તથા સુરેશભાઈ ડેર, આ કાર્યક્રમના ઈન્ચાર્જ રાજકોટ જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ રસિકભાઈ વસોયા, વિશાલભાઈ ભૂત તથા તમામ મંડળોના પ્રમુખ અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જરાજેશભાઈ ગોંડલીયા, કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવે છે.

### (૧૧માં પાનાનું ચાલુ) વી.વી.પી.

માંગ વિશે આગમચેતી આપી હતી. તે જ યુનિવર્સિટીના ડીન ડો. સ્વપિનલ ધારસ્કરે કાર્બન કેપ્ચર અને ગ્રીન ટેકનોલોજીના ઉભરતા પ્રવાહો વિશે વાત કરી વિદ્યાર્થીઓને કૌશલ્ય અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ કોન્ફરન્સમાં પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશન જેવી સ્પર્ધાઓ પણ યોજાઈ હતી, જેમાં એનર્જી એફિશિયન્સી, ક્લાઈમેટ ચેન્જ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા વિષયો પર ૮૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ટીમ કન્સલ્ટન્સીના દીપક સચદેએ સેવા આપી હતી અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા. આ આખા આયોજનને સફળ બનાવવા માટે આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારા અને ડો. વ્યોમેશ પરસાણાના માર્ગદર્શન હેઠળ ડો. દર્શના ભટ્ટી, ડો. સુશીલ કોરેગાવકર, જીલેશ પંડ્યા તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

કોન્ફરન્સની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણિયાર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવી હતી. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓને કેમિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રે થઈ રહેલા નવા સંશોધનો અને પર્યાવરણની જાળવણી માટેની ટેકનોલોજી વિશે ઊંડું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

### આઈ.સી.એ.આઈ.

એક આગવી ઓળખ અપાવવી એ અમારો મુખ્ય સંકલ્પ છે. ડિજિટલ યુગમાં બદલાતા ટેક્સ અને એકાઉન્ટિંગના નિયમોથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા માટે નિષ્ણાત વકતાઓના માર્ગદર્શન હેઠળ વિશેષ કાર્યક્રમો પણ યોજાશે. આ મંચ વિદ્યાર્થીઓને નેતૃત્વ શક્તિ ખીલવવાની અને એકબીજા સાથે વ્યાવસાયિક નેટવર્કિંગ કરવાની શ્રેષ્ઠ તક પૂરી પાડશે.

આ સમારોહમાં ઉપસ્થિત વરિષ્ઠ સીએ સભ્યોએ નવી કમિટીને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થી કાળ દરમિયાન આવી સામાજિક અને શૈક્ષણિક જવાબદારીઓ સ્વીકારવાથી ભવિષ્યમાં સારા પ્રોફેશનલ બનવામાં ખૂબ મદદ મળે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સીએ વિદ્યાર્થીઓએ હાજર રહી નવી સમિતિને આવકારી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં નવનિયુક્ત મંત્રીએ ઉપસ્થિત તમામનો આભાર માન્યો હતો અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ને એક યાદગાર વર્ષ બનાવવાની ખાતરી આપી હતી.

### કેન્સર કેર ફાઉન્ડેશન

tion) ના ફાયદાઓ વિશે પત્રિકા વિતરણ પણ કરવામાં આવશે.રાજકોટની જાણીતી હોસ્પિટલોના કેન્સર સ્પેશિયાલિસ્ટ તબીબો, સામાજિક અગ્રણીઓ અને વિવિધ સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ આ પદયાત્રામાં જોડાઈને પ્રોત્સાહન પૂરું પાડશે. શહેરના યુવાધનને વ્યસનમુક્તિનો સંદેશ આપવા માટે પણ આ મંચનો ઉપયોગ કરવામાં આવશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વિકાસયાત્રાની ઉજવણી સમાન બની રહેશે. વડાપ્રધાન આ મુલાકાત દરમિયાન રાજ્યમાં શહેરી વિકાસના વિવિધ સીમાચિહ્નરૂપ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ 'શહેરી વર્ષ'ની જે ક્રાંતિકારી શરૂઆત કરી હતી, તેને આજે ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ સમયગાળામાં ગુજરાત નોંધપાત્ર શહેરીકરણ અને આધુનિકીકરણનું સાક્ષી બન્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ વિઝનને આગળ ધપાવતા વર્ષ ૨૦૨૬-૨૭ના રાજ્ય બજેટમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ૩૩,૫૦૪ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે. નાગરિકોની સુખાકારી વધારવા માટે 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળની ફાળવણીમાં પણ ૧૭% નો માતબર વધારો કરી રૂ૧૬,૧૧૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.ઓલિમ્પિક ૨૦૩૦

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯.૧૯ લાખથી વધુ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પોતાના ઘરનું ઘર મળ્યું છે. હવે 'આવાસ યોજના ૨.૦' હેઠળ વધુ ૧ લાખ મકાનો મંજૂર કરાયા છે. ભવિષ્યના આયોજનની વાત કરીએ તો, આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ અને ઓલિમ્પિકની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ અને અન્ય શહેરોને 'ઓલિમ્પિક રેડી સીટી' બનાવવા માટે રૂ ૧,૨૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આમ, ગુજરાતમાં થયેલું શહેરીકરણ એ માત્ર ઈમારતોનું નિર્માણ નથી, પરંતુ આર્થિક વૃદ્ધિ, ઔદ્યોગિક વિકાસ અને નાગરિકોની 'ઈઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કરવાની એક લાંબી મજલ છે. વડાપ્રધાનની આગામી મુલાકાત આ વિકાસયાત્રાને નવી ઊંચાઈ પર લઈ જશે.

#### સ્માર્ટ સિટી અને આધુનિક સુવિધાઓનો વ્યાપ

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદમાં રૂ૧૧,૨૭૭ કરોડના ૩૫૭ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. અમૃત ૨.૦ યોજના હેઠળ પીવાના પાણી અને ગટર વ્યવસ્થા માટે રૂ૧,૨૦૦ કરોડથી વધુના કામો અત્યારે અમલી છે, જેનાથી લાખો પરિવારોને શુદ્ધ પાણી અને સ્વચ્છ વાતાવરણનો લાભ મળી રહ્યો છે. પ્રશાસનિક ક્ષમતા વધારવા માટે રાજ્યમાં નવી ૯ મહાનગરપાલિકાઓ (નડિયાદ, મોરબી, આણંદ વગેરે) ની રચના કરવામાં આવી છે, જેનાથી હવે કુલ ૧૭ મહાનગરપાલિકાઓ દ્વારા સુઆયોજિત વિકાસ થશે.

### (૧૨માં પાનાનું ચાલુ) ફક્ત ૮ વર્ષમાં અધધ

ખરીદવાની રેસમાં પણ હતું. પરંતુ ગયા અઠવાડિયે જ તેમણે આરસીબી માટે વિજેતા બોલી લગાવીને બાજી મારી લીધી હતી.

હવે આ નવું ગ્રુપ ડ્રિંક્સ કંપની 'ડિયાજીઓ' (જેની પેટાકંપની યુનાઈટેડ સ્પિરિટ્સ છે) નું સ્થાન લેશે, જે અત્યાર સુધી આરસીબીની માલિકી ધરાવતી હતી. વર્ષ ૨૦૦૮ માં જ્યારે આઈપીએલ ની પહેલી સિઝન શરૂ થઈ ત્યારે આરસીબીને ૧૧.૬ મિલિયન ડોલર (તે સમયના વિનિમય દર મુજબ ૪૪૬ કરોડ રૂપિયા) માં ખરીદવામાં આવી હતી અને તે બીજી સૌથી મોંઘી ટીમ હતી. આજે ૧૮ વર્ષ પછી આ ડીલ સાબિત કરે છે કે ટીમની કિંમતમાં ૧૬ ગણો જંગી વધારો થયો છે.

### (છેલ્લા પાનાનું ચાલુ) વિધાનસભા સત્ર...

ચૂંટણી પાછી ઠેલાઈ છે. ગત સોમવારે ચૂંટણી પંચ દ્વારા પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આગામી ૩૦મી માર્ચના રોજ આખરી મતદાર યાદી પ્રસિધધ કરવામાં આવશે. ત્યારબાદ ચૂંટણી જાહેર કરવામાં આવે તેવું હાલ દેખાય રહ્યુ છે.

આગામી ૩૧મી માર્ચના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ માદરે વતન ગુજરાતની મૂલાકાતે આવી રહ્યાના વાવડ મળી રહ્યા છે. વાવ-થરાદ જિલ્લામાં તેઓના હસ્તે કરોડો રૂપીયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવનાર છે. આ ઉપરાંત જાહેર સભાનું પણ આયોજન ગોઠવાય રહ્યું છે. જો ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવે તો આચાર સંહિતા અમલમાં આવી જાય આવામાં વડાપ્રધાનનો ગુજરાતનો પ્રવાસ રદ કરવો પડે. હાલના સંજોગોમાં એવું લાગી રહ્યુ છે કે ૧ એપ્રીલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું એલાન થઈ શકે છે.

જો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાત પ્રવાસ કોઈ કારણોસર રદ થાય તો આગામી ૨૭મી માર્ચના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટ સહિત કેટલીક મહાપાલીકામાં વિકાસ કામોના ખાતમુહુર્ત માટે આવી રહ્યા છે. તેઓનો આ કાર્યક્રમ પૂરો થતાની સાથે જ શનિવારે સાંજ અથવા સોમવારે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણક્ષની તારીખ જાહેર કરી દેવામા આવશે. વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થતાની સાથે જ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

### ડ્રાફ્ટ અને ફાઈનલ મતદાર યાદી...

મતદાર યાદી સરળતાથી ઑનલાઈન જોઈ શકાય અને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા પણ કરાઈ નથી. જે બદઈરાદો છતો કરે છે.

દરેક નાગરિક પોતાનું નામ મતદારયાદીમાં ઓનલાઈન જોઈ શકે, મતદાર યાદી ઓનલાઈન ડાઉનલોડ થઈ શકે તેવી વ્યવસ્થાને બદલે માત્ર મતદારયાદીને ફાઈનલ કરવાની ઉતાવળ 'વોટ ચોરી'ની શંકાને મજબૂત કરે છે. તેમ કોંગ્રેસ પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતુ.

### વંદે માતરમ...

આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ''વંદે માતરમ૧૫૦વર્ષ '' બીજા તબક્કાના વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ યુવાનો- નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સહભાગી થવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### જિલ્લા કલેકટર સાથે વીસી...

અફવાઓના કારણે વેચાણમાં થોડો ઉછાળો જોવા મળ્યો હતો, પરંતુ રાજ્ય સરકાર દ્વારા ઈંધણનો સમયસર પુનઃ પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

દરેક જિલ્લામાં આવશ્યક ઈંધણનો પુરવઠો અવિરતપણે જળવાઈ રહે અને નાગરિકોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે વહીવટીતંત્રને સતત દેખરેખ રાખવા અને પૂરતું સંકલન સાધવા કલેક્ટરઓને જરૂરી સૂચનાઓ આપી.

રાજ્યના નાગરિકોને નમ્ર અપીલ છે કે રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, માટે ઈંધણની અછત અંગેની કોઈપણ અફવાઓથી દૂર રહેવું અને ગભરાટમાં આવીને બિનજરૂરી ખરીદી ન કરવી.

### મુખ્યમંત્રી...

વડાપ્રધાનનું જે વિઝન 'વિકસિત ભારત -૨૦૪૭'માટે 'વિકસિત ગુજરાત' ને સાકાર કરવા આપણે સૌએ ડિજિટલ ક્ષેત્રે મહત્તમ આગળ વધવું છે. યુ.પી.આઈનો સૌથી વધુ ઉપયોગ નાના ફેરીયા અને શાકવાળા જેવા ઓછું ભણેલા લોકો કરી રહ્યા છે.ડિઝીટલ સરળીકરણ થકી નાગરીક સેવાઓ વધુને વધુ સરળ બનાવી છે.

વર્તમાનમાં સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે,આજે રાજ્યમાં ડીઝલ, પેટ્રોલ કે ગેસની કોઈ જ અછત નથી, બધું જ પૂરતા પ્રમાણમાં મળી રહ્યું છે અને મળતું રહેશે. સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના કાર્ય મંત્ર સાથે સરકાર વિકસિત ગુજરાત માટે કામ કરી રહી છે.

બધા સાથે છીએ તો કોઈને તકલીફ પડશે નહીં.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, ડિજિટાઈઝેશન એ વર્તમાન ભારત, વર્તમાન ગુજરાત અને વર્તમાન નેતૃત્વની દેન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નાગરિકો અને સરકાર વચ્ચેનું અંતર કેમ ઘટે એવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતાં. નાગરિકોને જનહિતલક્ષી સુવિધાઓ સરળતાથી મળે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી હતી.

ગામડાની અંદર સીએચસી,પીએચસી સેન્ટરો અને શહેરી વિસ્તારોમાં જનસેવા કેન્દ્રો મારફત આ સેવાઓ ઝડપથી મળે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં હતાં. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ કમિશનના અહેવાલ મુજબ બધી જ નાગરિક કેન્દ્રિત સેવાઓ ડિજિટલ બનાવવાની શરૂઆત કરી છે.

### યુસીસી...

આવી છે ત્યારે રાજકીય એજન્ડા માટે બિલ લવાયું છે. જસ્ટીસ રંજના દેસાઈનો રિપોર્ટ સાર્વજનિક કરવા અને ઉતાવળે લવાયેલા બિલને પ્રવર સમિતિને સોંપી આવતા વર્ષે રજૂ કરવાની માગણી કરી હતી.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, જો સત્ય એક જ હોય તો ધર્મ ભલે અનેક હોય પણ ન્યાય એક જ હોવો જોઈએ. ડો. આંબેડકર રચિત બંધારણની વાતને ટાંકીને તેમણે કહ્યું કે, બંધારણની કલમ ૪૪ મુજબ રાજ્યને સમાન નાગરિક સંહિતા તરફ આગળ લઈ જવાની દિશા આપે છે ત્યારે આઝાદી પછી આટલા વર્ષો સુધી રાજકીય ઈચ્છાશક્તિના અભાવે કોઈને તેનો વિચાર ન આવ્યો. આઝાદીના સાત દશક પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં દેશના રાજ્યોમાં સમાન નાગરિતાનો અમલ એ રાષ્ટ્રને એક તાંતણે બાંધવાનો માર્ગ છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે,યુસીસીનો અમલ એ નાગરિકો વચ્ચે એમના ધર્મ કે જાતિના આધારે વિભાજિન કે ભેદભાવની કોઈ નીતિ કે વિવાદને અસ્વીકાર કરશે. યુસીસી કોઈ ધર્મ કે જાતિ વિશેષને ધ્યાનમાં લીધા સિવાય સૌને લાગુ પડશે. યુસીસીની અન્ય બાબતોમાં પણ સમાનતાનો અને સુમુચિત ન્યાયનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે. એ અર્થમાં યુસીસી ૨૦૨૬ ગુજરાતના નાગરિકોને સમાન ન્યાય માટેની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને ઈચ્છાઓનું પ્રતિબિંબ પાડતું બિલ છે. બિલમાં લગ્ન, છુટાછેડાની નોંધણી, વારસાગત મિલકતો જેવા મુદ્દાઓ પર તમામ ધર્મ અને સમુદાય માટે ક્યાંય કોઈને અન્યાય ન થાય તે ધ્યાનમાં રાખી સમાન કાયદાકીય માળખુ સૂચવાયું છે.

વિકાસની દોડમાં મહિલાઓ પણ એક સરખી ભાગીદાર બને, એમને જાતિ ભેદના કારણે કોઈ અન્યાય ન થાય માટે દરેક લગ્નનું ફરજિયાત રજિસ્ટ્રેશન, લીવ ઈન સંબંધોનું રજિસ્ટ્રેશન, છુટાછેડાના સમાન નિયમો અને નોંધણી, દીકરો કે દીકરી બધાને સમાન વારસાગત મિલકતમાં હક્ક અને આ જોગવાઈના પાલન માટે દંડ, સજાની જોગવાઈ સાથે કડક અમલની જોગવાઈઓ કરવામાં આવી છે. ફરજિયાત લગ્ન નોંધણીમાં ચૂક કરનારને ૧૦ હજારનો દંડ, બળજબરી કે ધાકધમકી, છેતરપિંડીથી લગ્ન કરનારને સાત વર્ષ સુધીની સજા, એકથી વધુ લગ્ન કરવાન કિસ્સામાં સાત વર્ષથી વધુની સજાની જોગવાઈનો ઉલ્લેખ મુખ્યમંત્રીએ કર્યો હતો. છુટાછેડા કોર્ટ દ્વારા જ માન્ય રહેશે, એ સિવાયના કિસ્સામાં ત્રણ વર્ષની સજાની જોગવાઈ છે.

કલમ ૩૮૪ હેઠળ લીવ ઈન રિલેશન એ કોઈની આઝાદીને છીનવવા માટે નથી, પણ દીકરીઓને કાનૂની સુરક્ષા આપવા માટે છે. ઓળખ છુપાવીને લગ્ન કરવા, કે છેતરપિંડી કરવાવાળાઓ માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નથી તેવું તેમણે સ્પષ્ટ કર્યું હતું. છુટાછેડાના નિયમો હવે તમામ ધર્મ, સમુદાય માટે સમાન રહેશે. નિભાવ, કસ્ટડી અને છુટાછેટાના નિયમો એક જ લિગલ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવાયા છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** જોડીયા હાલ રાજકોટ નિવાસી કૌશિકરાય જાની (રેલવે વાળા) તે સ્વ. નવલશંકર અંબારામ જાનીના પુત્ર, શારદાબેન લીલાબેન ત્રિવેદી, ચાયનાબેન રાવલ, જીતેન્દ્રભાઈ, સ્વ. લલીતભાઈ, સ્વ. ગોપાલભાઈના ભાઈ, લતાબેનના પતિ, પ્રકાશ, પાયલ પરેશકુમાર દવેના પિતાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા. ૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ ઘેલા રામજીની વાડી જયંત કેજી મેઈન રોડ, આનંદ બંગલા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. રમણલાલ દયાળજી અઢીયા (ઉ.વ.૮૯) (ન્યુઝ પેપર એજન્ટ) તે હેમલતાબેન અઢીયા, તરૂલતાબેન અઢીયાના ભાઈ, જયેશભાઈ, કમલેશભાઈ, રવીન્દ્રભાઈના પિતા, સ્વ. વિરલ, વત્સલ, દર્શ, રૂતુલના દાદાનું તા. ૨૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૬ ને ગુરુવારે સાજે ૪.૩૦ થી ૫.૩૦ દરમિયાન સોમેશ્વર મહાદેવ મંદિર, વિતરાગ સોસાયટી, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વઢવાણ નિવાસી હાલ રાજકોટ શીવલાલ ભુદરભાઈના પુત્ર પ્રવિણચંદ્ર શીવલાલ શાહ તે ચેતનભાઈ, કલ્પેશભાઈ, રેખાબેનના પિતા, અક્ષત, આયુષીના દાદા, ભીખાલાલ ન્યાલચંદ શાહના જમાઈ, જયંતભાઈ ભીખાલાલના બનેવીનું તા. ૨૪ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૬ ને ગુરુવારે સવારે ૯.૩૦ દરમિયાન વર્ધમાનનગર જૈન ઉપાશ્રય, પેલેસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.જયસુખભાઈ પરસોત્તમભાઈ ગોપાણી તે સાગરભાઈ જયસુખભાઈ ગોપાણી તે રમેશભાઈ, દામજીભાઈના ભાઈનું તા. ૨૪ ને મંગળવારના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન સુવર્ણભૂમિ બેન્ડવેટ હોલ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક અંબિકા ટાઉન શીપ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. કાંતિલાલ લાલજીભાઈ વડગામા (જસ્મીન મોટર્સવાળા) ના પત્ની કુસુમબેન (ઉ.વ.૯૩) તે સ્વ. જસ્મીનભાઈ, સ્વ. સમીરભાઈ, બિનાબેન દિપકકુમાર સીતાપરા (કલ્યાણ), કોકીલાબેન પ્રદીપકુમાર ગજ્જર (જામનગર), શીલાબેન ધીરેનકુમાર છનીયારા (ગાંધીનગર), પ્રજ્ઞાબેન પ્રફુલકુમાર દુધૈયા (લંડન)ના માતા, વૈશાલીબેન જસ્મીનભાઈ વડગામાના સાસુ, દક્ષેશના દાદી, સ્વ. અરજણભાઈ દેવજીભાઈ સીનરોજાના દિકરીનું તા. ૨૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમિયાન રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ૭/૧૦ ભકિતનગર સ્ટેશન પ્લોટ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. મીનાક્ષીબેન યોગેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૬૬) તે સ્વ. યોગેશભાઈ ગુણવંતરાય ત્રિવેદીના પત્ની, સ્વ. વિરેન્દ્રભાઈ ડી પંડયા (જામનગર)ના પુત્રી, પ્રો. નીનાબેન પંડયા (જામનગર), સંધ્યાબેન દીપકભાઈ ત્રિવેદી, જીતેન્દ્ર ડી. પંડ્યા, ડો. ચેતન ડી. પંડ્યા (વ્યારા)ના બેનનું તા. ૨૫ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવાર સાંજે ૪ થી ૬ દરમિયાન સત્યેશ્વર મહાદેવ મંદિર, સત્યમ શિવમ સુંદરમ, એમઆરએફ શો-રુમ સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. રંભાબેન ભગવાનજીભાઈ માખેચા (લોહાણા) તે સ્વ. ભવાનજીભાઈ મોરારજીભાઈ માખેચાના પત્ની, સ્વ. પ્રભુદાસભાઈ, કાન્તિભાઈના ભાભી, મંજુલાબેન ચુનિલાલ ખોડા (પોરબંદર), પ્રફુલાબેન બીપીનકુમાર મીરાણી (રાજકોટ )વાળાના માતાનું અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સાંજે ૪ થી ૫ દરમિયાન મહાદેવ મંદિર કુવાડવા રોડ, ડી-માર્ટની પાછળ શહિદ ઉદમયશિંગ ટાઉન શીપ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# દારૂના ૯૬ ગુનામાં સંડોવાયેલી જીવુ વડદોરીયા અને સોનલ વાઘેલા ત્રણ જિલ્લામાંથી હદપાર

## શાપર (વે.) પોલીસે અન્ય બે મહિલા સહિત પાંચ બુટલેગરોને રાજકોટ શહેર-જિલ્લામાંથી દોઢ માસ માટે તડીપાર કર્યા



**અબતક, રાજકોટ**

દેશી દારૂના ગુનામાં જાણે સ્ત્રી સશક્તિકરણ થયું હોય તેમ મહિલાઓ પુરુષ સમોવડી બની છે. દેશી દારૂના વેંપલાની અડધો અડધ જવાબદારી મહિલાઓએ સંભાળી હોય તેમ દર બીજા દરોડામાં મહિલા બુટલેગર ઝડપાતી હોય છે. ત્યારે જેતપુર સીટી પોલિસની ટીમે દારૂના ૯૬ ગુનામાં સંડોવાયેલી જીવુ વડદોરીયા અને ૨૮ ગુનામાં સંડોવાયેલી સોનલ વાઘેલાને ત્રણ જિલ્લામાંથી હદપાર કરી દીધી હતી. જયારે શાપર(વે.) પોલિસની ટીમે બે મહિલા સહીત પાંચને હદપાર કરી દીધા હતા.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા અસામાજિક પ્રવૃત્તિ કરતા શખ્સો વિરુદ્ધ સખત કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને જેતપુર ડિવિઝનના ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં દારૂ-જુગાર સંબંધી ગુનાઓ, મિલકત સંબંધી ગુનાઓ, ગેરકાયદે ખનન સહિતના ગુનાઓ વારંવાર કરવાની ટેવ ધરાવતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને જેતપુર સીટી પોલીસ મથક વિસ્તારમાં અવારનવાર દારૂના ગુનામાં પકડાઈ ચૂકેલી મહિલા બુટલેગર જીવુબેન હરસુખભાઈ ઉર્ફે ભોલીયો વડદોરીયા (ઉવ ૪૧ રહે. ધોરાજી રોડ, ચામુંડાનગર, જેતપુર, રાજકોટ) અને સોનલબેન અશોકભાઈ વાઘેલા (ઉવ ૩૮ રહે. વડલી ચોક,જેતપુર) વિરુદ્ધ પીઆઈ એડી પરમાર દ્વારા હદપારી દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને એસડીએમ દ્વારા મંજૂરી મળતા દારૂના ૯૬ ગુનામાં સંડોવાયેલી જીવુબેન વડદોરીયા અને ૨૮ ગુનામાં સંડોવાયેલી સોનલ વાઘેલાને રાજકોટ શહેર-ગ્રામ્ય, જુનાગઢ અને અમરેલી જિલ્લામાંથી હદપાર કરી દેવામાં આવી હતી.

જયારે ગોંડલ વિભાગના ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ મથકના પી.આઈ. આર.બી. રાણા દ્વારા પોલીસ મથક વિસ્તારમાં રહી પોતાના આર્થિક લાભ માટે દેશી દારૂનો વેપલો કરી લોકોની જાહેર સલામતી અને સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પહોંચાડતા કુલ પાંચ શખ્સોને હદપાર કરવા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને એસડીએમ દ્વારા મંજૂરી મળતા શાપર વેરાવળ પોલીસની ટીમે મયુરસિંહ સુખદેવસિંહ જાડેજા (ઉવ ૨૦ રહે. શાંતિધામ સોસાયટી, વેરાવળ, કોટડા સાંગાણી), સંજય પ્રેમજીભાઈ વાળા (ઉવ ૨૮ રહે. પડવલા, કોટડા સાંગાણી, રાજકોટ), વાલીબેન વાજસુરભાઈ વિજાણી (ઉવ ૪૨ રહે. રેઈનબો કારખાના પાસે ઝૂંપડામાં, શાપર વેરાવળ, કોટડા સાંગાણી), અખરાજ ઉર્ફે સખરાજ હરસુખભાઈ વાલા (ઉવ ૪૦ રહે. શાંતિધામ સામે, ગણેશ નગર મફતિયાપરા, શાપર વેરાવળ, કોટડા સાંગાણી) અને રાજીબેન મેઘાભાઈ માલાણી (ઉવ ૪૨ રહે. પીએસ પ્લાયવુડ કારખાના પાછળ, શાપર વેરાવળ, કોટડા સાંગાણી)ને રાજકોટ શહેર અને ગ્રામ્ય જિલ્લામાંથી દોઢ માસ માટે હદ પર કરી દીધા હતા.

# યુવતીને મેસેજ મોકલવા બાબતે થયેલી મારા મારીમા બે શખ્સોને એક વર્ષની સજા

## બાલ ભવન પાસે યુવતીને મોબાઈલમાં ખરાબ મેસેજ મોકલતા રોહિત સુરુને બે શખ્સોએ માર માર્યો તો

**અબતક, રાજકોટ**

શહેરના રેસકોર્સ રીંગરોડ પર આવેલા બાલ ભવન ગરબીના પાર્કિંગ પાસે છ વર્ષ પૂર્વે યુવતીને મોબાઈલમાં ખરાબ મેસેજ મોકલવા બાબતે થયેલી બોલાચાલી નો ખાર રાખી યુવક ઉપર હુમલો કરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે બે શખ્સોને એક વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતો રોહિત દાદુભાઈ સુરુ નામનો યુવાન ગત તારીખ ૫ ૧૦ ૧૯ ના રોજ ફિયાંસી સાથે બાલ ભવન ગરબાના પાર્કિંગમાં ઊભો હતો ત્યારે શિવરાજસિંહ બહાદુરસિંહ ઝાલા નામનો યુવાન યુવતીના મોબાઈલમાં ખરાબ મેસેજ મોકલતા રોહિત સુરુ અને શિવરાજસિંહ ઝાલા વચ્ચે થયેલી ઉગ્ર બોલા ચાલી માં ઉશ્કેરાયેલા શિવરાજ સિંહ ઝાલા અને વિવેક કાંતિ ચુડાસમાએ રોહિત શરુ પર છરી વડે હુમલો કર્યા અંગેની પ્રાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે કલમ૩૨૩ ૩૨૪ અને ૫૦૬/૨ હેઠળ ગુનો નોંધી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી હતી. બાદ તપાસની દ્વારા અદાલતમાં સીટ કરવામાં આવતા કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સરકાર પક્ષ દ્વારા ફરિયાદી પંચો સાહેબ તબીબ એફએસએલ અને તપાસનીશ ને તપાસવામાં આવેલા બાદ બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ એમ.એ. સોલંકી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ જજ ભાર્ગવ પી. ઠાકર દ્વારા શિવરાજસિંહ ઝાલા અને વિવેક ચુડાસમાને તકસીરવાન ઠેરવી એક એક વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# અવધ બંગલા પાસે સ્વિમિંગ પૂલમાં બોલ લેવા ગયેલા વિદ્યાર્થીનુ ડૂબી જતા મોત

## પરીક્ષા આપી મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયેલા ધર્મીનના અકાળે મોતથી પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શહેરના અવધ બંગલા પાછળ વી વી પી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા અને પરીક્ષા આપીને મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયેલા ૧૯ વર્ષીય વિદ્યાર્થીનું સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. ક્રિકેટ રમતી વખતે બોલ પાણીમાં પડતા તેને કાઢવા જતાં આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. બનાવને લઈ પરિવારમાં શોક છવાયો છે.

મળતી માહિતી મુજબ, શહેરના જલારામ સોસાયટી ઓમ નગરમાં રહેતો ધર્મિન હિતેશભાઈ મોરીધરા (ઉં.વ. ૧૯) વી વી પી કોલેજમાં બીટેકના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. હાલમાં તેની પરીક્ષા ચાલી રહી હોય, આજે સવારે તે પોતાનું ત્રીજું પેપર આપીને કોલેજથી છૂટ્યો હતો. પરીક્ષાના થાક બાદ મન હળવું કરવા ધર્મિન તેના ૫-૬ મિત્રો સાથે શહેરના અવધ બંગલા પાછળ આવેલા મેદાનમાં ક્રિકેટ રમવા ગયો હતો.

રમત દરમિયાન અચાનક ક્રિકેટનો બોલ બાજુમાં આવેલા અવધ બંગલાના બંધ હાલતના સ્વિમિંગ પૂલમાં જઈ પડ્યો હતો. બોલ પાણીમાં તરતો જોઈ ધર્મિનને એમ લાગ્યું કે પાણી ઓછું હશે અને તે બોલ કાઢી લેશે. પરંતુ જેવો તે સ્વિમિંગ પૂલમાં ઉતર્યો કે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પાણીમાં ડૂબતી વખતે થયેલા અવાજને સાંભળી તેના મિત્રો તાત્કાલિક સ્વિમિંગ પૂલ પાસે દોડી આવ્યા હતા. મિત્રોએ ભારે જહેમત બાદ ધર્મિનને પાણીમાંથી બહાર કાઢ્યો હતો અને તાત્કાલિક બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ધર્મિન તેના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો. તેના પિતા હિતેશભાઈ ફર્નિચરનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે મેટોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બાર કાઉન્સિલના વિજેતા ઉમેદવાર અનિરૂદ્ધસિંહ અને જજ વચ્ચે ઉગ્ર બોલાચાલી

## ભાવનગર ખાતે વિજય સરઘસમાં ઘોંઘાટ થતાં ન્યાયિક પ્રક્રિયામાં ખલેલ પહોંચતા જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો: ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને હાઈકોર્ટ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ઉદ્દેશી પત્ર લખી પગલા લેવા માંગ

**અબતક, રાજકોટ**

ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોર્ટના પ્રાંગણમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવ્યા બાદ એડવોકેટના સ્વાગત દરમિયાન ઢોલ નગારા વગાડવા મુદ્દે જજ અને એડવોકેટ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા કોર્ટ સંકુલમાં ગરમાવો વ્યાપી ગયો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયુવેગે વાઈરલ થયો છે. ઉલ્લેખનીય છે કે, આ મામલે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવાઈ નથી.ગુજરાત બાર એસોસિએશનના સભ્ય તરીકે વિજેતા બનેલા જાણીતા એડવોકેટ અનિરૂદ્ધસિંહ ઝાલાનું ભાવનગર શહેરના રૂપમ ચોકથી કોર્ટના ગેટ સુધી વિજય સરઘસ નીકળ્યું હતું. કોર્ટની કાર્યવાહી ચાલુ હોવાથી ન્યાયિક પ્રક્રિયામાં ખલેલ પહોંચતા જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. કોર્ટની મર્યાદા અને શાંતિ જાળવવાના મુદ્દે જજ અને વકીલ વચ્ચે થયેલી ઉગ્ર દલીલો ના દશ્યો ઉપસ્થિત લોકોએ કેમેરામાં કેદ કર્યા હતા.ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને હાઈકોર્ટ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ઉદ્દેશીને પત્ર લખ્યો છે. જેમાં ભાવનગરમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીના વિજેતા ઉમેદવાર એડવોકેટ અનિરૂદ્ધસિંહ ઝાલાના વિજય સરઘસ વખતે કોર્ટની કાર્યવાહીમાં ખલેલ પડતા ડિસ્ટ્રિક્ટ જજે તેઓને રોક્યા હતા. જેમાં અનિરુદ્ધસિંહ ઝાલાએ ડિસ્ટ્રિક્ટ જજ સાથે અણછાજતું વર્તન કર્યું હતું. ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિએશને ગુજરાત હાઈકોર્ટને એડવોકેટ અનિરુદ્ધસિંહ ઝાલા સામે કન્ટેમ્પ કાર્યવાહી હાથ ધરવા અને બાર કાઉન્સિલને અનિરુદ્ધસિંહ ઝાલા સામે કડક પગલા લેવા માંગ કરી છે.'' ડિસ્ટ્રિક જજ સાથે અણછાજતું વર્તન ન્યાયિક ગરીમાનું હનન કરનારું છે. તેનાથી યુવા વકીલ પેઢીમાં ખોટો સંદેશ જાય તેમ છે. વળી જજીસ ભય મુક્ત વાતાવરણમાં કામ કરી શકે તેની પણ તકેદારી રાખવી જરૂરી છે.

# લાખાજીરાજ ઉદ્યોગનગરમાં સાસુ-નણંદ પર પુત્રવધુ-પૌત્રનો છરી-પટ્ટા વડે હુમલો

## તને અહીં શેરીમાં આવવાની ના પાડી છતાં કેમ આવે છે કહી ત્રિપુટી તૂટી પડી: થોરાળા પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના જુના માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતી પરિણીતાને ભાભી-ભત્રીજાઓએ માર માર્યો હતો. અહીં આવવાની ના પાડી છે છતાં કેમ આવો છો કહી ભાભી-ભત્રીજા છરી અને પટ્ટા વડે તૂટી પડતા પરિણીતા લોહીલુહાણ થઈ ગઈ હતી. પુત્રીને છોડાવવા પડેલી માતાને પણ પૌત્રએ પટ્ટા વડે માર માર્યો હતો. સમગ્ર મામલે થોરાળા પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જુના માર્કેટિંગ યાર્ડ પાછળ મનછાનગર શેરી નં.૦૮ માં રહેતા ૩૬ વર્ષીય પરિણીતા દક્ષાબેન ભરતભાઈ ચાવડાએ આરોપી તરીકે ભાવનગર રોડ પર લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં.-૮ માં રહેતા ભાભી મનીષાબેન કલ્પેશભાઈ વાલાણી તેમજ ભત્રીજા દર્શન કલ્પેશભાઈ અને હાર્દિક કલ્પેશભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના હું તથા સગા બેનની દીકરી તમન્નાબેન વિનોદભાઈ (ઉંમર વર્ષ ૧૩) બંને લાકડા લેવા મારા માતા પ્રભાબેન રમેશભાઈ વાલાણી (રહે લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નંબર ૦૮, રાજકોટ) ખાતે ગયેલા હતા. દરમિયાન સાંજના સાડા છ વાગ્યે મારા માતાની બાજુમાં રહેતા મારા સગા ભાભી મનિષાબેન કલ્પેશભાઈ વાલાણી તથા તેઓના દીકરા હાર્દિકભાઈ તથા દર્શનભાઈ શેરીમાં આવી અહીં ના પાડવા છતાં કેમ આવો છો ? તેમ કહી ઝઘડો કરવા લાગેલ હતા. બાદમા મનીષાબેન ત્યાં પડેલા લાકડાનો એક ધોકો લઈ મને શરીરે મારતા મુંઢ માર વાગેલ હતો. બાદ દર્શનએ છરી વડે મને કપાળના ઉપર માથાના ભાગે ઘા ઝીંકી દેતાં લોહી નીકળવાં લાગેલ હતું. બાદ હાર્દિકે પટ્ટા વડે મને મૂઢ માર મારેલ હતો. દરમિયાન મારા માતા પ્રભાબેન છોડાવવા વચ્ચે પડતા તેને પણ હાર્દિકએ પટ્ટા વડે મુંઢ મારેલ હતો. મારામારીને પગલે સ્થાનિકો એકત્રિત થઈ ગયેલ હતા. બાદ માતાએ ૧૦૮ માં ફોન કરી એમ્બ્યુલન્સમાં પુત્રીને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

બનાવ અંગે પરિણીતાએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ આપતાં છરી અને પટ્ટા વડે હમલી કરનાર ભત્રીજા અને ભાભી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# રૂ.૭.૭૦ લાખની આવકવેરા ચોરીના કેસમાં વેપારી નિર્દોષ

## બેંકખાતામાં ૧૭.૭૭ લાખ જેવી રકમના આવકવેરા ચોરીની ફરિયાદ હતી

**અબતક, રાજકોટ**

૭.૭૦ લાખની આવકવેરા ચોરીની આયકર વિભાગની ફરિયાદ અંગેના કેસમાં રાજકોટ પ્રિન્સિપાલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા અમરેલીના મોબાઈલ રિચાર્જ ધંધાર્થી વિજય કેશુભાઈ દેસાઈને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે.

આ અંગેની હકીકત મુજબ, અમરેલીના મોબાઈલ રિચાર્જ ધંધાર્થી સુરેશ મુળજીભાઈ વાડોલીયાના એસ.બી.આઈ.ના બેન્ક એકાઉન્ટમાં રૂા. ૧૭,૭૭,૮૦૦ જમા હોવા છતાં તે રકમ ઉપર થતો ઈન્કમટેક્ષ જમા કરાવેલ ન હોય, જેમાં રાજકોટ આવકવેરા વિભાગ દ્વારા એસેસમેન્ટ કરીને નોટિસો પાઠવ્યા છતાં ઈન્કમટેક્સ ભર્યો ન હતો, આથી સુરેશભાઈએ રૂા.૭,૭૦,૮૯૦ની કરચોરી આચરી હોવાની કોર્ટમાં ફરિયાદ કરી હતી.આ કેસ ચાલવા ઉપર આવતા ફરિયાદી ઈન્કમટેક્સ ઓફીસરે પોતાના કેસના સમર્થનમાં જુબાની આપ્યા બાદ આરોપીના એડવોકેટ અમિત ભગત દ્વારા સદરહું ફરીયાદીની લંબાણ પુર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ, જેમાં જે હકીકત રેકર્ડ ઉપર આવેલ કે આરોપી વિજય દેસાઈ કે જેઓ આઈડીયા કંપનીમાં મોબાઈલનું રિચાર્જનું કામ કરતા હતા અને જેટલી રકમનું ગ્રાહકો રિચાર્જ કરાવે તેની ઉપર તેઓને કમિશન મળતું હતું અને બાકીની રકમ તેઓ એક સાથે આઈડીયા કંપનીમાં જમા કરાવતા હતા અને સદરહું રકમ આઈડીયા કંપનીને મોકલવા માટે જમા થયેલ હતી, જેથી સદરહું રકમ પર આરોપીનો કોઈ જ અધીકાર ન હતો, તે સહિતની તમામ હકીકત રેકર્ડ ઉપર આવેલ. જે તમામ હકીકતો ધ્યાને લઈ કોર્ટે આરોપી વિજય દેસાઈને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે.

# ૧૦ ચોરાઉ વાહન સાથે તસ્કર રાહુલ પરમાર અને ગોપાલ માલકિયાની ધરપકડ


## મોજશોખ પુરા કરવા મોટરસાયકલ ચોરી સસ્તા ભાવે વેંચી રોકડી કરી લેતા, સારા વાહનનો રેસીંગમાં પણ ઉપયોગ કરતા

**અબતક, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોરાઉ વાહન સાથે તસ્કર બેલડીની ધરપકડ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સોની પકડી લઈ રાજકોટ શહેર અને ચોટીલામાં નોંધાયેલા અલગ અલગ આઠ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શહેરી વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલ ઝડપ, લૂંટ સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ વી ચુડાસમાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ યશવંતભાઈ ભગત, હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાળ કોન્સ્ટેબલ અરવિંદકુમાર ફતેપુરા અને સંજયભાઈ અલગોતરને મળેલી હકીકતના આધારે ૧૦ ચોરાઉ મોટરસાયકલ સાથે રાહુલ ધીરુભાઈ પરમાર (ઉવ ૨૨ રહે. આજીડેમ ચોકડી પાસે, માંડા ડુંગર, ગોકુલ પાર્ક, રાજકોટ) અને ગોપાલ ઉર્ફે રોહિત રમેશભાઈ માલકીયા (ઉવ ૨૩ રહે. રણુજા મંદિર પાસે, ગધીવાડ શેરી નં.-૧, કોઠારીયા રોડ, રાજકોટ મૂળ રહે. રેશમિયા ગામ, ચોટીલા, સુરેન્દ્રનગર)ની ધરપકડ કરી રૂ.૨.૨૦ લાખની કિંમતના ૧૦ ચોરાઉ મોટરસાયકલ કબજે કરી આજીડેમ પોલીસ મથકમાં નોંધાયેલ પાંચ, બી ડિવિઝનનો એક અને ચોટીલા પોલીસ મથકમાં નોંધાયેલા બે મળી કુલ આઠ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. જયારે ચાર મહિના પૂર્વે નારણકા ગામથી નદીના રસ્તેથી એક હીરો હોન્ડા સ્પલેન્ડર પ્લસ વાહન અને બે મહિના પૂર્વે ગોંડલની આશાપુરા ચોકડી ખાતેથી સ્પલેન્ડર પ્લસ વાહન ચોરી ગયાની કબૂલાત આપી હતી.

### રાજકોટ શહેર અને ચોટીલામાં નોંધાયેલા આઠ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો: ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી



### કેશોદના માણેકવાડા ગામેથી બુલેટ ચોરી લેનાર રણજીત પરમાર રાજકોટથી ઝડપાયો : વાહન કબ્જે



ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ એક આરોપીને પકડી બુલેટ મોટરસાયકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાની ટીમના હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા, ધારાભાઈ વાનરીયા અને રાજેશભાઈ જળુને મળેલી હકીકતના આધારે જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના માણેકવાડા ગામના વાડી વિસ્તારમાંથી ચોરી થયેલ બુલેટ મોટરસાયકલ સાથે રણજીત સોમાભાઈ પરમાર (ઉવ ૩૨ રહે. સારસાના ગામ, સુરેન્દ્રનગર હાલ રહે. માણેકવાડા, કેશોદ,જુનાગઢ) ને રાજકોટના જામનગર રોડ પર પથિકાશ્રમ ખાતેથી ઝડપી લઈ રૂપિયા એક લાખની કિંમતનું જીજે-૧૧-સીઈ-૭૧૭૪ નંબરનું બુલેટ મોટરસાયકલ કબજે કર્યું હતું.

વધુમાં પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર બંને શખ્સો પોતાના મોજશોખ પુરા કરવા વાહનચોરીને અંજામ આપી સસ્તા ભાવે વાહનો વેંચી રોકડી કરી લેતા હતા. ઉપરાંત સારા વાહનોનો તેઓ રેસીંગમાં પણ ઉપયોગ કરતા હોવાનું પોલિસ તપાસમાં કબૂલાત આપી હતી.

આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઈ એસ વી ચુડાસમા, એએસઆઈ યશવંતભાઈ ભગત, હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ પાંભર, કરણભાઈ કોઠીવાળ, કોન્સ્ટેબલ સંજયભાઈ અલગોતર, અરવિંદકુમાર ફતેપુરા, મહાવીરસિંહ જાડેજા અને પોપટભાઈ ગમારા દ્વારા કરવામાં આવી હતી.

# મયુર ડાયકેમમાં આઈ.ટી.ની તપાસમાં રૂ. ૫૦ કરોડનો દલ્લો પકડાયો

## ૪૦ કરોડના દાગીના અને ૧૦ કરોડની રોકડ કબ્જે ,સંજય પટેલને ત્યાંથી ૩૩ દારૂની બોટલ મળી આવી

**અબતક,રાજકોટ**

અમદાવાદમા ગત સપ્તાહે મયુર ડાયકેમના માલિક મયુર પટેલ અને તેના ભાગીદાર સંજય પટેલને ત્યાં આવકવેરા વિભાગે દરોડા પાડ્યા હતા. આ તપાસ હજુ ચાલી રહી છે. આઈ ટી ને આ તપાસ દરમયાન ૪૦ કરોડના દાગીના અને રૂપિયા ૧૦ કરોડની રોકડ મળી આવી છે જે કબ્જે લેવામાં આવી છે. આ ઉપરાંત સંજય પટેલ ને ત્યાંથી ૩૩ બોટલ દારૂ મળી આવતા તે કબ્જે લેવાઈ છે અને પોલીસે આ પ્રકરણમાં તપાસ શરૂ કરી છે.આ અંગે આવકવેરાના અધિકારીના જણાવ્યા મુજબ મયુર ડાયકેમ પેઢીમાં ટેક્સ ચોરી થતી હોવાની આવકવેરાને મહિતી મળી હતી. જેના આધારે આ તપાસ કરવામાં આવી હતી. આ સર્ચ ઑપરેશનમા આવક વેરા ને ટેક્સ ચોરી ઝડપી લેવામાં સફળતા મળી છે.વટવા જીઆઈડીસીમાં આવેલી મયુર ડાયકેમ કંપનીની ઓફિસ, રહેણાંક અને ફેક્ટરી પર ૧૦૦થી વધુ પોલીસ જવાનોના ચુસ્ત બંદોબસ્ત સાથે આઈટીની તપાસ કરવામાં આવી હતી.આ દરોડામા કંપનીના માલિક મયુર પટેલ, તેમના ભાગીદારો અને સ્વજનોના અમદાવાદ તેમજ વડોદરાના પાદરા સ્થિત નિવાસસ્થાનો પર પણ આઈ ટી ના અધિકારીઓ પહોંચ્યા હતા.તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં બિનહિસાબી રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના મળી આવ્યા છે, અને આ ઉપરાંત અનેક બેંક લોકર્સ પણ સીલ કરવામાં આવ્યા છે.

### ડિજિટલના ડેટા અને ડાયરીમાંથી શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા

મયુર ડાયકેમની કંપનીની પ્રાથમિક તપાસમાં જ કરોડો રૂપિયાના એવા વ્યવહારો મળી આવ્યા છે જેનો કોઈ હિસાબ કંપનીના ચોપડે નથી.આ ઉપરાંત ડિજિટલ ડેટા અને ડાયરીઓમાંથી મળેલી અનેક શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે. આ વિગતોના આધારે અધિકારીઓ અત્યારે મયુર પટેલ અને તેમના ભાગીદારોની પૂછપરછ કરી રહ્યા છે. આ દરોડામા હજુ અન્ય લોકો-ટેકસ ચોરોને ત્યાં આવકવેરાના અધિકારીઓ તપાસ હાથ ધરે તેવી સંભાવના છે.

### ટેક્સ બચાવવા બોગસ બીલો બનાવ્યા હોવાની અને હવાલા એન્ટ્રી પાડી હોવાની સંભાવના

મયુર ડાયકેમ ખાસ પ્રકારના કેમિકલનું ઉત્પાદન કરે છે અને મોટા પાયે વિદેશમાં નિકાસ કરે છે. આઈટી વિભાગ અત્યારે ખાસ કરીને કંપની દ્વારા કેટલી નિકાસ કરવામાં આવી અને તેના બદલામાં કેવી રીતે પેમેન્ટ મેળવવામાં આવ્યું તેની એક્સપોર્ટ એન્ટ્રીઓ તેમજ ટેક્સ બચાવવા માટે બોગસ બિલો કે હવાલા એન્ટ્રીઓ પાડવામાં આવી હોવાની પણ સભાવના છે. આ દિશામાં તપાસ ચાલી રહી છે. આ સાથે જ, ગુજરાતના અન્ય મોટા કેમિકલ ઉત્પાદકો અને વેપારીઓ પણ મયુર ડાયકેમ સાથે સીધા સંકળાયેલા હોવાની વિગતો સામે આવી રહી હોવાથી આગામી સમયમાં આ તપાસનો વ્યાપ વધુ વધી શકે તેવી શક્યતા છે.

# એમેઝોનના સ્થાપક જેફ બેઝોસના પૂર્વ પત્ની મેકેન્ઝી યુનિવર્સિટીને રૂ.૩૫૦ કરોડનું કર્યું દાન

## જેફ બેઝોસ અને એલોન મસ્ક જેવા અબજોપતિઓના કુલ દાન કરતા પણ મેકેન્ઝી સ્કોટે વધુ રકમ આપી

**અબતક નવી દિલ્હી**

વિશ્વની દિગ્ગજ ઈ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસના પૂર્વ પત્ની અને જાણીતા પરોપકારી મેકેન્ઝી સ્કોટે ફરી એકવાર પોતાની ઉદારતાથી દુનિયાને ચોંકાવી દીધી છે. મેકેન્ઝી સ્કોટે એલિઝાબેથ સિટી સ્ટેટ યુનિવર્સિટી ને ૪૨ મિલિયન ડોલર આશરે ₹૩૫૦ કરોડનું રેકોર્ડબ્રેક દાન આપવાની જાહેરાત કરી છે.

એમેઝોનમાં પોતાના હિસ્સાનો મોટો ભાગ વેચ્યા બાદ મેકેન્ઝી સતત સામાજિક કાર્યોમાં મોટું યોગદાન આપી રહ્યા છે. યુનિવર્સિટીના ચાન્સેલર એસ. કીથ હરગ્રોવના જણાવ્યા અનુસાર, કોઈપણ 'હિસ્ટોરિકલી બ્લેક કોલેજ એન્ડ યુનિવર્સિટી' ને અત્યાર સુધીમાં મળેલું આ સૌથી મોટું પ્રતિ-વિદ્યાર્થી દાન છે. આ રકમ ૨૦૨૦માં આ જ યુનિવર્સિટીને મળેલી સહાય કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. આ દાન એવા સમયે આવ્યું છે જ્યારે યુનિવર્સિટી પોતાનો પાંચ વર્ષનો વ્યૂહાત્મક પ્લાન લોન્ચ કરી રહી છે.



મેકેન્ઝી સ્કોટે વર્ષ ૨૦૧૯માં જેફ બેઝોસ સાથેના છૂટાછેડા બાદ અત્યાર સુધીમાં ૨,૫૦૦ થી વધુ સંસ્થાઓને કુલ ૨૬.૪ બિલિયનડોલર નું દાન કર્યું છે. માત્ર ૨૦૨૫ ના વર્ષમાં જ તેમનું દાન ૭.૨ બિલિયન ડોલર સુધી પહોંચી ગયું છે. નવાઈની વાત એ છે કે, આ આંકડો એલોન મસ્ક, લેરી પેજ અને તેમના પૂર્વ પતિ જેફ બેઝોસના જીવનભરના કુલ દાન કરતા પણ વધારે છે.

જોકે, મેકેન્ઝીના આ દાન કરવાની પદ્ધતિની ટીકા પણ થઈ રહી છે. તાજેતરમાં ટેક જગતના અગ્રણી ગેરી ટેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ દાનને 'ખરાબ' ગણાવ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે યોગ્ય દેખરેખ વગર આટલી મોટી રકમ આપવાથી ગેરવહીવટ અને અરાજકતા ફેલાઈ શકે છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કે પણ આ વાતમાં સૂર પુરાવતા ગેરી ટેનની પોસ્ટ પર સહમતી દર્શાવી હતી.

# સશસ્ત્ર દળોમાં મહિલા અધિકારીઓને મળશે સંપૂર્ણ પેન્શન અને કાયમી કમિશન

## એસીઆર મૂલ્યાંકનમાં રહેલી ખામીઓને કારણે કાયમી કમિશન નકારવું અયોગ્ય ગણાવી ૨૦ વર્ષની નોકરી પૂર્ણ ગણી પેન્શન આપવા સુપ્રિમનો આદેશ

**અબતક, નવી દિલ્હી**

મહિલા શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર્સ માટે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે ચુકાદો આપ્યો છે કે સશસ્ત્ર દળોમાં આ મહિલા અધિકારીઓને સંપૂર્ણ પેન્શન ચૂકવવામાં આવે. કોર્ટે જણાવ્યું કે જ્યારે આ અધિકારીઓ કાયમી કમિશન માટે અપાત્ર હતા, ત્યારે તેમના એસીઆર મૂલ્યાંકનમાં થયેલી મનમાનીને કારણે તેમને કાયમી કમિશનથી વંચિત રાખવા તે સંપૂર્ણપણે અન્યાયી હતું.

સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટિસ ઉજ્જ્વલ ભુયાન અને એન. કે. સિંહની બેન્ચે આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે શરૂઆતના ૧૦ વર્ષમાં મહિલા અધિકારીઓ કાયમી કમિશન માટે અપાત્ર હોવાથી, તેમનું મૂલ્યાંકન એવી ધારણા સાથે કરવામાં આવ્યું હતું કે તેમને ક્યારેય કારકિર્દીમાં આગળ વધવાની તક મળશે નહીં. આ પૂર્વગ્રહયુક્ત સિસ્ટમને કારણે તેમની એકંદર લાયકાત અને કાયમી કમિશનની તકોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને સુપ્રીમ કોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. જે મહિલા અધિકારીઓએ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે અને જેઓ કાનૂની લડાઈ દરમિયાન સેવામાંથી મુક્ત થઈ ગઈ છે, તેમની ૨૦ વર્ષની નોકરી પૂરી થઈ હોવાનું માનવામાં આવશે. આ આધારે તેઓ પેન્શન અને પગારના એરિયર્સ સિવાયના અન્ય તમામ લાભો મેળવવાને પાત્ર બનશે.

કોર્ટે સ્પષ્ટતા કરી છે કે આ અધિકારીઓનું પેન્શન ૨૦ વર્ષની સેવા પૂર્ણ થયાની તારીખથી નક્કી થશે, અને પેન્શનનું એરિયર્સ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ચૂકવવામાં આવશે. જોકે, આ લાભ જજ એડવોકેટ જનરલ અને આર્મી એન્જિનિયરિંગ કોર્પ્સની મહિલા અધિકારીઓને લાગુ પડશે નહીં, કારણ કે તેઓ વર્ષ ૨૦૧૦થી જ કાયમી કમિશન માટે લાયક ગણાય છે.

વધુમાં, બેન્ચે નિર્દેશ આપ્યો છે કે જે મહિલા અધિકારીઓ ગયા વર્ષના મે મહિનાના કોર્ટના આદેશો મુજબ સેવામાં ચાલુ છે અને જેમણે ૨૦૨૦ અને ૨૦૨૧ ના રેગ્યુલર સિલેક્શન બોર્ડમાં ૬૦% કટ-ઓફ માર્ક્સ મેળવ્યા છે, તેમને કાયમી કમિશન આપવામાં આવશે. જોકે, આ માટે તેમણે મેડિકલ, શિસ્ત અને વિજિલન્સ ક્લિયરન્સના માપદંડો પૂર્ણ કરવાના રહેશે.

# રૂડા દ્વારા ૭૭ સર્વે નંબર સાથેની બેડી ટીપી સ્કીમ નં. ૩૯/૨ કરાય જાહેર

## ગવરીદડ તથા મનહરપુર ગામના વિસ્તારોનો ટી.પી.સ્કીમમાં સમાવેશવાંધા સૂચનો મંગાવાયા

**અબતક, રાજકોટ**

રૂડા દ્વારા બોર્ડ બેઠકમાં ટીપી સ્કીમ યોજના નં.૩૯/૨(બેડી) બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો હતો.અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રાખવામાં આવ્યો છે.

સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૦૨.૬૯.૩૬ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ સદરહુ સ્કીમ માટે ડી.આઈ.એલ.આરની કચેરીના તા. ૧૪/૧૧/૨૦૨૫ના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો જરૂરી પરામર્શ પત્ર

સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-પાળ અને મોજેકાંગશીયાળી ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ હોવાથી ત્યાં મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાની થાય છે.સદરહુ યોજના અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છેઅને આ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯/૨(બેડી)ની ચર્તુ સીમા-હદ નીચે મુજબ છે. ઉત્તરે મોજેગવરીદડ ગામના અન્ય રે.સર્વે નંબરો તથા મોજેમનહરપુર ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે. દક્ષિણે સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૯/૧(બેડી)ની હદ આવેલ છે. પૂર્વ મોજેબેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે. પશ્ચિમ આજી નદી આવેલ છે

ટીપી સ્કીમમાં મોજેબેડી ૧૪૮, ૧૪૯, ૧૫૦/૧, ૧૫૦/૨, ૧૫૧, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯પૈકી ૧/પૈકી ૧, ૧૫૯પૈકી ૧/પૈકી ૨, ૧૬૦, ૧૬૧, ૧૯૧, ૧૯૨, ૧૯૫, ૧૯૬/૧પૈકી ૧,૧૯૬/૧/પૈકી ૨, ૧૯૬/૨, ૧૯૭/૧, ૧૯૭/૨, ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૦૬ પૈકી, ૨૦૭, ૨૦૮પૈકી, ૨૦૯, ૨૧૦, ૨૧૧/૧, ૨૧૧/૨, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭/૧/૧, ૨૧૭/૧/૨, ૨૧૭/૨, ૨૧૮, ૨૧૯/૧, ૨૧૯/૨, ૨૨૦, ૨૨૧, ૨૨૨/૧, ૨૨૨/૨, ૨૨૩, ૨૧૬, ૨૨૪પૈકી, ૨૨૫/૧, ૨૨૫/૨, ૨૨૫/૩, ૨૨૫/૪, ૨૨૫/૫, ૨૨૫/૬, ૨૨૫/૭, ૨૨૫/૮, ૨૨૫/૯, ૨૨૬, ૨૨૭પૈકી, ૨૨૮પૈકી, ૨૨૯. ૨૩૦/૧ પૈકી, ૨૩૦/૨, ૨૩૧, ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૮પૈકી, ૨૬૧/૧ પૈકી તથા સરકારની માલિકીના રે.સર્વે નં.૨૬૧પૈકી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

# રામનવમી નિમિતે કાલે રામવનમાં મુલાકાતીઓને નિ:શુલ્ક પ્રવેશ આપશે




શ્રીરામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહિતના આકર્ષણો દર્શાવતું રામવનનું નિર્માણ કરવામાં આવેલ છે. ભગવાન શ્રીરામના જીવનચરિત્રના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧૫ માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવન પ્રસંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ ''રામવન'' આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. આવતીકાલે ''રામનવમી'' નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ''અર્બન ફોરેસ્ટ'' (રામવન)ની મુલાકાત માટે તમામ મુલાકાતીઓને નિશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાન પ્રસંગોમાંથી પ્રેરણા મેળવે તેમજ ભગવાન શ્રીરામ પ્રત્યેના ભક્તિભાવથી અવગત કરવાના ઉમદા હેતુથી રામનવમીના દિવસે ''અબન ફોરેસ્ટ'' (રામવન)ની મુલાકાત માટે તમામ વય જૂથના મુલાકાતીઓને નિશુલ્ક પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

## ફુટ ઓવર બ્રીજ અને નવા પ્લેટ ફોમના નિર્માણ કાર્યને કારણે

# ઓખા - ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ ૩૧મી મે સુધી રદ

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝન હેઠળના પીપળી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ વધારવાના ઉદ્દેશ્ય સાથે ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યું છે.

ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ, જે અગાઉ ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ કરવામાં આવ્યું હતું, તે હવે લંબાવીને ૩૧ મે, ૨૦૨૬ સુધી કરવામાં આવ્યું છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે કૃપા કરીને ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો, જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ટાળી શકાય.

# ગુજરાત પર રૂ.૩.૮૦ લાખ કરોડનું દેણું: કેગનો રિપોર્ટ વિધાનસભામાં રજૂ

## નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ કેગનો રિપોર્ટ રજૂ કર્યોગત વર્ષ કરતા દેનામાં વધારો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં કેગ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.રાજ્યનું જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ પર પહોંચ્યું છે.

વિધાનસભામાં કેગ (CAG) નો રિપોર્ટ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ એ રજૂ કર્યો રિપોર્ટ કર્યો હતો.ગુજરાત પરના જાહેર દેવામાં ગત વર્ષ કરતા વધારો થયો છે.આ રિપોર્ટમાં રાજ્યના નાણાકીય હિસાબોની વિગતો જાહેર કરવામાં આવી છે, જે મુજબ ગુજરાતના જાહેર દેવામાં મોટો વધારો નોંધાયો છે. કેગના અહેવાલ અનુસાર, ગુજરાતનું કુલ જાહેર દેવું હવે ૩.૮૦ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

કેગના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીએ રાજ્યના જાહેર દેવામાં આ વર્ષે ૨૨,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. રાજ્ય સરકારની આર્થિક સ્થિતિ અને લોનની વિગતો આપતા આ રિપોર્ટમાં દેવા પાછળના કારણો અને વ્યાજની જવાબદારીઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

બજાર લોનનું પ્રમાણ વધ્યું રાજ્ય સરકાર પરની બજાર લોનમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. અત્યારે રાજ્યની કુલ બજાર લોન ૩.૧૧ લાખ કરોડ રૂપિયા છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૬,૦૦૦ કરોડ રૂપિયા જેટલી વધારે છે. વિકાસલક્ષી કાર્યો અને અન્ય ખર્ચાઓને પહોંચી વળવા માટે સરકાર દ્વારા લેવામાં આવતી લોનનું પ્રમાણ વધતા હવે રાજ્યના માથે દેવાનો બોજ પણ વધી રહ્યો છે. રાજ્યની આર્થિક સ્થિતિને લઈને ગૃહમાં ચર્ચા જાગી વિધાનસભાના છેલ્લા દિવસે આ રિપોર્ટ રજૂ થતા જ રાજ્યની આર્થિક સ્થિતિને લઈને ગૃહમાં ચર્ચા જાગી છે. નાણાં મંત્રીએ રજૂ કરેલા આ આંકડાઓ આગામી સમયમાં ગુજરાતના અર્થતંત્ર માટે મહત્વના સાબિત થશે.

# આંતરરાષ્ટ્રીય કક્ષાનો જી ફોર્સ ક્રિકેટ કેમ્પ યુવક-યુવતી માટે સુવર્ણ તક બનશે

## ૩૦ માર્ચથી કેમ્પનું આયોજન, નિષ્ણાંતો તાંલીમ આપશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ક્રિકેટના નવા અધ્યાયની શરૂઆત થવા જઈ રહી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના જી ફોર્સ ક્રિકેટ એકેડેમી દ્વારા આગામી ૩૦ માર્ચ, ૨૦૨૬ થી રાજકોટના અત્યંત પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક એવા જિમખાના કલબ - શાસ્ત્રી મેદાન (ત્રિકોણ બાગ પાસે) ખાતે એક ભવ્ય 'સમર ક્રિકેટ કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં યુવક યુવતી ભાગ લઈ શકશે.આ સમર કેમ્પનું સંચાલન જાણીતા ક્રિકેટ કોચ ગોપાલ જસાપરા દ્વારા કરવામાં આવશે. તેઓ આઈસીસી લેવલ ૩ કોચ છે અને છેલ્લા ૨૫ વર્ષથી યુએઈમાં સફળતાપૂર્વક ક્રિકેટ એકેડેમી ચલાવી રહ્યા છે. તેમના અનુભવી માર્ગદર્શન હેઠળ અનેક ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની ઓળખ બનાવી છે. હવે તેમનું લક્ષ્ય રાજકોટ અને સૌરાષ્ટ્રના પ્રતિભાશાળી ખેલાડીઓને આધુનિક કોચિંગ પદ્ધતિ સજ્જ કરવાનું છે.

કેમ્પમાં તાલીમની સાથે ખેલાડીઓને મેચ રમવાનો અનુભવ મળે તે માટે ખાસ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે.

દરેક ખેલાડીની બેટિંગ, બોલિંગ વિકેટકીપિંગ અને ફિલ્ડિંગ ટેકનિક પર પર્સનલાઈઝડ કોચિંગ અપાશે

ક્રિકેટ માટે જરૂરી શારીરિક ક્ષમતા અને માનસિક મજબૂતી પર વિશેષ ભાર મુકાશે. ૦કેમ્પ ૩૦ માર્ચ, ૨૦૨૬ થી ૧૫ મે. ૨૦૨૬ સુધી જિમખાના કલબ (શાસ્ત્રી મેદાન), ત્રિકોણ બાગ પાસે, યોજાશે જેમાં સવાર સાંજ સત્રોમાં તાલીમ અપાશે.

# બ્રાહ્માંડ ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ ડેનીસ આડેસરાનો જન્મદિવસ

રાજકોટના જાહેર જીવનન અગ્રણી બ્રહ્માંડ ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ અન્નપૂર્ણા ગ્રુપના સ્થાપક ડેનીસ આડેસરાનો તા. ૨૫ માર્ચ બુધવારના રોજ ૪૪મો જન્મદિવસ છે.



બાલ્યાવસ્થાથી જ ચુસ્ત ભારતીય વિચારધારા ધરાવનાર ડેનીસ હરેશભાઈ આડેસરા વ્યવસાયે અભિષેક જવેલર્સ, શ્રીયા રીઆલ્ટીના નામે બીઝનેસ કરતા ડેનીસભાઈ ખુબ દયાળુ અને મળતાવડા સ્વભાવના છે. ડેનીસભાઈની સામાજીક કાર્યો અને ઉપલબ્ધી જોઈએ. તો સને ૨૦૧૪ માં પરિવહન મંત્રી નીતીન ગડકરીજીને રુબરુ મળીને ભારતના ડ્રાઈવીંગ લાઈસન્સમાં ઓર્ગન ડોનરની કોલમ ઉમેરાવેલ, જેનાથી ૨૦૨૧ સુધીમાં રેકોર્ડ બ્રેક ૭.૬૮ કરોડ ભારતીયોએ અંગદાનનો સંકલ્પ લીધો. જે કદાચ વિશ્વમાં પ્રથમ હશે. સને ૨૦૧૯-૨૦માં કોવીડની પ્રથમ લહેરમાં એકપણ પૈસા લીધા વગર રાજકોટના પ્રત્યેક ખુણામાં ૪૯૫ સ્વયંસેવકના અન્નપૂર્ણા ગ્રુપે ૫૫ દિવસ નિ:શુલ્ક ૩ લાખ ફુડ પેકેટની વહેંચણી કરેલ અને બીજી લહેરમાં ૧૫૦ સ્વયસેવકાના ગ્રુપ દ્વારા ૧૪૦૦ ઓકસીજન સીલીન્ડર સેવામાં નીમીત બનેલ. ૨૭૦ કોવીડ વિધવા બહેનોને રોશન સહાય, મેડીસીન સહાય, શિક્ષણ સહાય, વિધવા સહાય, સંકટ મોચન સહાય તથા રોજગાર સહાયનાં કેમ્પ કરી આ પરિવારોને આત્મ નિર્ભર બનાવવામાં નીમીત બન્યા હતા.

ડેનીસ આડેસરાના જન્મ દિવસ નીમીતે મો. નં. ૭૬૦૦૫ ૦૫૦૫૦ તેમના બહોળી મિત્ર વર્તુળ તેમજ શુભેચ્છકો દ્વારા આશીર્વાદની વર્ષા થઈ રહી છે.

# ઉમરેઠ બેઠકની પેટાચૂંટણીના મતદાનના ૪૮ કલાક પહેલા ઓપિનિયન પોલ પર પણ પ્રતિબંધ

## ૨૯ એપ્રિલે સાંજના ૦૬૩૦ વાગ્યા સુધી ઍક્ઝિટ પોલ પર નહીં કરી શકાય

**અબતક, રાજકોટ**


ઉમરેઠ વિધાનસભા બેઠકની વિધાનસભા બેઠકની પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા મીડિયામાં ઍક્ઝિટ પોલ અને ઓપિનિયન પોલ પ્રકાશિત કે પ્રસિદ્ધ કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ ગુજરાતમાં ૨૯ એપ્રિલના રોજ ઍક્ઝિટ પોલ પર પ્રતિબંધ તેમજ ઉમરેઠ વિધાનસભા બેઠકની વિધાનસભા મતક્ષેત્રમાં મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન ઓપિનિયન પોલ પર પણ પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામા અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૬(ક) ની પેટાકલમ (૧)થી મળેલી સત્તાનો ઉપયોગ કરી પેટાકલમ (૨) ની જોગવાઈઓ અનુસાર ગુજરાતમાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા બેઠકની વિધાનસભા બેઠકની પેટાચૂંટણી સંદર્ભે તા.૯.૦૪.૨૦૨૬ને ગુરૂવારના સવારે ૦૭૦૦ વાગ્યાથી તા.૨૯.૦૪.૨૦૨૬ને બુધવારે સાંજના ૦૬૩૦ વાગ્યા દરમિયાનના સમયગાળામાં પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ પ્રકારના ઍક્ઝિટ પોલ કે તેના પરિણામો પ્રકાશિત નહીં કરી શકે. સાથે જ અન્ય કોઈપણ રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈઓનો ભંગ કરનારને ૦૨ વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આ ઉપરાંત ભારતના ચૂંટણી પંચના જાહેરનામા અનુસાર ઓપિનિયન પોલ સંદર્ભે, ૧૧૧-ઉમરેઠ વિધાનસભા બેઠકની વિધાનસભાની પેટાચૂંટણીનો મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન કોઈપણ ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ ઓપિનિયન પોલ કે અન્ય મતદાન સર્વેક્ષણના પરિણામો સહિત ચૂંટણી સંબંધી કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ પ્રદર્શિત કરી શકશે નહીં.

# ગ્રીન ટેકનોલોજી-એનર્જી ક્ષેત્રે ઈનોવેશન અનિવાર્ય : વી.વી.પી.ના આંગણે નિષ્ણાંતોનો જમાવડો

## વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજ ખાતે 'સસ્ટેનેબલ નેક્ષસ' વિષય પર બે-દિવસીય નેશનલ કોન્ફરન્સ સંપન્ન







### કેમિકલ વિભાગ દ્વારા ગુજકોસ્ટ સ્પોન્સર્ડ કોન્ફરન્સમાં ૮૦થી વધુ વિદ્યાર્થીઓએ નવા સંશોધનો રજૂ કર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટની વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજના કેમિકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજકોસ્ટ સ્પોન્સર્ડ બે-દિવસીય નેશનલ કોન્ફરન્સ ઈનોવેટિંગ ફોર એ સસ્ટેનેબલ નેક્ષસ - એનર્જી, વોટર, એન્ડ ક્લાઈમેટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઈપીપી કંપોસાઈટના ડાયરેક્ટર જયરાજભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોન્ફરન્સના કો-ઓર્ડિનેટર ડો. દર્શનાબેન ભટ્ટીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પરિષદમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ગ્રીન પ્રોસેસ અને રિન્યુએબલ એનર્જી જેવી અદ્યતન ટેકનોલોજી પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ ટેકનિકલ સત્રોમાં નિષ્ણાતો દ્વારા જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો રજૂ કરવામાં આવ્યા હતા. આત્મીય યુનિવર્સિટીના ડો. રવિ ટાંકે વોટર રિસોર્સ મેનેજમેન્ટ પર માહિતી આપતા પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ પર ભાર મૂક્યો હતો. જ્યારે ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટના નિકુંજ ઉસદડીયાએ ખેતીના પાકની સાથે સોલાર પેનલ લગાવી વીજળી ઉત્પન્ન કરવાની ટેકનિક અને સરકારની સૂર્ય ઉર્જા યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. વી.વી.પી.ના કેમિકલ વિભાગના વડા ડો. વ્યોમેશ પરસાણાએ ગ્રીન સોલ્વન્ટ્સના ઉપયોગ અને ગ્રીન કેમેસ્ટ્રીના મહત્વ વિશે રસપ્રદ માહિતી પીરસી હતી.

આગળના સત્રોમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડો. જયસુખ મારકણાએ નેનો પાર્ટીકલ, સોલાર સેલ અને સોલાર હાઈવે જેવી આધુનિક ટેકનોલોજી વિશે રજૂઆત કરી હતી. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીના ડો. પ્રવીણ કોર્ડિંગરે બાયોફ્યુઅલ પ્રોડક્શન અને ભવિષ્યની ઉર્જા

(અનુ. આઠમા પાને)

# આઈ.સી.એ.આઈ. ભવન ખાતે સનદી હિસાબનીશ વિદ્યાર્થી મંડળના નવા હોદ્દેદારોની વરણી

## 'વિકાસા'ની નવી સમિતિનો ભવ્ય પદગ્રહણ સમારોહમાંકૌશલ્ય વર્ધન અને શૈક્ષણિક સેમિનારો દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો મક્કમ નિર્ધાર

**અબતક ,રાજકોટ**





ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ની રાજકોટ શાખા હેઠળ કાર્યરત પશ્ચિમ ભારત સનદી હિસાબનીશ વિદ્યાર્થી મંડળ (WICASA - વિકાસા) ના વર્ષ ૨૦૨૬-૨૭ ના નવા શૈક્ષણિક વર્ષ માટે મેનેજિંગ કમિટીના હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ ગત તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ આઈ.સી.એ.આઈ. ભવન ખાતે અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના વરિષ્ઠ સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં નવી ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

રાજકોટમાં સીએ (ચાર્ટર્ડ એકાઉન્ટન્સી) નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કાર્યરત આ સંગઠન 'વિકાસા' એ વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યવસાયિક ઘડતર માટેનું એક મહત્વનું પ્લેટફોર્મ છે. આ વર્ષે સમિતિના નેતૃત્વ માટે અનુભવી અને ઉત્સાહી સભ્યોની પસંદગી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચેરમેન તરીકે સીએ ધવલ આર. દોશીની નિમણૂક કરવામાં આવી છે, જેઓ આગામી એક વર્ષ સુધી આ સમિતિનું નેતૃત્વ સંભાળશે.

નવી રચાયેલી સમિતિમાં ઉપાધ્યક્ષ તરીકે પ્રીતેશ આર. કારિયા, મંત્રી તરીકે પ્રેમ મજેઠીયા, સહ-મંત્રી તરીકે મિરલ પોલારા, ખજાનચી તરીકે હર્ષિલ માલવિયા અને સહ-ખજાનચી તરીકે નિરજ ઠકરારની નિમણૂક કરવામાં આવી છે. આ મુખ્ય હોદ્દેદારો ઉપરાંત વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે હેનિલ કાકડિયા, ઔમ બરછા, ખુશ્બુ ભારવાણી, જાનવી કેવલાણી, ખુશી સૂચક, માનસી અગ્રવાલ અને દ્રષ્ટિ લિયાની વરણી કરવામાં આવી છે. આ સમગ્ર ટીમ આગામી એક વર્ષ દરમિયાન રાજકોટના સીએ વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરશે.

પદગ્રહણ બાદ નવા ચેરમેન સીએ ધવલ આર. દોશી અને તેમની ટીમે આગામી વર્ષનું આયોજન રજૂ કરતા જણાવ્યું હતું કે, સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિય જ્ઞાન જ નહીં પરંતુ વ્યવહારુ જ્ઞાન પણ આપવાનો છે. આ હેતુસર આગામી સમયમાં વિવિધ વિષયો પર શૈક્ષણિક સેમિનારો, પ્રાયોગિક વર્કશોપ, કૌશલ્ય વિકાસના ખાસ કાર્યક્રમો અને કારકિર્દી માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવામાં આવશે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ સીએના કઠિન અભ્યાસક્રમમાં જોડાયેલા છે, તેમને પરીક્ષા લક્ષી માર્ગદર્શનની સાથે સાથે પર્સનાલિટી ડેવલપમેન્ટ અને કોમ્યુનિકેશન સ્કિલ્સમાં પણ નિપુણ બનાવવાની દિશામાં નવીન પહેલ હાથ ધરવામાં આવશે.

નવી સમિતિએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજકોટની આ વિદ્યાર્થી પાંખને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે

(અનુ. આઠમા પાને)

# સંસ્કૃતભવનમા પીએચડીનો અભ્યાસ કરતા પ્રધ્યાપકને રાજ્યપાલના હસ્તે બે એવોર્ડ અપાશે

## શનિવારે ગીતામહોત્સવમા ગીતાભુષણ અને શતસુભાષપંડિતની પદવી એનાયત કરાશે

**અબતક, રાજકોટ**

અનુસ્નાતક સંસ્કૃત ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હાલ પીએચડીનો અભ્યાસ કરી રહેલા પ્રાધ્યાપક ઉત્તમ મારુંને ૨૮ માર્ચના રોજ રાજ્યપાલ ગીતાભૂષણ અને શતશુભાષિતપંડિતની પદવીથી સન્માનિત કરશે. ઉત્તમ મારું એ તાજેતરમાં જ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ ની પરીક્ષા પાસ કરીને સરકારી વિનયન કોલેજ લાલપુરમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે હાલ ફરજ બજાવી રહ્યા છે. તેઓએ વર્ષ ૨૦૨૪માં સંસ્કૃત ભવનના અધ્યક્ષ પ્રો. આર. એન. કાથડના માર્ગદર્શનમાં પી એચ ડી માં પ્રવેશ મેળવી''માનવીય સમસ્યાઓ કે નિર્મૂલન મેં શ્રીમદ્ ભગવદગીતા કા પ્રદાન'' વિષય પર હાલ પીએચડી કરી રહ્યા છે. આગામી તારીખ ૨૮ માર્ચના રોજ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે રાજ્યસ્તરીય ગીતા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે 'ગીતાભૂષણ:' અને 'શતસુભાષિતપંડિત' પદવી પ્રાધ્યાપક ઉત્તમ મારુને આપી સન્માનિત કરવામાં આવશે.



પ્રા. ઉત્તમ મારુ

ગુજરાત રાજ્યમાં માત્ર ૧૧૮ વ્યક્તિઓ જ સન્માનિત થવાની છે. તેમાં માત્ર ચાર વ્યક્તિઓ જ એવી છે કે જેમને આ બંને પદવી પ્રાપ્ત થવાની છે, તેમા પ્રા. ઉત્તમ મારુનો સમાવેશ થયો છે.સંસ્કૃત ભાષાના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન અર્થે યોજના પંચકમ્ અંતર્ગત તાજેતરમાં સંપૂર્ણગીતા કંઠપાઠ યોજના અને શતસુભાષિત કંઠપાઠ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

જે લોકોને સંપૂર્ણ ગીતા કંઠસ્થ હોય એટલે કે ગીતાના અઢાર અધ્યાયના તમામે તમામ ૭૦૦ શ્લોક મુખપાઠ હોય તેમની પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યાર બાદ યુનિવર્સિટી કક્ષાએ આકરી સમીક્ષા (પરીક્ષા) કરવામાં આવી હતી. આ સમીક્ષામાં સાંગોપાંગ ઉત્તિર્ણ થનાર વ્યક્તિને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને રાજ્ય સરકાર દ્વારા 'ગીતાભૂષણ:' ની પદવી આપીને સન્માનિત કરવામાં આવનાર છે. તેમ જ ઘર-ઘર અને જન-જન સુધી સંસ્કૃત ભાષાનો વિસ્તાર થાય એવા ઉમદા હેતુથી શતસુભાષિત કંઠપાઠ નામની બીજી યોજના અમલમાં મૂકવામાં આવી હતી. પ્રાચીન સમયમાં જેને ૧૦૦ સુભાષિત કંઠસ્થ હોય તેને પંડિત કહેવામાં આવતાં. આવા ૧૦૦ સુભાષિત જેને કંઠસ્થ હોય તેને પણ માપદંડો અનુસાર સીધી જ યુનિવર્સિટી કક્ષાએ આકરી સમીક્ષા (પરીક્ષા) કરવામાં આવી અને આ સમીક્ષામાં ઉત્તિર્ણ થનાર વ્યક્તિને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને રાજ્ય સરકાર દ્વારા 'શતસુભાષિતપંડિત:' ની ઉપાધિ આપીને સન્માનિત કરવામાં આવનાર છે.

### ચાલો, કેન્સરને મ્હાત આપીએ

# વોક ફોર એચપીવી વેક્સિન અંતર્ગત કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા શનિવારે નાઈટ વોક

## ૧૦ કિ.મી.ની પદયાત્રામાં ૪૦૦થી વધુ કેન્સર વોરિયર્સ જોડાઈ એચપીવી વેક્સિનેશનનું મહત્વ સમજાવશે

**અબતક, રાજકોટ**

કેન્સર જેવી ગંભીર બીમારી સામે જાગૃતિ લાવવા અને ખાસ કરીને દીકરીઓમાં એચપીવી વેક્સિનેશનનું મહત્વ સમજાવવાના ઉમદા હેતુ સાથે કેન્સર કેર ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા આગામી ૨૮ માર્ચ, શનિવારના રોજ રાત્રિના ૦૯:૦૦ કલાકથી રેસકોર્સ રિંગ રોડ ખાતે 'કેન્સર અવેરનેસ નાઈટ વોક'નું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના ફાઉન્ડર અશ્વિનભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ ૧૦ કિ.મી.ની પદયાત્રા કાર્યક્રમને વિવિધ એન.જી.ઓ., તબીબો અને કેન્સર વોરિયર્સનો સહયોગ પ્રાપ્ત થયો છે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીકરીઓ માટેના એચપીવી વેક્સિનેશન અભિયાનથી પ્રેરાઈને આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા નાગરિકોને આ જાગૃતિ અભિયાનમાં જોડાવા અને કેન્સર મુક્ત સમાજની દિશામાં સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સર્વાઈકલ કેન્સર' મુક્ત ભારતના સ્વપનને સાકાર કરવા, આ કાર્યક્રમમાં ખાસ કરીને ૯ થી ૧૪ વર્ષની દીકરીઓ માટે HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ અંગે નિષ્ણાત તબીબો દ્વારા સ્થળ પર માર્ગદર્શન આપવામાં આવશે. સેલ્ફ-ચેકઅપ અને વહેલા નિદાન (Early Detec-

Cancer Care Foundation
Rajkot
Reg. No. : E/12092/Rajkot
www.cancercarefoundationrajkot.org

(અનુ. આઠમા પાને)

### ગુજરાતની શહેરી વિકાસયાત્રાના બે દાયકા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે આપશે કરોડોના વિકાસકાર્યોની ઐતિહાસિક ભેટ

## ૨૦ વર્ષમાં બદલાયું ગુજરાતનું ચિત્રઃ રૂ ૩૩,૫૦૪ કરોડના બજેટ, મેટ્રો રેલ અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ સાથે રાજ્ય બન્યું સ્માર્ટ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત માત્ર એક પ્રવાસ નહીં, પરંતુ ગુજરાતની છેલ્લા બે દાયકાની અવિરત શહેરી

(અનુ. આઠમા પાને)

### વર્લ્ડ ક્લાસ કનેક્ટિવિટીઃ મેટ્રો, બુલેટ ટ્રેન અને એક્સપ્રેસ-વે

ગુજરાતના ચાર મુખ્ય મહાનગરોમાં ઓવરબ્રિજ અને અંડરબ્રિજનું સુદ્રઢ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. વડાપ્રધાનની દીર્ઘદ્રષ્ટિથી આજે અમદાવાદમાં મેટ્રો ફેઝ-૨ પૂર્ણ થયો છે, જ્યારે સુરત મેટ્રોની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. દેશનો સૌપ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પણ ગુજરાતમાં ઝડપથી આકાર લઈ રહ્યો છે. આ ઉપરાંત, 'નમોશક્તિ' (૪૩૦ કિ.મી.) અને 'સોમનાથ-દ્વારકા' (૬૮૦ કિ.મી.) જેવા બે નવા ગ્રીનફીલ્ડ એક્સપ્રેસ-વેની જાહેરાતથી રાજ્યનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ મજબૂત બનશે.





# સ્પોર્ટ્સ અબતક

### નાણાંની ટંકશાળ સર્જતું ક્રિકેટ ફક્ત રમત રહ્યું નથી

# ફક્ત ૮ વર્ષમાં અધધ ૧૪૯૫ ટકાના ગ્રોથ સાથે આરસીબીને ટાઈમ્સ-બિરલા ગ્રુપે ખરીદ્યું

## આર્યમન વિક્રમ બિરલાને આરસીબીના ચેરમેન તરીકે જ્યારે ટાઈમ્સ ઈન્ટરનેટના ચેરમેન સત્યન ગજવાની વાઈસ-ચેરમેન તરીકે સેવા આપશે

**અબતક, રાજકોટ**

નાણાંની ટંકશાળ સર્જતું ક્રિકેટ ફક્ત રમત રહ્યું નથી કેમ કે ફક્ત ૮ વર્ષમાં અધધ ૧૪૯૫ ટકાના ગ્રોથ સાથે આરસીબીને ટાઈમ્સ-બિરલા ગ્રુપે ખરીધું લીધું છે.તાજેતરમાં જ રાજસ્થાન રોયલ્સે સૌથી મોંઘી ટીમ બનવાનો રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ હવે ગત વર્ષની ચેમ્પિયન ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આ રેકોર્ડ તોડી નાખ્યો છે. અબજોપતિ ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલાના નેતૃત્વવાળા 'આદિત્ય બિરલા ગ્રુપ' અને અન્ય રોકાણકારોના કન્સોર્ટિયમે ૧.૮ બિલિયન ડોલર એટલે કે આશરે ૧૬૮૯૬ કરોડ રૂપિયાની રેકોર્ડ-બ્રેકિંગ ડીલમાં આરસીબીને ખરીદી લીધી છે. આ સાથે જ આરસીબી હવે આઈપીએલ ના ૧૮ વર્ષના સમૃદ્ધ ઈતિહાસમાં વેચાયેલી અત્યાર સુધીની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે.

આ ઐતિહાસિક ડીલમાં માત્ર આદિત્ય બિરલા ગ્રુપ જ એકલું નથી. કેટલાક અહેવાલો મુજબ, આ કન્સોર્ટિયમ (ગ્રુપ) માં અમેરિકાના જાણીતા સ્પોર્ટ્સ રોકાણકાર ડેવિડ બ્લિટ્ઝર, યુએસ પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ 'બ્લેકસ્ટોન' અને ભારતની પ્રખ્યાત મીડિયા કંપની 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' નો પણ સમાવેશ થાય છે. આ અગાઉ, કાલ સોમાણીની આગેવાનીવાળા ગ્રુપે ૧.૬૩ બિલિયન ડોલર (લગભગ ૧૫૩૦૦ કરોડ રૂપિયા) માં રાજસ્થાન રોયલ્સ ખરીદી હતી, પરંતુ આરસીબીની ૧.૮ બિલિયન ડોલરની ડીલે તે રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

નોંધનીય છે કે, આખી દુનિયાના ક્રિકેટ ઈતિહાસમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું વેચાણ છે.આઈપીએલના ઈતિહાસમાં આરસીબી અને રાજસ્થાનએ બે જ એવી ટીમો બની છે જે ૧ અબજ ડોલરથી વધુની કિંમતે વેચાઈ હોય. આ પહેલા વર્ષ ૨૦૨૨ માં સંજીવ ગોએન્કાએ લખનૌ સુપર જાયન્ટ્સને ૯૪૦ મિલિયન ડોલર (તે સમયના ૭૦૫૦ કરોડ રૂપિયા) માં ખરીદી હતી. એવું જાણવા મળ્યું છે કે આદિત્ય બિરલા ગ્રુપ અગાઉ રાજસ્થાન રોયલ્સ

(અનું.આઠમાં પાને)




## આરસીબીને "વિરાટ" બનવવામાં કોહલીનું મહત્વપૂર્ણ યોગદાન

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) અને વિરાટ કોહલીનું નામ આજે એકબીજા સાથે અવિભાજ્ય બની ગયું છે. જ્યારે પણ આરસીબીની વાત આવે છે, ત્યારે વિરાટ કોહલીની છબી તરત જ મનમાં આવી જાય છે. આરસીબીને વિરાટ બનાવવામાં, એટલે કે ટીમને એક આઈકોનિક બ્રાન્ડ અને વિશ્વસ્તરીય ઓળખ આપવામાં વિરાટ કોહલીનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૦૮માં આઈપીએલની શરૂઆતથી જ તેઓ આ ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા છે અને ૧૮ વર્ષથી વધુના આ લાંબા પ્રવાસમાં તેમણે માત્ર રન જ નહીં, પરંતુ ટીમને એક અનોખી ઓળખ અને ભાવનાત્મક જોડાણ આપ્યું છે.વિરાટનું યોગદાન માત્ર બેટિંગ સુધી મર્યાદિત નથી.તેઓ ટીમમાં એક લીડર, મોટિવેટર અને એનર્જીનો સ્રોત છે.૨૦૨૫ની આઈપીએલમાં આરસીબીએ પોતાની પ્રથમ ટાઈટલ જીતી ત્યારે વિરાટ કોહલીનું યોગદાન અમૂલ્ય હતું. તેમણે ૧૫ મેચમાં ૬૫૭ રન બનાવ્યા, જેમાં સરેરાશ ૫૪.૭૫ અને સ્ટ્રાઈક રેટ ૧૪૪.૭૧ હતો. આ પ્રદર્શનથી ટીમને ફાઈનલ સુધી પહોંચવામાં મદદ મળી અને અંતે ટ્રોફી મળી. વિરાટે ૧૮ વર્ષની મહેનત, ઉતાર-ચઢાવ અને અથાગ પ્રયાસ પછી આ સફળતા મેળવી.



## ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી બેઠુ થઈ રોયલ ચેલેન્જ બેંગ્લોર "આકાશ"ને આંબ્યુ!!!

આરસીબીની સફર ક્યારેય સરળ નહોતી. ૨૦૦૮થી શરૂ થયેલી આ ફ્રેન્ચાઈઝી વિરાટ કોહલી, એબી ડિવિલિયર્સ, ક્રિસ ગેલ જેવા મહાન ખેલાડીઓ સાથે પણ ટ્રોફીની નજીક પહોંચીને વારંવાર હાથમાંથી સરકી જતી. પ્લેઓફમાં પહોંચવું, ફાઈનલ સુધી પહોંચવું પણ છેલ્લી લાઈનમાં હારી જવું. આ રીતે ૧૮ સીઝન વીતી ગઈ. પરંતુ ૨૦૨૫માં બધું બદલાઈ ગયું.રજત પટીદારની કેપ્ટન્સી હેઠળ, વિરાટ કોહલીના અનુભવ, જોશ હેઝલવુડની બોલિંગ અને ટીમના સંપૂર્ણ સંતુલન સાથે આરસીબીએ પંજાબ કિંગ્સને હરાવીને ૬ રને ઐતિહાસિક વિજય મેળવ્યો.આજે આરસીબી ફરી એક વખત આકાશને આંબવા માટે તૈયાર છે. ફિનિક્સ પક્ષીની જેમ ઊડતું આ ટીમ હવે પોતાની વારસાને વધુ ઊંચા સ્તરે લઈ જશે.

## યશ દયાલ આઈપીએલ-૨૦૨૬માંથી બહાર, આરસીબીની જાહેરાત

ટીમના ઝડપી બોલર યશ દયાલ અંગત કારણોસર આગામી આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. તાજેતરમાં જ આરસીબીના ઓફિશિયલ પોસ્ટર અને ટ્રેનિંગ સેશનમાં દયાલની ગેરહાજરી બાદ સોશિયલ મીડિયા પર અનેક અટકળો વહેતી થઈ હતી, જેનો હવે ટીમે ખુલાસો કર્યો છે.આ અંગે આરસીબીના ક્રિકેટ ડાયરેક્ટર મો બોબાટે પુષ્ટિ કરી છે કે, યશ દયાલ અત્યારે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે અને આ સ્થિતિમાં ટીમ સાથે જોડાવું તેમના અને ફ્રેન્ચાઈઝી બંનેના હિતમાં નથી. જોકે, આરસીબીએ સ્પષ્ટ કહ્યું છે કે, તેઓ ખેલાડીના સમર્થનમાં છે અને દયાલ હજુ પણ ટીમ સાથે કોન્ટ્રાક્ટમાં જ રહેશે.

## દિવગંત ક્રિકેટ માટે લઈ ચિદમ્બરમમાં ૧૧ સીટ ખાલી રહેશે

આઈપીએલની ૧૯મી સીઝન શરૂ થાય તે પહેલાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ફ્રેન્ચાઈઝે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ફ્રેન્ચાઈઝે ગયા વર્ષે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલા ૧૧ લોકોના સન્માનમાં આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ૪ જૂન, ૨૦૨૫ ના રોજ આરસીબીના પ્રથમ આઈપીએલ ટાઈટલ જીતના ઉજવણી દરમિયાન થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા ૧૧ લોકોની યાદમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સિઝન શરૂ થાય તે પહેલાં ફ્રેન્ચાઈઝે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે.દરેક મેચ દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૧૧ બેઠકો ખાલી રહેશે. ૪ જૂનના રોજ, ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર મોટી ભીડ વચ્ચે એક દુઃખદ ઘટના બની, જેનાથી સમગ્ર ક્રિકેટ જગત ચોંકી ગયું. નિર્ણયના ભાગ રૂપે, ફ્રેન્ચાઈઝે સામાન્ય દર્શકો માટે સ્ટેડિયમના મુખ્ય સ્ટેન્ડમાંથી ૧૧ બેઠકો દૂર કરવાનો નિર્ણય લીધો છે. આ બેઠકો હવે કબજે કરવામાં આવશે નહીં અને આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય મેચ સહિત દરેક મેચ દરમિયાન ખાલી રહેશે. આરસીબીના આ પગલાની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

# અમેરિકન બિઝનેસમેન કાલ સોમાણીએ રાજસ્થાન રોયલ્સને રૂ.૧૫૨૮૬ કરોડમાં ખરીદી



**અબતક, રાજકોટ**

ટૂંક સમયમાં આઈપીએલની ૧૯મી સિઝન શરુ થાય તે પહેલા અમેરિકન બિઝનેસમેન કાલ સોમાણીએ આઈપીએલની ટીમ રાજસ્થાન રોયલ્સે ૧૫૨૮૬ કરોડમાં ખરીદી લીધી છે. આઈપીએલની આ સૌથી મોટી ડીલ હતી પરંતુ ત્યારબાદ આરસીબી પણ વેચાતા હવે તેણે રાજસ્થાનનો રેકોર્ડ તોડ્યો છે., કાલ સોમાણી આઈપીએલ ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલનું સંપૂર્ણ હિસ્સો ૧.૬૩ બિલિયન ડોલર (લગભગ ૧૫,૨૮૬ કરોડ રૂપિયા)ની મોટી રકમમાં ખરીદી લીધી છે. આ ડીલ સાથે રાજસ્થાન રોયલ્સ વિશ્વની બીજા નંબરની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે.

નોંધનીય છે કે કાલ સોમાણી વર્ષ ૨૦૨૧થી રાજસ્થાન રોયલ્સમાં રોકાણ કરી રહ્યા હતા. આ લીગના ભવિષ્ય અંગે તેઓ હંમેશા આશાવાદ વ્યક્ત કરતા આવ્યા છે. સોમાણી મોટર સિટી ગોલ્ફ ક્લબના સહ-માલિક હોવાની સાથે અન્ય સ્પોર્ટ્સ લીગમાં પણ રોકાણ ધરાવે છે. હવે તેમના આગમનથી રાજસ્થાન રોયલ્સના મેનેજમેન્ટ અને વ્યૂહનીતિમાં કેવા ફેરફાર થાય છે તેના પર સૌની નજર રહેશે.

કાલ સોમાણી ઈન્ટ્રાએજ, એકેડેમિયન અને ટ્યુો.એઆઈના ફાઉન્ડર છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, સોમાણીના આ બિઝનેસ ગ્રૂપને વોલમાર્ટ ફેમિલી સાથે સંકળાયેલા અમેરિકન બિઝનેસમેન રોબ વોલ્ટોનનો સપોર્ટ છે. આ ઉપરતાં ડેટ્રોઈટ લાયન્સ ટીમના માલિક હૈમ્પ ફેમિલીનો પણ સોમાણીની કંપનીના સપોર્ટમાં છે. અહેવાલો અનુસાર, આ નવી માલિકીની અસર આઈપીએલ ૨૦૨૬ પછી જોવા મળશે.

આઈપીએલમાં રાજસ્થાન રોયલ્સના સફરની વાત કરીએ તો, ૨૦૦૮માં આઈપીએલની શરૂઆત થઈ, ત્યારે રાજસ્થાન રોયલ્સ જ પહેલી ચેમ્પિયન બની હતી. આ વખતે રાજસ્થાને આઈપીએલ-૨૦૨૬માં મોટો ફેરફાર કર્યો છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર સેમ કરન ઈજાના કારણે બહાર છે, તેથી હવે તેના સ્થાને શ્રીલંકન ઓલરાઉન્ડર દાનુસ શનાકાને ટીમમાં સામેલ કરાયો છે. શનાકાને બે કરોડ રૂપિયામાં રિપ્લેસમેન્ટ તરીકે લેવાયો છે.

## વિમેન્સ ટી૨૦ ક્રમાંકમાં મંધાનાએ બીજું સ્થાન જાળવી રાખ્યું

### ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌર ૧૪મા ક્રમે આવી ગઈ, દિપ્તીની પણ આગેકૂચ



**અબતક, રાજકોટ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ મંગળવારે જાહેર કરેલા તાજા આઈસીસી વિમેન્સ ટી૨૦ ક્રિકેટના બેટિંગ રેન્કિંગમાં ભારતની વિસ્ફોટક બેટર સ્મૃતિ મંધાનાએ પોતાનું બીજું સ્થાન જાળવી રાખ્યું હતું જ્યારે કેપ્ટન હરમનપ્રિત કૌર ઉછાળો મારીને ૧૪મા સ્થાને પહોંચી ગઈ હતી.ભારતીય ખેલાડીઓમાં મંધાના ઉપરાંત આક્રમક બેટર શેફાલી વર્મા ટોપ-૧૦માં સામેલ થયેલી અન્ય ભારતીય વિમેન્સ ક્રિકેટર છે જે હાલમાં છઠ્ઠા સ્થાને છે. જ્યારે જેમિમાહ રોડ્રિગ્સ સંયુક્ત રીતે ૧૧મા ક્રમે છે.બોલર્સમાં સ્પિન ઓલરાઉન્ડર દિપ્તી શર્મા એક સ્થાન આગળ વધીને ત્રીજા નંબરે પહોંચી છે. ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુર છઠ્ઠા સ્થાને યથાવત છે, પરંતુ અરુંધતી રેડ્ડી ટોપ-૧૦માંથી બહાર ફેંકાઈને ૧૧મા સ્થાને આવી ગઈ છે. દિપ્તી શર્મા ઓલરાઉન્ડરની યાદીમાં પણ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.રેન્કિંગમાં વેસ્ટ ઈન્ડિઝમાં રમાયેલી તાજેતરની સિરીઝ તથા ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચેની મેચોના પ્રદર્શનને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું છે.દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર ફેરફાર થયા છે. રવાન્ડાની ૧૫ વર્ષીય ફેની ઉતાગુશિમાનીન્ડે એતિહાસિક સિદ્ધિ સાથે ૬૬મા ક્રમે પ્રવેશી છે. તે ટી૨૦માં પહેલી જ મેચમાં સદી ફટકારનારી પ્રથમ મહિલા અને કોઈ પણ ફોર્મેટમાં સદી ફટકારનારી સૌથી નાની વયની ખેલાડી બની હતી.

## આઈપીએલમાંથી ખસી જતા બેન ડકેટ પર બે વર્ષનો પ્રતિબંધ લાગી શકે

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ શરૂ થાય તે પહેલાં દિલ્હી કેપિટલ્સને મોટો ઝટકો લાગ્યો છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન બેન ડકેટે ટુર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ઓક્શનમાં દિલ્હીની ટીમે ડકેટને ૨ કરોડ રૂપિયાની બેઝ પ્રાઈસ પર ખરીદ્યો હતો, પરંતુ તેને ઈન્ટરનેશનલ ક્રિકેટ માટે તેની તૈયારીને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું છે અને આઈપીએલમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે.

બેન ડકેટનો આ નિર્ણય તેના માટે મોંઘો સાબિત થઈ શકે છે.આઈપીએલના નિયમો મુજબ જે ખેલાડીઓ ઓક્શનમાં ભાગ લે છે અને પછીથી માન્ય મેડિકલ કારણ વગર ખસી જાય છે તેમના પર પ્રતિબંધ લાગી શકે છે. આઈપીએલના નિયમો મુજબ જે ખેલાડીઓ આવું કરે છે તેમના પર બે વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે. પરિણામે બેન ડકેટને આગામી સીઝન અને ભવિષ્યની ઓક્શનમાંથી બાકાત રાખવામાં આવવાનું જોખમ રહેલું છે.

આઈપીએલની ૧૯મી સીઝન ૨૮ માર્ચથી શરૂ થઈ રહી છે, પરંતુ તેના માત્ર ચાર દિવસ પહેલા બેન ડકેટે સોશિયલ મીડિયા પર પોતાનો નિર્ણય શેર કર્યો. તેને કહ્યું કે "આ નિર્ણય લેવો મારા માટે ખૂબ જ મુશ્કેલ હતો, પરંતુ ઘણી વિચારણા પછી મેં આઈપીએલમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.બેન ડકેટે સ્પષ્ટ કર્યું કે તેનું મુખ્ય લક્ષ્ય ઈંગ્લેન્ડ માટે રમવાનું છે. તેને કહ્યું કે નાનપણથી જ ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કરવાનું મારું સ્વપન રહ્યું છે. હું આગામી સિઝન માટે માનસિક અને શારીરિક રીતે સંપૂર્ણપણે તૈયાર રહેવા માગુ છું.



# આઈપીએલમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને આગામી વન-ડે વર્લ્ડકપમાં સ્થાન મળી શકે

## અજિત અગરકરના વડપણ હેઠળની પસંદગી સમિતિ વન-ડે વર્લ્ડ કપ માટે આઈપીએલ ટી-૨૦ લીગનો સહારો લેશે

**અબતક, રાજકોટ**

આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપના આયોજનને હજી લગભગ એક વર્ષની વાર છે પરંતુ ભારતના ૨૦ જેટલા સંભવિત ખેલાડીઓની યાદી અત્યારથી તૈયાર કરી લેવામાં આવી છે.

૨૮મી માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન ભારતીય ક્રિકેટ બોર્ડના પાંચેય રાષ્ટ્રીય પસંદગીકારો આ ખેલાડીઓ પર ચાંપતી નજર રાખશે.

આમ અજિત અગરકરના વડપણ હેઠળની પસંદગી સમિતિ આ વખતે વન-ડે વર્લ્ડ કપ માટે આ ટી૨૦ લીગનો સહારો લેશે.અજિત અગરકરની આગેવાની હેઠળની આ સમિતિમાં શિવસુંદર દાસ, આર.પી. સિંહ, અજય રત્રા અને પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ થાય છે. ૨૦૨૭નો વર્લ્ડ કપ ઓક્ટોબર અને નવેમ્બરમાં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા દ્વારા સંયુક્ત રીતે યોજવામાં આવશે.પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરે વર્લ્ડ કપ સુધી કાર્યકાળ લંબાવવા માટેની માંગ કરી હોવાની અટકળોને બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીએ ફગાવી દીધી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, પસંદગીકારોનો કોન્ટ્રાક્ટ આ વર્ષે સપ્ટેમ્બર સુધીનો છે.




અજિતનો કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ બોર્ડના સચિવ અને અજિત પોતે નક્કી કરશે કે તેઓ આગળ જારી રાખવા માંગે છે કે નહીં. બંધારણ મુજબ વરિષ્ઠ પસંદગીકાર ચાર વર્ષ સુધી સેવા આપી શકે છે, તેથી તેમને અલગથી એક્સટેન્શન માંગવાની જરૂર નથી.

આઈપીએલ દરમિયાન પસંદગીકારો સ્ટેડિયમ અને ટીવી દ્વારા ખેલાડીઓના પ્રદર્શન અને ફિટનેસ પર નજર રાખશે. એમ મનાય છે કે ૨૦૨૮ના ટી૨૦ વર્લ્ડ કપ અને ઓલિમ્પિક્સ અગાઉ આ ટી૨૦ લીગ ખાસ કરીને એ ૨૦ ખેલાડીઓના પ્રદર્શનને ટ્રેક કરવા માટે હશે જેઓ વન-ડે વર્લ્ડ કપની રેસમાં અથવા તો સંભવિતોની યાદીમાં છે.

દરમિયાન છથી દસમી જૂન દરમિયાન મુલ્લાનપુરમાં અફઘાનિસ્તાન સામે રમાનારી એક માત્ર ટેસ્ટ મેચ માટે પણ ભારત પોતાની મજબૂત ટીમ ઉતારશે. જોકે આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ નથી છતાં બુમરાહ અને સિરાઝ જેવા મુખ્ય બોલરો આ ટીમનો ભાગ હશે.બોર્ડના સૂત્રોએ ઉમેર્યું હતું કે, ભારતની ટેસ્ટ ટીમમાં સ્થાન પ્રયોગો માટે નથી. તેના માટે ઈન્ડિયા-એ ના પ્રવાસો છે. હાલમાં ટેસ્ટમાં બુમરાહ, સિરાઝ અને પ્રસિદ્ધ પસંદગીકારોની પ્રથમ પસંદગી છે.

# 'ઈંધણનો જથ્થો ખૂટી ગયો છે' અફવા ફેલાવનાર પેટ્રોલ-ડીઝલ ડીલર એસો.ના પ્રમુખ સામે ગુનો

## પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયાનું મીડિયામાં નિવેદન આપતાં લોકો પેટ્રોલ-ડીઝલ પુરાવવા કતારમાં ઉભા રહી જતાં અરાજકતા ફેલાઈ'તી

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયલ યુદ્ધને પગલે વિશ્વઆખું ઈંધણની અછતના ઓછાયા તળે આવી ગયું છે. જો કે, ભારતમાં હાલમાં ઈંધણની કોઈ જ અછત નથી તેવા સરકારના દાવા વચ્ચે રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાએ પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખુટી ગયેલ છે,

પેટ્રોલ પંપ ડ્રાય થયેલ છે તેવી ખોટી અફવા ફેલાવતા આઈઓસી અધિકારી ફરીયાદી બનતા પ્ર. નગર પોલીસે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી એસઓજીની ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં શીતલ પાર્કની બાજુમાં રહેતાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડિવિઝનલ રીટેલ સેલ્સ હેડ અમીત શીવપ્રસાદ જયસ્વાલ (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાનું નામ આપતાં પ્ર. નગર પોલીસે જરૂરી ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રેસકોર્સ રીંગરોડ પર આવેલ આઈઓસીએલ ભવનમાં ડીવીઝનલ રીટેલ સેલ્સ હેડ તરીકે નોકરી કરે છે. તેમના અંડરમાં સૌરાષ્ટ્ર કચ્છ પેટ્રોલ ડીઝલનું સપ્લાય અને ડીસ્ટ્રીબ્યુશનનું કામ આવે છે.

ગઈ તા.૨૩ ના તેઓ રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા અને આશરે ૪૦ થી ૫૦ પેટ્રોલ ડીઝલનાં ડીલરો તથા પ્રતીનિધીઓ સાથે તેમજ મીડીયા કર્મીઓ સાથે ઓફીસે કોઈ પુર્વ મંજુર વગર આવેલ હતા. તેઓએ પેટ્રોલ ડીઝલનો જથ્થા બાબતે તેમને કંપનીમાં પેટ્રોલ ડીઝલનો પુરતો પુરઠો હોવાની વાત કરેલ અને ખોટી ઓફવાઓથી દુર રહેવા જણાવેલ હતુ. તમોને સમયસર પેટ્રોલ ડીઝલનો જથ્થો મળી રહે તે માટે કંપની કામ કરી રહેલ છે જે બાબતે સંતોષકારક જવા સોશ્યલ મિડીયા તેમજ ન્યુઝ ચેનલોમાં સમાચાર જોવામાં આવેલ કે, પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલ છે, કંપની પાસે પેટ્રોલ ડીઝલનો જથ્થો હાલમાં નથી તેવા ન્યુઝ ચાલુ થયેલ હતા. માણસો ખોટી રીતે હેરાન થયેલ છે.

પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલ છે અને કંપની પાસે પેટ્રોલ ડીઝલનો જથ્થો હાલમાં નથી જે મીડીયા તથા ન્યુઝમાં આવેલ આવેલ સમાચાર તદ્દન ખોટા

### આઈઓસીના અધિકારીએ ફરિયાદી બની પ્ર.નગર પોલિસ મથકે આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાવી : એસઓજી પીએસઆઈ વી વી ધ્રાંગુની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

પુછપરછ કરેલ અને પેટ્રોલ ડીઝલનો જથ્થો મળતો રહેશે કે કેમ ? તે બાબતે પછતા તેઓને જણાવેલ કે, આઈઓસીએલ કંપનીમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો પુરતો પુરવઠો છે, તેઓએ એક લેખીતમાં તેમની રજુઆત બાબતે એક લેટર પેડ આપેલ હતુ. બાદ આપેલ હતો. આ વખતે ડીલરોએ પણ સહયોગ આપવાનું આશ્વાસન આપેલ હતુ. બાદ ગોપાલભાઈ ચુડાસમાએ ઓફીસમાંથી બહાર નિકળીને સોશીયલ મીડીયામાં આવી ખોટા નિવેદનો આપેલ કે પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલનો જથ્થો ખુટી ગયેલ છે, બાદ જે સોશ્યલ મીડીયા તથા ન્યુઝમાં આવેલ ખોટી અફવાનાં કારણે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખુટી રહેલ હોવાનું માનીને પેટ્રોલ પંપમાં માણસો પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલ લેવા માણસોની લાઈનો લાગેલ હતી અને પેટ્રોલ ડીઝલ લેવા અરાજકતા ફેલાયેલ હોય અને છે. હાલમાં પણ આઈઓસીએલ કંપનીના તથા અન્ય કંપનીના પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો જથ્થો પુરતો છે અને પેટ્રોલ ડીઝલનો જથ્થો તમામ પેટ્રોલ પંપમાં નિયમીત રીતે પહોચાડવામાં આવેલ છે.જેથી રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાએ સોશીયલ મિડીયા તેમજ ન્યુઝ ચેનલોમાં પેટ્રોલ પંપમાં પેટ્રોલ ડીઝલનો પુરતો જથ્થો ન હોય અને પેટ્રોલ પંપ ડ્રાય થઈ ગયેલની ખોટી અફવાનાં કારણે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખુટી રહેલ હોવાનું માનીને પેટ્રોલ પંપમાં માણસો પેટ્રોલ પંપમાં પેટ્રોલ તથા ડીઝલ લેવા માણસોની લાઈનો લાગેલ અને અરાજકતા ફેલાવી માણસો ખોટી રીતે હેરાન થયેલ છે.યુધ્ધની પરીસ્થિતી હોવા છતા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી લોકોને પેટ્રોલ અને ડીઝલનો પુરતો પુરવઠો મળી રહે તે માટે કટીબધ્ધ હોય અને આ માટે વિવિધ પગલાઓ લઈ રહેલ હોય આવી વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતીમાં આવશ્યક ચીજવસ્તુઓની ખોટી અફવાઓનાં કારણે વિતરણ વ્યવસ્થામાં અડચણ ઉભી કરી શકે તથા લોકો પણ પેનીક થઈ શકે તેમજ કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ જાય અને અરાજકતાનું વાતાવરણ ઉભુ શકે આ બાબતનું રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીયેશનના પ્રમુખ ગોપાલ ચુડાસમાને જાણ હોવા છતા મીડીયાનાં માધ્યમથી લોકોને ગેરમાર્ગે દોરેલ હોય જેથી લોકોમાં ખોટો મેસેજ જતા મોટાભાગનાં પેટ્રોલ પંપ ઉપર મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડેલ હોય અને લોકોને તકલીફ પડેલ છે. જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# વ્યાજના નાણાં ચૂકવી દીધા બાદ સિકયુરીટી પેટે આપેલો ચેક રિટર્નની ફરિયાદ ચલાવવા સામે સ્ટે

### ચેક રિટર્નની ખોટી ફરિયાદ અંગેની જાણ થતાં વેપારીએ હાઈકોર્ટમાં કવોસીંગ પીટીશન ફાઈલ કરી હતી



**અબતક, રાજકોટ**

શહેરના કેનાલ રોડ ઉપર આવેલી હરી પ્રસાદ મંડળીના ડારેકટર કાર્તિક ધીરૂભાઈ સાગરએ ગેરકાયદે રીતે વ્યાજે ધરેલા નાણાં વસુલવા તેમના મળતીયા ખીમા વેજાનંદ કોટા દ્વારા કરવામાં આવેલી ચેક રીટર્નની ફરીયાદ ચલાવવા સામે હાઈકોર્ટ દ્વારા સ્ટેનો હુકમ ફરમાવવામાં આવ્યો છે. કેસ હકીકત મુજબ શહેરમાં રહેતા ચંદ્રેશભાઈ ભગવાનજીભાઈ સંકલેચાએ રત્નમણી સ્ક્રેપના ધંધા માટે નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થતાં કેનાલ રોડ ઉપર આવેલ શ્રી હરિપ્રસાદ શરાફી મંડળી સંચાલક કાર્તિક ધિરૂભાઈ સાગર પાસેથી સને ૨૦૧૬માં રૂા. ૧૦ લાખ ૩ % માસિક વ્યાજે લીધા હતા.હરિપ્રસાદ શરાફી મંડળીના રીકવરી એજન્ટ ખીમા વેજાનંદ કોટા દ્વારા ચંદ્રશેભાઈએ રકમ રૂા. ૪૦ લાખ કાર્તિક સાગરને ચુકવી દીધેલ હોવા છતા ૨૦૧૯ માં વધુ રકમ રૂા. ૧૦ લાખની પઠાણી ઉઘરાણી કરી સિકયુરીટી પેટે ૮ કોરા ચેક ત્રણ કોરા સ્ટેમ્પ બે કોરા કાગળમાં સહી કરાવી લીધેલા હતા. કાર્તિકભાઈ સાગર રીકવરી એજન્ટ ખીમા કોટા ચંદ્રેશભાઈના ધંધાકીય સ્થળે આવી નાણાંની ઉઘરાણી કરી મિલ્કતને તાળુ મારીને ગેરકાયદે કબજો લીધો હતો, જેની ફરિયાદ ડી.સી.બી.ને કરતા ગેરકાયદે કબજો છોડાવી આપ્યો હતો. ડી.સી.બી. દ્વારા ફરિયાદ રજીસ્ટરે ન લેતા ચંદ્રેશભાઈ દ્વારા કોર્ટમાં પ્રાઈવેટ કમ્પલેઈન્ટ દાખલ કરતા માલવીયા નગર પોલીસને તપાસ કરી તેનો રીપોર્ટ કોર્ટમાં રજૂ કરવા હુકમ કર્યો હતો.જેમાં તપાસનીશ દ્વારા કાર્તિક સાગર તથા ખીમા કોટાના નિવેદન નોંધી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરવા જણાવેલુ છતાં નાણાંકીય પુરાવાઓ રજૂ ન કરતાં માલવીયા નગર પોલીસ ઈન્સપેકટર દ્વારા કોર્ટમાં રીપોર્ટ કર્યો હતો. બાદ ખીમા કોટા સહિત શખ્સો દ્વારા બોગસ દસ્તાવેજો બનાવી રજૂ કરેલ અને ચેક બાબતે ખોટું સ્ટેટમેન્ટ આપ્યું હતું, જેના તમામ નિવેદનો પુરાવા તપાસનીશ અધિકારી દ્વારા કોર્ટમાં રીપોર્ટ રજૂ કર્યો હતો.જેમાં લેખિત મૌખિક દલીલ અને નાણાંકીય દસ્તાવેજી પુરાવાના આધારે કોર્ટ દ્વારા ખીમા કોટા વિરૂદ્ધ મની લેન્ડ એકટ વિગેરે મુજબ ક્રિમિનલ કેસ નોંધી પ્રોસેસ ઈશ્યુ કર્યું હતું. જેમાં કોર્ટ દ્વારા સમન્સ અને બેલેબલ વોરન્ટ ઈશ્યુ કરવા છતાં હાજર નહી થતાં કોર્ટ નોન બેલેબલ વોરન્ટ ઈશ્યુ કરતા પોલીસે આરોપી ખીમા કોટાની ઘરપકડ કરી હતી.ખીમા કોટાનું કાયદેસરનું લેણું ન હોવા છતાં ખીમા કોટા દ્વારા રૂા. ૫૫ લાખનો ચેક બાઉન્સની ફરિયાદ દાખલ કરી હતી.ત્યારબાદ સમન્સ મળતા કોર્ટમાં હાજર રહી ચેક રીટર્નની ખોટી ફરિયાદ અંગેની જાણ થતાં તાત્કાલીક ચંદ્રેશભાઈ સાંકલેચા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કવોસીંગ પીટીશન ફાઈલ કરી હતી જેમાં કોર્ટ તપાસ નિવેદન, ખોટી ઉપજાવી કાઢેલ વિગતવાળી નોટીસ, નાણાંકીય દસ્તાવેજી પુરાવાઓ, ખરી હકીકત, ગંભીરતાથી લઈ હાઈકોર્ટ દ્વારા આરોપી ખીમા કોટાને બે નોટીસ પાઠવવા છતાં હાજર નહિ રહેતા બાદ દલીલમા તકરારી ચેકની રકમ રૂા. ૧૩-૧૪ લાખ રૂપીયા પરત ચુકવી આપી હોવાનું માની હાઈકોર્ટ દ્વારા સ્ટેનો હુકમ ફરમાવવામાં આવેલો હતો.ચંદ્રભાઈ સંકલેચા તરફે ગુજરાત હાઈકોર્ટમાં અસીમભાઈ પંડ્યા, વીકીભાઈ બી. મહેતા , રાજકોટના પાર્થ પીઠડીયા, વિરેન વ્યાસ, આદેશ કન્નર, મહીપાલ સબાડ, અંકીત કુવાડીયા, જીજ્ઞેશ પંડ્યા અને આસીસ્ટન્ટ તરીકે પ્રશાંત ગોહેલ, ગૌરવ બોદુડે રોકાયલ હતા.

# રાણીમા-રૂડીમા ચોક પાસે લૂંટના ઈરાદે યુવક પર હુમલો

### પૈસા આપવાની ના પાડતા અજાણ્યા શખ્સોએ યુવાનને ધોકા-પાઈપથી માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં રાણીમા-રૂડીમા ચોક પાસે આજે સવારે લૂંટના ઈરાદે આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ યુવાન પર હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. કલરકામ કરતા યુવાને પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સોએ તેને ધોકા, પાઈપ અને પથ્થર વડે માર મારતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રામાપીર ચોકડી પાસે, રૈયાધાર વિસ્તારમાં રાણીમા-રૂડીમા ચોક નજીક રહેતા મુકેશભાઈ અબાભાઈ જયાણીયા (ઉં. ૨૫) આજે સવારે સાડા સાત વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હતા. આ સમયે તેઓ લઘુશંકા કરવા ગયા હતા ત્યારે અચાનક ત્રણ અજાણ્યા શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. ઈજાગ્રસ્ત મુકેશભાઈના જણાવ્યા મુજબ, ત્રણેય અજાણ્યા શખ્સોએ તેમની પાસે આવીને પૈસાની માંગણી કરી લૂંટ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. મુકેશભાઈએ પૈસા આપવાની સ્પષ્ટ ના પાડતા મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા શખ્સોએ કોઈ કારણ વગર ઝઘડો કરી મુકેશભાઈ પર ધોકા અને પાઈપ વડે હુમલો કર્યો હતો. જેમાં મુકેશભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરો નાસી છૂટ્યા બાદ ઈજાગ્રસ્ત હાલતમાં મુકેશભાઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મુકેશભાઈ કલરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. હુમલાને પગલે સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી તપાસ શરૂ કરી છે. લૂંટના ઈરાદે થયેલા આ હુમલામાં સામેલ શખ્સો કોણ હતા તે અંગે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ખીજડીયામાં ભાઈના ડખ્ખામાં વચ્ચે પડેલા યુવાન પર છરીથી હુમલો

### રિસામણે બેઠેલી પત્નીના ઘરે ગેસનો બાટલો લેવા ગયેલા દીયરને માર પડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના ખીજડીયા ગામમાં યુવાન પર મોટાભાઈના સાસરિયા પક્ષના શખ્સોએ છરી વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ભાઈ-સસરા વચ્ચે ચાલતા ઝઘડામાં વચ્ચે પડતા યુવાનને પીઠના ભાગે છરીના ઘા ઝીંકી દેવામાં આવ્યા હતા. સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરની ન્યુ સર્વોદય સોસાયટી શેરી નં. ૧૪માં રહેતા પ્રકાશભાઈ ભાણાભાઈ પરમાર (ઉં.વ. ૨૨) ના મોટાભાઈ નીતિનભાઈની પત્ની છેલ્લા ત્રણ મહિનાથી પિયરે રિસામણે છે. ગતરોજ પ્રકાશભાઈ ખિજડીયા ગામે તેના મોટાભાઈના સસરાના ઘરે ગેસનો બાટલો લેવા માટે ગયા હતા. પ્રકાશભાઈ જ્યારે સસરાના ઘરે હતા ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે, "તારો ભાઈ નીતિન હમણાં આવે છે, તું તેની સાથે જ જતો રહેજે." થોડીવારમાં નીતિનભાઈ ત્યાં પહોંચતા જ કોઈ કારણોસર સસરા પક્ષના હેમંતભાઈ સાથે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો શરૂ થયો હતો. આ દરમિયાન જગડાને શાંત પાડવા પ્રકાશભાઈ વચ્ચે પડતા ઝઘડામાં ઉશ્કેરાયેલા હિંમત મોહનભાઈ રાઠોડ અને બબલતભાઈ હેમંતભાઈ રાઠોડ સહિતના શખ્સોએ પ્રકાશભાઈ પર છરી વડે હુમલો કરી પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલાપ્રકાશભાઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રાજદીપ સોસાયટીમાં ફોન બાબતે થયેલી માથાકૂટનો ખાર રાખી યુવક પર હુમલો

### તે દિવસે મને ગાળો કેમ આપી હતી?" કહી યુવકે દીક્ષિતને છરીના ત્રણ ઘા ઝીંક્યા

**અબતક, રાજકોટ**

શહેરના ૪૦ ફૂટ રિંગ રોડ પર આવેલી રાજદીપ સોસાયટીમાં ગઈકાલે રાત્રે જૂની માથાકૂટનો ખાર રાખી શખ્સે પોતાના જ મિત્ર પર છરી વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, ઓમ નગર સર્કલ પાસે આવેલી રાજદીપ સોસાયટીમાં રહેતા દીક્ષિતભાઈ જગદીશભાઈ ડીમલીયા (ઉં.વ. ૧૭) નામના યુવક પર તેના જ મિત્ર આનંદે હુમલો કર્યો હતો. ગઈકાલે રાત્રે આશરે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ દીક્ષિતભાઈ જ્યારે પોતાના ઘર પાસે હાજર હતા, ત્યારે આનંદ ત્યાં આવી પહોંચ્યો હતો અને કારણોસર ઝઘડો શરૂ કર્યો હતો. ભોગ બનનાર દીક્ષિતભાઈના જણાવ્યા અનુસાર, અગાઉ તેઓને આનંદ સાથે મોબાઈલ ફોન બાબતે બોલાચાલી થઈ હતી. તે સમયે અપાયેલી ગાળોનો ખાર રાખીને આનંદે "તે દિવસે મને ગાળો કેમ આપી હતી?" તેમ કહી ઝઘડો કરી આનંદે પોતાની પાસે રહેલી છરી વડે દીક્ષિતભાઈ પર હુમલો કરી હાથના ભાગે ત્રણ ઘા ઝીંકી દીધા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત દીક્ષિતભાઈના પિતા સેન્ટિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દીક્ષિતભાઈ એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના છે. હાલમાં આ મામલે પોલીસે હોસ્પિટલ પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૬૮ | ૧૦૧૮ | ૧૪૨૮ |
| લીંબુ | ૬૫૫ | ૧૫૦૩ | ૩૦૧૪ |
| સાકરટેટી | ૧૧૨ | ૨૧૨ | ૩૮૦ |
| તરબુચ | ૧૦૮ | ૧૫૪ | ૩૦૬ |
| પપૈયા | ૩૫ | ૭૮ | ૧૨૯ |
| બટેટા | ૪૩૨૦ | ૯૮ | ૨૭૪ |
| ડુંગળી સુકી | ૨૧૮૦ | ૫૫ | ૨૬૫ |
| ટમેટા | ૯૮૧ | ૧૦૯ | ૩૧૪ |
| સુરણ | ૯ | ૮૧૯ | ૧૦૧૮ |
| કોથમરી | ૩૪૨ | ૧૫૯ | ૩૩૨ |
| સકરીયા | ૩૪ | ૨૧૨ | ૪૨૬ |
| મુળા | ૬૧ | ૩૩૨ | ૫૫૮ |
| રીંગણા | ૪૫૨ | ૨૧૨ | ૫૫૩ |
| કોબીજ | ૩૭૩ | ૬૪ | ૧૦૯ |
| ફલાવર | ૨૪૮ | ૨૪૨ | ૪૮૭ |
| ભીંડો | ૧૧૨ | ૭૭૮ | ૯૮૬ |
| ગુવાર | ૧૫૬ | ૩૩૨ | ૭૬૯ |
| ચોળાસીંગ | ૯૪ | ૫૧૮ | ૯૨૬ |
| વાલોળ | ૧૩૮ | ૪૮૩ | ૭૧૧ |
| ટીંડોળા | ૩૩ | ૪૧૧ | ૭૨૨ |
| દુધી | ૩૦૨ | ૧૪૮ | ૨૯૨ |
| કારેલા | ૧૯૨ | ૪૮૮ | ૬૧૧ |
| સરગવો | ૫૭ | ૩૧૨ | ૬૦૮ |
| તુરીયા | ૩૯ | ૨૬૪ | ૬૧૨ |
| પરવર | ૨૪ | ૧૦૨૮ | ૧૪૧૨ |
| કાકડી | ૩૩૯ | ૧૬૯ | ૪૦૯ |
| ગાજર | ૩૪૮ | ૧૬૭ | ૩૦૪ |
| વટાણા | ૧૭૮ | ૬૧૪ | ૧૨૨૬ |
| ગલકા | ૧૧૪ | ૪૧૧ | ૫૯૨ |
| બીટ | ૨૦૬ | ૧૦૧ | ૧૬૯ |
| મેથી | ૨૬૩ | ૧૭૬ | ૨૫૯ |
| વાલ | ૫૭ | ૬૮૧ | ૮૭૯ |
| ડુંગળી લીલી | ૨૫૧ | ૧૫૮ | ૨૯૮ |
| આદુ | ૨૭૨ | ૯૧૪ | ૧૧૧૩ |
| મરચા લીલા | ૧૦૯૨ | ૪૧૫ | ૬૧૯ |
| લસણ લીલું | ૨૬ | ૫૧૪ | ૮૫૯ |
| મકાઈ લીલી | ૧૮૧ | ૧૧૮ | ૨૦૮ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૪૨૦ | ૧૬૫૫ |
| ઘઉં લોકવન | ૦ | ૪૨૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૩૫ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૧૪૦૦ | ૯૮૦ | ૧૦૩૦ |
| બાજરી | ૧૨ | ૨૭૫ | ૪૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ | ૧૫૩૬ |
| અડદ | ૨૦૦ | ૧૦૫૦ | ૧૭૧૫ |
| મગ | ૨૦ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| વાલ દેશી | ૮૦ | ૭૫૦ | ૧૨૮૦ |
| ચોળી | ૩ | ૧૧૮૯ | ૧૧૮૯ |
| વટાણા | ૧૦૨૦ | ૮૫૫ | ૧૧૩૪ |
| રાજમા | ૩૭૫ | ૧૧૫૦ | ૧૮૮૦ |
| સીંગદાણા | ૪ | ૧૬૦૦ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૩૦૦ | ૧૦૬૦ | ૧૫૨૩ |
| મગફળી જીણી | ૩૦૦ | ૧૦૩૦ | ૧૫૧૫ |
| તલી | ૪૦૦ | ૧૫૬૦ | ૨૧૭૦ |
| સુરજમુખી | ૨૦ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| એરંડા | ૦ | ૧૧૭૦ | ૧૨૭૫ |
| સીંગફાડા | ૧૦૦ | ૧૨૪૦ | ૧૬૫૬ |
| કાળા તલ | ૫૦ | ૩૬૭૫ | ૪૦૦૦ |
| લસણ | ૮૪૦ | ૯૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૦ | ૧૯૧૦ | ૨૧૦૦ |
| મરચા સુકા | ૨૦૦ | ૧૯૦૦ | ૭૦૦૦ |
| ધાણી | ૦ | ૨૦૦૦ | ૨૪૪૫ |
| વરીયાળી | ૭૦ | ૧૨૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૧૦૪૦ | ૩૫૪૧ | ૪૧૬૧ |
| રાય | ૪૦૦ | ૯૫૦ | ૧૪૨૦ |
| મેથી | ૦ | ૧૧૫૦ | ૧૫૫૦ |
| અશેરીયો | ૨૬ | ૧૦૪૪ | ૧૦૯૫ |
| રાયડો | ૫૦૦ | ૮૫૦ | ૧૨૩૦ |

# અમરેલી નજીક અજાણ્યા વાહને મોટરસાયકલને ઠોકરે લેતા નર્સિંગના છાત્રનું મોત


**અબતક, રાજકોટ**

અમરેલીના વાંકિયા ગામ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી, જેમાં ૨૫ વર્ષીય નર્સિંગ છાત્રનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા વાહનની ઠોકરે યુવાનનો ભોગ લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવારમાં માતમ છવાયો છે.

મળતી માહિતી મુજબ, અમરેલી તાલુકાના સરંભડા ગામે રહેતા ઋષિલભાઈ ભીખુભાઈ દાફડા (ઉં.વ. ૨૫) અમરેલીની નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતા હતા. ગત તા. ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રીના સમયે તેઓ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પોતાના અભ્યાસ સંબંધિત કામગીરી પતાવીને મોટરસાયકલ પર સવાર થઈ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રિના આશરે બે વાગ્યાની આસપાસ વાંકિયા ગામ પાસે કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ઠોકર મારી હતી. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ઋષિલને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગત મોડી રાત્રે સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છેકે મૃતક ઋષિલ ચાર બહેનો અને બે ભાઈઓમાં સૌથી નાનો અને અપરિણીત હતો. અમરેલી સિવિલ હોસ્પિટલમાં નર્સિંગનું અભ્યાસ કરતો હતો. આ મામલે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત ક્યા વાહન સાથે થયો તેની કડીઓ મેળવવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# સગર્ભાને પ્રસૂતીની પીડા ઉપડતા ૧૦૮ બની 'દેવદૂત': રસ્તામાં કરાવી સફળ ડિલિવરી

### માતા અને નવજાત બાળકી બંને સ્વસ્થ: ૧૦૮ના કર્મચારીઓની સરાહનીય કામગીરી



**અબતક, રાજકોટ**

શહેરના લોધિકા તાલુકામાં ૧૦૮ ઈમરજન્સી સેવા ફરી એકવાર સગર્ભા મહિલા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. લોધિકાના ગ્રામ્ય વાડી વિસ્તારમાં મધ્યરાત્રિએ પ્રસૂતિની પીડા ઉપડતા હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ ૧૦૮ની ગાડીમાં સફળ ડિલિવરી કરાવવામાં આવી હતી. માતાએ સ્વસ્થ બાળકીને જન્મ આપતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ દાહોદના અને હાલ લોધિકાના વાડી વિસ્તારમાં ખેતીકામ કરતા રૂમાલભાઈ બામણીયાના પત્ની લીલાબેન (ઉં.વ. ૨૯) ને ગતરાત્રિએ અચાનક પ્રસૂતિની ગંભીર પીડા ઉપડી હતી. પરિવાર દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવતા લોધિકા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ ગણતરીની મિનિટોમાં વાડી વિસ્તારમાં પહોંચી ગઈ હતી. સગર્ભા લીલાબેનને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે રસ્તામાં જ પીડા અસહ્ય બનતા ૧૦૮ના ઈએમટી દિનેશ રાઠોડ અને પાયલોટ અનિલ દેત્રોજાએ સમયસૂચકતા વાપરી ગાડી રસ્તામાં ઊભી રાખી દીધી હતી. ૧૦૮માં ઉપલબ્ધ સાધનોની મદદથી એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત ડિલિવરી કરાવવામાં આવી હતી. લીલાબેને એક તંદુરસ્ત દીકરીને જન્મ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે દંપતીને અગાઉ એક દીકરો છે અને આજે દીકરીના જન્મથી પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ડિલિવરી બાદ માતા અને નવજાત બાળકીને વધુ સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ માતા અને પુત્રી બંનેની તબિયત સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. કપરી પરિસ્થિતિમાં શાંતિપૂર્વક અને કુશળતાપૂર્વક ફરજ બજાવનાર ૧૦૮ના સ્ટાફની કામગીરીની ગ્રામજનો અને પરિવારજનોએ પ્રશંસા કરી છે.

# વિધાનસભા સત્રનો આજે છેલ્લો દિવસઃ હવે ગમે ત્યારે ચૂંટણીનું એલાન

## છેલ્લા દિવસે ગૃહમાં ચાર વિધેયક રજૂ કરાયાઃ ૧ એપ્રિલે ચૂંટણીની તારીખ જાહેર કરાય તેવી શકયતા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં ચાલતા બજેટ સત્રનો આજે અંતિમ દિવસ છે. આજે સરકાર દ્વારા અલગ અલગ ચાર વિધેયક ગૃહમાં રજૂ કરવામાં આવશે સત્ર પૂર્ણ થતાની સાથે જ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરવાનો માર્ગ મોકળો બની જશે.



આગામી ૩૦મી માર્ચ આખરીમતદાર યાદી પ્રસિધ્ધ થવાની હોય અને ૩૧મીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા હોય સંભવત ૧ એપ્રિલના રોજ ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવે તેવું હાલ લાગી રહ્યું છે. રાજયની મહાનગરપાલીકા, જિલ્લા પંચાયત, નગરપાલીકા અને તાલુકા પંચાયતમાં ચૂંટાયેલી બોડીની મૂદત પૂર્ણ થવા પામી છે. હાલ સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં વહીવટદાર શાસન અમલમાં છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. એસઆઈઆરની કામગીરીના કારણે સ્થાનિક સ્વરાજયની (અનુ. આઠમા પાને)

## ડ્રાફ્ટ અને ફાઈનલ મતદાર યાદી વચ્ચે માત્ર સાત દિવસનો જ સમય

### મતદારોનો મતાધિકાર છીનવવાનો પ્રયાસઃ કોંગ્રેસ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાર યાદીનો ડ્રાફ્ટ પ્રસિદ્ધ કરીને ફાઈનલ કરવામાં માત્ર સાત દિવસનો સમય આપીને ચુપચાપ નાગરિકોના મતના અધિકાર ઉપર તરાપ મારવાનો ખેલ શરૂ કરાયો છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ઈલેક્શન ડિપાર્ટમેન્ટ દ્વારા સોમવારે અગામી સમયમાં યોજનારી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ માટે ' ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દીધી પણ હજુ સુધી રાજકીય પક્ષને આ યાદીની કોપી આપી નથી.

હવે તા.૩૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવાશે. હવે અમદાવાદ શહેરના મસ્ટર સ્ટેશન, સબ ઝોનલ કચેરીઓ, વોર્ડ ઓફિસ, ઝોનલ કચેરીઓ અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કંટ્રોલ રુમ સહિત જુદી જુદી ૫૮ કચેરીઓ ખાતે જઈને નાગરિકોને પોતાના નામોની ચકાસણી કરવાનું કહેવાયું છે પણ વાસ્તવમાં અમદાવાદના લાખો લોકો માત્ર સાત દિવસમાં ૫૮ કચેરીઓમાં જઈને પોતાના નામ ચકાસી શકે ખરા ?

શહેરના શ્રમજીવી વિસ્તારો, ચાલીઓ, પોલો, મધ્યમવર્ગીય વસાહતો અને અન્ય વિસ્તારોમાં રહેતા નાગરિકો એલપીજી સિલિન્ડર મેળવવાની લાઇનમાં અને પેટ્રોલ મેળવવાની લાઇનમાં ઊભા છે તેવા સંજોગોમાં માત્ર સાત દિવસનો સમય આપીને નામ ચકાસણીના નામે નાગરિકોને મતના અધિકારથી વંચિત રાખવાનું કાવતરું રચાયું હોય તેવી સ્થિતિ છે. તાકીદે મતદારયાદીનો ડ્રાફ્ટ રાજકીય પક્ષોને આપો અને મતદારોને નામ ચકાસણી માટે વધુ સમય આપો.

આ સિવાય, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઓનલાઈન ચકાસણી અંગે કોઈ માહિતી જાહેર કરી નથી તે પણ શંકાસ્પદ છે. આખી (અનુ. આઠમા પાને)

# નયારાનું ૩૫ દિવસનું શટડાઉન પેટ્રોલ-ડીઝલની “મોકાણ” સર્જશે ?

## વાડીનાર રિફાઈનરીના ૩૫ દિવસના શટડાઉનથી ભારતની કુલ રિફાઈનિંગ ક્ષમતામાં લગભગ ૮ ટકાનો ઘટાડો થઈ શકે

**અબતક, રાજકોટ**

નાયરા એનર્જી ભારતની મુખ્ય ખાનગી તેલ રિફાઈનિંગ કંપનીઓમાંની એક છે. વાડીનારમાં આવેલી રિફાઈનરીની ક્ષમતા ૪૦૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ (લગભગ ૨ કરોડ ટન પ્રતિ વર્ષ) છે. આ રિફાઈનરી ભારતની કુલ રિફાઈનિંગ ક્ષમતાનો લગભગ ૮% હિસ્સો ધરાવે છે અને દેશભરમાં ૬,૫૦૦થી વધુ પેટ્રોલ પંપો ચલાવે છે. કંપનીની મોટા ભાગની માલિકી રશિયન કંપની રોશનેફ્ટ પાસે છે.

રિફાઈનરીઓને સલામતી અને કાર્યક્ષમતા જાળવવા માટે દર ચાર વર્ષે લગભગ ૩૦થી ૫૦ દિવસનું મેઈન્ટેનન્સ શટડાઉન (બંધાણ) કરવું પડે છે. નાયરાની છેલ્લી મેઈન્ટેનન્સ નવેમ્બર ૨૦૨૨માં થઈ હતી, તેથી આ વખતે તે ફેબ્રુઆરી ૨૦૨૬માં નક્કી કરવામાં આવી હતી.

પરંતુ યુરોપિયન યુનિયન દ્વારા નાયરા પર લગાવેલા પ્રતિબંધોને કારણે યુરોપિયન કોન્ટ્રાક્ટર્સ અને સપ્લાયર્સ કામ કરવા તૈયાર નથી. આ પ્રતિબંધો રશિયા-યુક્રેન યુદ્ધ અને રોશનેફ્ટ સાથેના સંબંધને કારણે લાગુ પડ્યા છે. પરિણામે કંપનીએ મેઈન્ટેનન્સને એપ્રિલ ૨૦૨૬ સુધી મુલતવી રાખવાનો નિર્ણય કર્યો છે. જો કે, જ્યારે બંધાણ થશે ત્યારે તે લગભગ ૩૫ દિવસ ચાલી શકે છે.

ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું તેલ રિફાઈનર છે. દેશમાં કુલ લગભગ ૫.૬ મિલિયન બેરલ પ્રતિ દિવસની રિફાઈનિંગ ક્ષમતા છે. નાયરાની ૪૦૦,૦૦૦ બેરલ/દિવસની ક્ષમતા આમાંથી ૮% જેટલી છે.જો ૩૫ દિવસ માટે આ રિફાઈનરી સંપૂર્ણપણે બંધ રહે તો દરરોજ ૪૦૦,૦૦૦ બેરલનું ઉત્પાદન અટકી જશે.કુલ રિફાઈનિંગ આઉટપુટમાં લગભગ ૮%નો ઘટાડો થઈ શકે છે.

# મારૂતિ વધુ અઢી લાખ વાહનો સાણંદ પાસે બનાવશે

## વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ઉમેરવા માટે રૂ. ૧૦,૧૮૯ કરોડના રોકાણને મંજૂરી પ્રથમ તબક્કાનું કામ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા

**અબતક, રાજકોટ**

ભારતની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડએ ગુજરાતના સાણંદ નજીક ખોરાજ ઔદ્યોગિક વિસ્તારમાં વધારાની ૨.૫ લાખ વાહનોની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ઉમેરવા માટે રૂ. ૧૦,૧૮૯ કરોડના રોકાણને મંજૂરી આપી છે. આ પ્રથમ તબક્કાનું કામ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, જે બજારની સ્થિતિને આધારે આગળ વધશે.

આ રોકાણ મારૂતિ સુઝુકીના ગુજરાતમાં બીજા મોટા પ્લાન્ટના વિકાસનો ભાગ છે. કંપનીએ જાન્યુઆરી ૨૦૨૬માં સાણંદ (ખોરાજ)માં આશરે ૧૭૫૦ એકર (લગભગ ૭ મિલિયન ચો.મી.) જમીન ખરીદવા માટે રૂ. ૪,૯૬૦ કરોડની મંજૂરી આપી હતી. આ નવા પ્લાન્ટમાં કુલ ૧૦ લાખ વાહનોની વાર્ષિક ક્ષમતા વિકસાવવાની યોજના છે, જેમાં ચાર અલગ અલગ યુનિટ્સ બનાવવામાં આવશે, દરેકની ક્ષમતા અઢી લાખ વાહનોની. પ્રથમ તબક્કામાં જ ૨.૫ લાખ વાહનોની ક્ષમતા ઉમેરાશે.

મારૂતિ સુઝુકીનો હાલનો હંસલપુર પ્લાન્ટ (સાણંદમાં) વાર્ષિક ૭.૫ લાખ વાહનોનું ઉત્પાદન કરે છે. આમાં વધારાની ૨.૫ લાખ વાહનોની ક્ષમતા ઉમેરાતાં કુલ ૧૦ લાખ વાહનોનું ઉત્પાદન થઈ શકશે. આ વિસ્તાર ગુજરાતને દેશના મુખ્ય ઓટોમોબાઈલ હબ તરીકે મજબૂત બનાવશે અને મેક ઈન ઈન્ડિયા તેમજ મેડ ફોર ધ વર્લ્ડ વિઝનને વેગ આપશે.

કંપનીએ આ વિસ્તાર માટે આંતરિક ભંડોળનો ઉપયોગ કરવાનો છે. આમાં વાહન નિર્માણ લાઈન્સ તેમજ સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે, જેથી ભવિષ્યમાં વધુ વિસ્તાર સરળ બને. આ વિસ્તાર મુખ્યત્વે ઘરેલુ માર્કેટની વધતી માંગ તેમજ નિકાસની તકોને પહોંચી વળવા માટે કરવામાં આવ્યો છે.

# વંદે માતરમ @૧૫૦ વર્ષની બીજા તબકકાની ૩૧મી સુધી ઉજવણી

## દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત બનાવવા જનભાગીદારી થકી વ્યાપક અભિયાન

**અબતક, રાજકોટ**

દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરણા આપતું અમર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત 'વંદે માતરમ ૧૫૦ વર્ષ'ના બીજા તબક્કામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી ૩૧ માર્ચ,૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્ર ભાવનાને વધુને વધુ ઉજાગર કરવાનો છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, નગરપાલિકા, મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્તરે વંદે માતરમના સમૂહ ગીતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ, યુવાનો, સરકારી અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.

વધુમાં, દેશભક્તિનો સંદેશ વ્યાપક સ્તરે પહોંચે તે હેતુથી વિવિધ સ્થળોએ રેલી, પદયાત્રા અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમ- દેશભક્તિ (અનુ. આઠમા પાને)

# ઈંધણની અછતની અફવાઓ વચ્ચે સીએમની તમામ જિલ્લા કલેકટર સાથે વીસી

## પુરવઠો અવિરત જળવાય રહે અને લોકોને હાલાકી ન પડે તેવી વ્યવસ્થા કરવા તાકીદ

**અબતક, રાજકોટ**

રાજયભરમાં છેલ્લા ત્રણ દિવસથી ઈંધણની અછતની અફવાએ જોર પકડયું છે. રાજય સરકાર દ્વારા વારંવાર બાહેધરી આપવામાં આવતી હોવા છતાં પેટ્રોલ પમ્પ પર વાહન ચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગઈકાલે રાજયના તમામ જિલ્લા કલેકટરો સાથે વીડીયો કોન્ફરન્સ યોજી હતી. અવિરત પુરવઠો જળવાય રહે તેવી વ્યવસ્થા કરવાની સુચના આપવામાં આવી હતી.



મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજયના તમામ જિલ્લાના કલેક્ટર સાથે બેઠક યોજી હતી. રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી જથ્થાની વર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સમગ્ર રાજયમાં હાલએલપીજી, પીએનજી અને પેટ્રોલ-ડીઝલની સ્થિતિ સામાન્ય છે અને પુરવઠો પૂરતા પ્રમાણમાં છે. રાજયના અમુક સ્થળોએ (અનુ. આઠમા પાને)

# નેતાઓ અને અધિકારીઓ સાથે મળીને કામ કરે તો અદભુત પરિણામ મળેઃ મુખ્યમંત્રી

## આપણો મુખ્ય ઉદ્દેશ્ય એક જ હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય, જેટલી સરળતાથી લોકોનું કામ થશે, એટલો જ તંત્ર અને સરકારને વધુ સંતોષ મળશેઃ ભૂપેન્દ્ર પટેલ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને વધુ આધુનિક અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ 'સુગમ ડિજિટલ ગુજરાત' અનાવરણ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું હતું કે,આપણે ઘણા બધા કાર્યક્રમો કરતા હોઈએ છીએ, અને કાર્યક્રમ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકાર જે કાર્યો કરે છે તે લોકો સુધી પહોંચે છે. એટલું જ નહીં, પણ જે કાર્ય કર્યું છે એમાં કોઈ રહી ન જાય અને પ્રેસના માધ્યમથી તે માહિતી ઘરે-ઘરે પહોંચે તો, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોય છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૨માં 'સ્વાગત ઓનલાઈન' શરૂ કરીને ટેકનોલોજીના ઉપયોગને હંમેશા પ્રાથમિકતા આપી છે. એ જ પ્રાથમિકતાના આધારે આજે આપણે ખૂબ સારું પરિણામ મેળવી રહ્યા છીએ અને ૨૦ જેટલી નવી સેવાઓ 'લાઈન'માંથી 'ઓનલાઈન' કરવા જઈ રહ્યા છીએ.

તમામ લોકોને ઘરે બેઠા સુવિધા મળે તે માટે ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય, તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું હતું.

ગ્રામજનો સૌથી પહેલા કોઈના સંપર્કમાં આવતા હોય તો તે તલાટી અથવા વીસીઈ -વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ સેવાઓ ઓનલાઈન કેવી રીતે મળે છે, તેનો આપણે સૌ જેટલો પ્રચાર અને પ્રસાર કરીશું એટલો જ પ્રજાને અને તંત્રને ફાયદો થશે. તમે જે નોકરી કે સેવાનું કાર્ય કરો છો, તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ દિશામાં હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય. આપણા મનમાં એ જ લક્ષ્ય હોવું જોઈએ કે જેટલી સરળતાથી લોકોનું કામ થાય એટલો આપણને સંતોષ મળે.જ્યારે પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ સ્તરે સાથે મળીને એકજ દિશામાં કામ કરે છે, ત્યારે તેનું પરિણામ અદભૂત આવે છે. ગુજરાતમાં આપણે સૌએ જોયું છે કે, ગમે તેવી પરિસ્થિતિ હોય, જો આપણે સાથે મળીને કામ કર્યું છે તો તેના સચોટ પરિણામો મળ્યા છે.

વધુમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે,જ્યારે વડાપ્રધાનએ ડિજિટલ પેમેન્ટની વાત કરી હતી, ત્યારે ઘણા બધા લોકોને એવું લાગતું હતું કે, આ કેવી રીતે શક્ય બનશે? પરંતુ આજે આખા દેશમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ સામાન્ય અને નાના માણસો કરી રહ્યા છે. આમાં પ્રજાનો પણ મોટો સહકાર મળ્યો છે. જ્યારે સરકાર સમસ્યાઓના સમાધાન માટે આગળ વધતી હોય, ત્યારે પ્રજાનો સાથ હંમેશા મળતો રહ્યો છે. આજે ૨૦ સેવાઓ ઓનલાઈન કરી છે અને ભવિષ્યમાં પણ આ ક્ષેત્રે ધ્યાન આપી નાગરિકો માટે વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર તત્પર હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

તેમણે અનાવરણ થઈ રહેલ પહેલને કારણે ઊભી થનારી વ્યવસ્થામાં ડેટા ડિજિટલ હોવાને કારણે નાગરિકે દરેક નવી સેવા માટે ફરી-ફરીને એના એ જ પેપરો આપવા નહીં પડે તેની વિગત આપતા કહ્યું કે, આ માટે ડિજિટલ લોકરની પણ શરુઆત થઈ રહી છે. ટેકનોલોજીના આ ઉપયોગનો લાભ જન-જન સુધી પહોંચે તે માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે.

(અનુ. આઠમા પાને)

# યુસીસી લાગુ કરનારૂ ગુજરાત બનશે દેશનું બીજુ રાજય

## વિધાનસભામાં યુસીસી બિલ બહુમતીથી પ્રસારઃ કોંગ્રેસે વિરોધ કરી વોક આઉટ કર્યો

**અબતક, રાજકોટ**

ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ વિધેયક ગુજરાત વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડ બાદ ગુજરાત યુસીસી લાગુ કરનારૂ દેશનું બીજુ રાજય બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા રાજયની બહેનો, માતાઓ અને દિકરીઓને મોટી ભેટ આપવામાં આવી છે. બિલ અધુરૂ હોવાની વાત સાથે કોંગ્રેસે વોક આઉટ કર્યું હતુ.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ યુસીસી બીલ પ્રસાર કરવા બદલ રાજય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બિલ રજૂ કર્યા બાદ સતત સાડા સાત કલાક સુધી બિલ પર ચર્ચા થઈ હતી ત્યારબાદ વિધેયકને મતદાન પર મૂકવામાં આવ્યું હતુ. બહુમતીથી આ બિલ પાસ થયું છે.

ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬નું બિલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં ચર્ચા માટે રજૂ કર્યું ત્યારે શાસક પક્ષ ભાજપના તમામ સભ્યોએ જય જય શ્રી રામ, ભારત માતા કી જયના બુલંદ નારા લગાવ્યા હતા. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, સનાતન ધર્મ, સંસ્કૃતિ, ઋગ્વેદ અને વસુધૈવ કુટુમ્બકમની ભાવના, બંધારણ તેમજ વિવિધ કોર્ટના ચુકાદા, અવલોકનો તેમજ વિશ્વના દેશોના આવા કાયદાના અભ્યાસ, સમાજના વિવિધ વર્ગો સાથે લંબાણપૂર્વક ચર્ચા, સૂચનોનો અભ્યાસ કરી આ બિલ લવાયું છે. આ બિલ કોઈ કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ એક સમાનતા, ન્યાય અને એકતાના રાજ્ય સંકલ્પને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં વધુ મજબૂત કરવાનો મક્કમ નિર્ધાર છે. જોકે, આ બિલ લાવવાના સમય પર કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવી કહ્યું કે, ચૂંટણીઓ (અનુ. આઠમા પાને)

